# પરમ સાધર્મ્યે

યોગમૂર્તિ સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીનું
વિશદ્ જીવનચરિત્ર

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા-૩૯

આદ્ય સંસ્થાપક: પૂજ્યશ્રી નારાયણભાઈ ગી. ઠક્કર

**શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન**

અમદાવાદ-૧૩

# શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશનનું પ્રતીક

પ્રતીકમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણકમળમાં સામુદ્રિકશાસ્ત્રમાં વર્ણવેલાં ભગવત્સ્વરૂપનાં સોળ વિલક્ષણ ચિહ્નો છે:

***જમણા ચરણકમળમાં નવ ચિહ્નો:**

**સ્વસ્તિક** માંગલ્યમય ભગવત્સ્વરૂપને સૂચવે છે.

**અષ્ટકોણ** ઉત્તર-દક્ષિણ-પૂર્વ-પશ્ચિમ-અગ્નિ-ઈશાન-નૈઋત્ય-વાયવ્ય એવી આઠે દિશામાં ભગવત્-કરુણા વહી રહી છે તેનું પ્રતીક છે.

**ઊર્ધ્વરેખા** ભગવત્કૃપાથી થતું જીવોનું સતત ઊર્ધ્વીકરણ દર્શાવે છે.

**અંકુશ** સર્વને અંકુશમાં રાખવા સર્વકારણના કારણ રૂપ ઐશ્વર્યનું દ્યોતક છે ને અંતઃશત્રુને વશ રાખવાનું સૂચવે છે.

**ધ્વજ** અથવા કેતુ સત્યસ્વરૂપ ભગવાનની વિજય-પતાકા છે.

વજ્ર — ભગવત્સ્વરૂપનું વજ્ર જેવું શક્તિશાળી બળ જીવના દોષો નષ્ટ કરી કાળ-કર્મ-માયાના ભયથી મુક્ત કરે છે તેમ નિર્દેશે છે.

પદ્મ — જલકમલવત્ નિર્લેપ કરનાર ભગવત્સ્વરૂપની કરુણાસભર મૃદુતા સૂચવે છે.

જાંબુફળ — ભગવત્સ્વરૂપમાં જોડાયેલાને મળતા દિવ્ય સુખરૂપી રસનું સૂચક છે.

જવ — અગ્નિમાં જવ, તલ આદિ અનાજ હોમી અહિંસામય યજ્ઞ કરનારા અને ભગવત્સ્વરૂપમાં જોડાયેલાના ધનધાન્ય ને યોગક્ષેમનું ભગવાન પોતે વહન કરે છે તેમ સૂચવે છે.

***ડાબા ચરણકમળમાં સાત ચિહ્નો :**

મીન — સામા પ્રવાહે વહી ઉદ્ભવસ્થાને પહોંચતા મત્સ્યની પેઠે ઐશ્વર્ય-સુખના ઉદ્ભવસ્થાન ભગવત્સ્વરૂપને પામવાનું સૂચવે છે.

ત્રિકોણ — જીવને આધિ, વ્યાધિ, ઉપાધિમાંથી છોડાવી ઈશ્વર, માયા, બ્રહ્મની ત્રિપુટીથી પર પરબ્રહ્મ-સ્વરૂપને વિષે સ્થિતિ કરવાનું નિર્દેશક છે.

ધનુષ — અધર્મ થકી પોતાના આશ્રિતોના આરક્ષણનું પ્રતીક છે.

| | |
|---|---|
| **ગોપદ** | ભગવત્પ્રિય ગોવંશ અને ભગવત્પ્રિય સત્પુરુષોના પરોપકારી લક્ષણને સૂચવે છે. |
| **વ્યોમ** | ભગવત્સ્વરૂપનો આકાશવત્ નિર્લેપપણે સર્વત્ર વ્યાપ સૂચવે છે. |
| **અર્ધચંદ્ર** | ભગવત્સ્વરૂપના ધ્યાન વડે ચંદ્રકળાની જેમ વૃદ્ધિ પામી પૂર્ણતા પ્રાપ્ત થાય છે એમ દર્શાવે છે. |
| **કળશ** | ભગવત્સ્વરૂપની સર્વોપરીતા અને પરિપૂર્ણતાનું પ્રતીક છે. |

પ્રતીકમાં રહેલા ભગવત્સ્વરૂપનાં ચિહ્નોનાં રહસ્યને દૃષ્ટિ સમક્ષ રાખી, સર્વ જીવનું હિત થાય એવી નિઃસ્વાર્થ જ્ઞાન-ધ્યાન-સેવા પ્રવૃત્તિ સદૈવ કરતા-કરાવતા રહેવાના મિશનના પુરુષાર્થમાં ભગવત્કૃપા વહ્યા કરો એવી શ્રીહરિના ચરણકમળમાં પ્રાર્થના.

।। श्री स्वामिनारायणो विजयतेतराम् ।।

# પરમ
# સાધર્મ્ય

યોગમૂર્તિ સદ્‌ગુરુ
શ્રી ગોપાળાનંદ સ્વામીનું
વિશદ જીવનચરિત્ર

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા
૩૯

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન
અમદાવાદ - ૧૩

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન
સર્વજીવહિતાવહ ગ્રંથમાળા
* પ્રકાશન સમિતિ *
: પ્રેરક - માર્ગદર્શક :
* અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર *

© શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન, અમદાવાદ
(રજિ. નં. ઈ/૪૫૪૬/અમદાવાદ : ૧૯૮૧)

**પ્રથમ આવૃત્તિ**
પ્રત : ૨૦૦૦
૨૦૦૦, ૧૬, ફેબ્રુઆરી
સં. ૨૦૫૬ મહા સુદ એકાદશી

**સેવા મૂલ્ય : રૂ.૧૦/-**

**પ્રકાશક**
શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન
૮, સર્વમંગલ સોસાયટી,
નારણપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩

**મુદ્રક**
ભગવતી ઓફસેટ
બારડોલપુરા, અમદાવાદ



સર્વોપરી ઉપાસ્ય મૂર્તિ પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન

# અર્પણ

અનંતકોટિ મુક્તના સ્વામી અને સદા સાકાર દિવ્ય મૂર્તિ એવા પરમ કૃપાળુ **શ્રી સ્વામિનારાયણ ભગવાનના** ગૂઢ રહસ્ય જ્ઞાનને સમજાવનારા, એ મહાપ્રભુના સુખનિધિ સ્વરૂપનું સર્વોપરીપણું સર્વત્ર પ્રવર્તાવનારા અને અનાદિ મુક્તની સર્વોત્તમ સ્થિતિનો અનુભવ કરાવનારા —આ રીતે સમગ્ર સત્સંગ ને માનવકુળ પર મહદ્ ઉપકાર કરનારા


પરમ દયાળુ

**અનાદિ મુક્તરાજ પ. પૂ.**

**શ્રી અબજીબાપાશ્રીના**

ચરણકમળોમાં સાદર

સમર્પિત



રહસ્યજ્ઞાન પ્રદાતા અનાદિ મુક્તરાજ શ્રી અબજીબાપા

આદ્ય સંસ્થાપક



અનાદિ મુક્તરાજ
પૂજ્યશ્રી નારાયણભાઈ ગીગાભાઈ ઠક્કર

# સંપાદકીય વિશેષ

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન એવી ગ્રંથશ્રેણી પ્રકાશિત-સંપાદિત કરવા ઉત્સુક છે કે જે સમગ્ર માનવજાત માટે કલ્યાણકારી હોય અને જેના વાચનથી ભારતીય સંસ્કૃતિનો ઉચ્ચતમ હેતુ બર આવતો હોય.

વર્તમાન બુદ્ધિયુગમાં ઉચ્ચ શિક્ષણનો વિસ્તાર પ્રતિદિન વધતો જાય છે. ઉચ્ચ શિક્ષણનો મૂળભૂત હેતુ જીવનમાં ઉચ્ચતર મૂલ્યો પ્રસ્થાપિત કરવાનો છે અને જીવનનું ઊંચામાં ઊંચું મૂલ્ય પરમાત્માના પરમસુખનો અનુભવ કરવો તેમાં રહેલું છે. આ હેતુઓ તરફ દોરી જવામાં આ ગ્રંથશ્રેણી સહાયભૂત બને એવી અપેક્ષા છે.

શિક્ષણ, વિજ્ઞાન ને યંત્રવિદ્યાના સતત વધતા જતા વ્યાપને આપણે એવી રીતે ઢાળવો છે કે એ કેવળ ભૌતિક સુખની પ્રાપ્તિનાં સાધન બની ન રહેતાં, માનવીના આંતરિક વિકાસમાં ઉચ્ચતમ મદદગાર બની રહે; સાથોસાથ આપણે એવી સમજણ પ્રસારવી છે કે ઉત્ક્રાંતિનું અંતિમ લક્ષ્ય ઉત્તરોત્તર વિકસીને પરમાત્માના દિવ્ય સુખમાં મળી જવામાં છે.

દિવ્યાનંદની પ્રાપ્તિ માટે સતત વિકસતા જવાની પ્રાકૃતિક અંતઃપ્રેરણા માનવને ઈશ્વરે આપેલી અણમૂલ બક્ષિસ છે. તે એવું સૂચવે છે કે આપણે સૌ સાથે મળીને એવી

સામાજિક, આર્થિક ને રાજકીય પરિસ્થિતિનું નિર્માણ કરીએ કે જેથી જીવનના ઊર્ધ્વીકરણની પ્રક્રિયા નિર્બાધ રીતે પૂરતી મોકળાશથી ખીલી ઊઠે. આ કાર્યને વેગ મળે એવા પ્રેરણાદાયી સાહિત્યનું સર્જન કરવાનું આવશ્યક છે.

માનવજાતના આધ્યાત્મિક અને સામાજિક શ્રેય માટે શ્રી સ્વામિનારાયણ ભગવાને, જીવનને સતત ઊર્ધ્વ બનાવી, આત્યંતિક દિવ્ય સુખને પમાય એવો સર્વસમન્વયી જ્ઞાનમાર્ગ પ્રસ્થાપિત કરેલ છે; તેમની શ્રીમુખવાણી 'વચનામૃતમ્' તથા 'શિક્ષાપત્રી'માં એ તત્ત્વજ્ઞાનનું ઊંડાણ અનન્ય છે અને સવિસ્તર સરળ ભાષામાં પ્રસ્તુત થયેલ છે. તદ્ઉપરાંત પોતાના બ્રહ્મનિષ્ઠ સંતો ને ગૃહસ્થી મુક્તપુરુષો દ્વારા સર્વહિતાવહ સાહિત્ય પણ વિપુલ પ્રમાણમાં તૈયાર કરાવ્યું છે.

ઉપરોક્ત ગ્રંથોમાં સર્વગ્રાહ્ય ભારતીય સંસ્કૃતિ ને જીવન જીવવાની ખરી દિશા બતાવવામાં આવી છે. તેથી આ ગ્રંથશ્રેણીમાં સર્વજનો-પૂર્વના હોય કે પશ્ચિમના, સૌને દિવ્યતા તરફ દોરી જવામાં પથદર્શક નીવડે એવા એ આદર્શો તથા જ્ઞાનને અર્વાચીન જ્ઞાનના પ્રકાશમાં રજૂ કરવાનો ઉત્તમ પ્રયત્ન કરવામાં આવશે. અમને ખાતરી છે કે તેનાથી માનવજીવનમાં સંવાદિતા આવશે ને આધુનિક જીવનની વિષમતા ધીરે ધીરે ઓછી થતી જઈ દૂર થઈ જશે.

ભારત કે વિશ્વનું અન્ય સાહિત્ય કે જેમાં દર્શાવેલ

વિચારો અમારા ઉદ્દેશો સાથે સુસંગત હશે તો તે પણ આ ગ્રંથશ્રેણીમાં આવરી લેવામાં આવશે.

અમારી ઇચ્છા એવી છે કે આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકો ફક્ત ગુજરાતી ભાષામાં જ નહિ બલ્કે હિન્દી, અંગ્રેજી વગેરે ભાષાઓમાં પણ પ્રકાશિત કરવાં, જેથી અન્યભાષી વાચકોને પણ આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકોનો લાભ મળે.

મિશનની આ પ્રવૃત્તિને સફળતા બક્ષવામાં સૌનો સાથ-સહકાર ઇચ્છીએ છીએ અને મિશનના સર્વ કાર્યમાં સદૈવ પ્રભુકૃપા ભળે એ જ અભ્યર્થના.

દાસાનુદાસ

**નારાયણભાઈ ગી. ઠક્કર**

સ્થાપક પ્રમુખ

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

સ.૨૦૪૨, શ્રીહરિજયંતી

એપ્રિલ ૧૮, ૧૯૮૬

અમદાવાદ

# પૂર્વ કથન

## (લેખકનું નિવેદન)

સ્વામિનારાયણ સંપ્રદાયની આધ્યાત્મિક અસ્મિતા અનેરી છે, કારણ કે એકાંતિક કલ્યાણની ઉત્કૃષ્ટ અવસ્થામાં મુક્ત પરાત્પર પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણની દિવ્ય તેજામેય મૂર્તિનું સાધર્મ્ય પ્રાપ્ત કરી એ મૂર્તિ સાથે સંલગ્ન થઈ રસબસ ભાવ લીન રહે છે. આ સ્થિતિએ પહોંચેલા મુક્તને અનાદિમુક્ત એવું વરવું બિરુદ આપવામાં આવ્યું છે. અનાદિમુક્ત એ મુક્ત સ્થિતિની ચરમ અવસ્થા છે. તેથી જ સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી આવી સ્થિતિને વરેલા સંતનો મહિમા ગાતા લખે છે :

"જેના આપમાં હરિનો વ્યાપ, સંત તે સ્વયં હરિ!"

આવા સંત પુરુષોત્તમરૂપ હોવાથી એમનો મહિમા શ્રીહરિ કરતાં જરા પણ ઓછો નથી. સ્વામિનારાયણ સંપ્રદાયની તવારીખમાં આવા જ એક સર્વોપરી સંત થઈ ગયા..... સંત શિરોમણી યોગેશ્વર સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી!

શ્રીજીમહારાજે સ્વધામ પધારતી વખતે પોતાના હૃદયસમા આ સંતરત્નને બન્ને દેશના મધ્યસ્થી નીમી સમગ્ર સંપ્રદાયનું સુકાન સોંપ્યું હતું. શ્રીહરિ ધામમાં પધાર્યા પછીના દશકામાં સંપ્રદાયનો ફેલાવો તો બહોળો થયો, પરંતુ સત્સંગમાં

હજી શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસના તથા પ્રગટ ભાવની યથાર્થ સમજણ નહિવત્ હતી. મોટા મોટા નંદ સંતો પણ શ્રીજીમહારાજને શ્રીકૃષ્ણ ભગવાનનો અવતાર સમજતા હતા. આવા આધ્યાત્મિક કટોકટીના (Period of Sprirtual Crisis) વિકટ સમયમાં સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીએ સત્સંગમાં શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસના તથા યથાર્થ પ્રગટપણાની સમજણને સુદઢ કરી સંપ્રદાયના કલેવરને પુનર્જીવિત કર્યું હતું.

જેમના મહાન વ્યક્તિત્વ સામે આસમાનની અમાપ ઊંચાઈ અને સાગરની અગાધ ગહરાઈ પણ વામણી લાગે એવી આ વિરલ વિભૂતિનું જીવન-કથન આલેખવું એ તો સૂરજ સામે દિવો ધરવા બરાબર છે. આ તો એમના પ્રત્યેના અંતરના અહોભાવને અભિવ્યક્ત કરવાનો યત્કિંચિત્ પ્રયાસ છે. જો કે આ ગ્રંથના લેખન પાછળ એક ઈતિહાસ છે. જેનો અછડતો ઉલ્લેખ અત્રે અસ્થાને નહિ ગણાય.

ઈ.સ. ૧૯૭૭ની સાલનો આ પ્રસંગ છે. એ વખતે મારો એક મિત્ર સાબરકાંઠાના એક નાનકડા ગામ વાંકાનેરમાં ત્યાંના હેલ્થ સેન્ટરમાં રેસીડેન્ટ ડોક્ટર હતો. ઘણીવાર એ મને પત્ર લખી ત્યાં આવવા આમંત્રણ આપતો પણ હું જવાનું ટાળતો. એકવાર તેણે લખ્યું કે તું આવે તો આપણે સાથે ટોરડા જઈએ. 'ટોરડા' શબ્દ વાંચતા જ મને રોમાંચ થયો. છેક બાલ્યકાળથી જ સદ્‌ગુરુવર્ય ગોપાળાનંદ સ્વામીના જન્મસ્થાન

ટોરડા જવાની ઈચ્છા અંતરમાં ઘર કરી ગઈ હતી. આજે વર્ષો બાદ મોકો મળતાં મેં એ તક ઝડપી લીધી. અમદાવાદથી બસમાં હું વાંકાનેર પહોંચ્યો. ત્યાંથી બીજે દિવસે સવારે હું તથા મારો મિત્ર બસમાં ટોરડા જવા ઉપડ્યા. રસ્તામાં ટાંકાટૂકાં ગામ પાસે બસના ટાયરમાં પંક્ચર પડતાં ટાંકાટૂકાંથી ટોરડાનો બે માઈલનો પ્રવાસ અમારે પગપાળા કરવાનો થયો. રસ્તો નિર્જન જંગલમાંથી પસાર થતો હતો અને ટોરડાના માર્ગે અમારી સાથે બીજું કોઈ નહોતું. અમે જેવું ચાલવાનું શરૂ કર્યું ત્યાં તો પવનની લહેરખી સાથે મનને આલ્હાદથી ભરી દેતી દિવ્ય સુગંધ આવી. મેં મારા મિત્રને પૂછ્યું કે તને કોઈ વિશિષ્ટ સુગંધ આવે છે? તેણે હા પાડી. કેશર, કસ્તુરી, અંબર, બરાસ, ચંદન ઈત્યાદિ સુગંધિત દ્રવ્યોના સંમિશ્રણમાંથી આવે તેવી એ મનોરમ્ય ખૂશબુ હતી. અમે ચાલતા રહ્યા તેમ એ સુવાસ પણ અમારી સાથે ને સાથે મંદ મંથર સમીર સાથે આવતી રહી. વચ્ચે રસ્તામાં બૂઢેલી નદી આવી એ પાર કરી અમે ટોરડાની સીમમાં પ્રવેશ્યા ત્યાં સુધી એ અલૌકિક સૌરભે અમને દિલકશ સાથ આપ્યો. ગામમાં જઈ અમે સૌ પ્રથમ અમારા એ અનુભવ અંગે તપાસ કરી, પરંતુ ગામના લોકો તથા મંદિરના સંતો પણ આવા વિલક્ષણ અનુભવ અંગે કાંઈ ખુલાસો આપી ન શક્યા.

ટોરડાથી અમદાવાદ પાછો આવી હું સીધો નારણપુરા

પ. પૂ. ગુરુવર્ય અ. મુ. શ્રી નારાયણમામા પાસે ગયો. પૂજ્યશ્રીને ચરણે બેસી મેં એમને દિવ્ય સુગંધનું રહસ્ય પૂછ્યું. થોડીવારમાં ઊંડા ધ્યાનમાંથી બહાર આવી તેમણે કહ્યું : 'દિવ્ય મુક્તો પોતાની ઉપસ્થિતિ તેમ જ સાંનિધ્યની અનુભૂતિ આ રીતે અનેક પ્રકારે કરાવતા હોય છે. એ દિવ્ય ખુશબો દ્વારા તમે જેમનો સથવારો મેળવ્યો, નિર્જન જંગલના રસ્તે જેમનું સતત સાંનિધ્ય માણ્યું એ જ તો હતા યોગેશ્વર જેમના જન્મસ્થાન પ્રતિ તમે આટલી શ્રદ્ધા અને પ્રેમથી પ્રયાણ કરી રહ્યા હતાં!'

આ સાંભળી હૈયું હર્ષઘેલું થયું, નયન સજળ થયાં અને અંતર સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી પ્રત્યેના અહોભાવથી છલોછલ થયું. આ પ્રસંગે પૂજ્ય ગુરુવર્યે મને સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીના જીવન-કથન ઉપર તલસ્પર્શી સંશોધન કરી કંઈક નવીન સર્જન કરવાની પ્રેરણા આપી.

આજે 'પરમ સાધર્મ્યે'ની કૃતાર્થતા એ કારણે જ છે કે તેના લેખન અને સર્જન પાછળ શ્રીજીમહારાજની દિવ્ય મૂર્તિમાં રસબસ રહીને અખંડ એ રસરૂપ મૂર્તિનું સુખ ઝીલતાં અનાદિ કારણભૂત છે. ઋણ સ્વીકારની આ રમ્ય પળે પૂજ્યપાદ ગુરુવર્યના પુનિત ચરણોમાં કોટાનુકોટી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ સહ આ પુણ્યકાર્યનો અર્ઘ્ય અર્પતા હું ધન્યતા અનુભવું છું.

સમયના સાપેક્ષમાં મનુષ્ય જીવન અતિ અલ્પ છે. પરંતુ

અજર, અમર એવા અનાદિ મુક્તાત્માઓની દિવ્ય પ્રભા મનુષ્યરૂપે આ લોકમાં અવતરીને પાર્થિવ શરીરના અંત પછી પણ સદાય પ્રગટ જ રહે છે! એ દૃષ્ટિએ સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીનું જીવન અનંત છે. એ અનંત જીવનના વિરાટ મહાસાગરમાંથી માત્ર બે બુંદ ઝીલીને મેં 'પરમ સાધર્મ્ય' રૂપે સમસ્ત સત્સંગ સમાજ સમક્ષ મૂક્યા છે. આ બે બુંદ પણ જો એ વિરાટ મહાસાગરનો પ્રામાણિક પરિચય આપવામાં પર્યાપ્ત નીવડશે તો મારો આ પ્રયત્ન સાર્થક નીવડશે.

૧૨/એ, સુદામાપુરી સોસાયટી, - રમેશ બી. સોની
માંજલપુર, વડોદરા-૩૯૦૦૧૧
સં. ૨૦૫૬, મહા સુદ એકાદશી
ઈ. સ. ૨૦૦૦, ૧૬ ફેબ્રુઆરી

# નિવેદન

'વચનામૃતમ્' - સર્વોપરી પૂર્ણ પુરુષોત્તમ પરમાત્માની પરાવાણી અને એ પરાવાણીનું સંકલનકર્તા હતા પાંચ મહાસમર્થ સદ્‌ગુરુઓ - અ. મુ. સ. ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી, અ. મુ. સ. ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી, અ. મુ. સ. ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામી, અ. મુ. સ. ગુ. શ્રી નિત્યાનંદ સ્વામી, અ. મુ. સ. ગુ. શ્રી શુકાનંદ મુનિ. આ પાંચેય સદ્‌ગુરુઓએ વચનામૃતનું સંકલન તો કર્યું પણ વચનામૃતની સાદી સરળ ભાષામાં ગર્ભિત રહેલો શ્રીજીમહારાજનો હૃદગત અભિપ્રાય તો કેવળ સ. ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી જ જાણતા હતા. અન્ય સદ્‌ગુરુઓ સ. ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી પાસેથી જ વચનામૃત યથાર્થપણે સમજ્યા હતા. આ એક જ બાબત સદ્‌ગુરુવર્ય શ્રી ગોપાળાનંદ સ્વામીનો મહિમા, પ્રતાપ સમજવા માટે પૂરતી છે.

આવા મહાન સંતપુરુષનું જીવન-કવન જેવો પ્રેરણા-સ્ત્રોત બીજો ક્યો હોય! તેમનાં ચરિત્રાલેખનનું વાંચન-મનન વાચકને આધ્યાત્મિકતાના માર્ગે ઉર્ધ્વગતિ કરાવે છે. સુવર્ણસમ આ સાહિત્યમાં રસપ્રદ લેખનશૈલીની સુગંધ ભળે પછી શું બાકી રહે!

અંતમાં આ પુસ્તકને પ્રકાશિત કરવામાં તન-મન-ધનથી સહભાગી થનાર હર કોઈ પર ભગવાન શ્રી સ્વામિનારાયણ પરમકૃપાળુ બાપાશ્રી, સદ્‌ગુરુઓ તથા સમર્થ ગુરુવર્ય અ. મુ. શ્રી નારાયણભાઈની અનહદ કૃપાવર્ષા થાય એ જ અભ્યર્થના!

સં. ૨૦૫૬, મહા સુદ એકાદશી — પ્રકાશન સમિતિ

ઈ.સ. ૨૦૦૦, ૧૬ ફેબ્રુઆરી — શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન

# અર્ઘ્ય

यस्ताति प्रेमरज्जा व्यवधृतचरण: श्रीहरि धर्मपुत्रो ।
यत्किंचित्कार्यमात्रे क्वचिदपि न हि यात्येवयस्मात्पृथकत्वम् ।।
भूमिर्गन्धेन यद्वद् वृषपतनुजनुषा तेन संबन्धमाप्तम् ।
गोपालानन्द संज्ञं मुनिवरमनधं नौमि नित्यं शरण्यम् ।।

જેમના
પ્રેમ–પાશથી
સ્વયં ધર્મનંદન શ્રીહરિના
ચરણકમળ બધ્ધ છે અને જે
કોઈપણ કાર્યમાત્રમાં શ્રીહરિથી ક્યારેય
વિભક્ત નથી થતા યાને જે સર્વદા સર્વથા
શ્રીહરિ સાથે સંલગ્ન જ રહે છે તથા જે પૃથ્વી અને
ગંધની જેમ ધર્મપુત્ર શ્રીહરિ સાથે એકત્ત્વપણાના
નિત્ય સંબંધને વરેલા છે, તે સર્વથા નિર્દોષ
અને રક્ષણ કરવામાં કુશળ એવા મહામુનિ
શ્રી ગોપાળાનંદ સ્વામીને હું
નિત્ય નમસ્કાર
કરું છું.

## મહારાજ અને મુક્ત

સં. ૧૮૬૯ની સાલમાં સમગ્ર ગુજરાત તેમ જ સૌરાષ્ટ્રમાં કારમો દુષ્કાળ પડ્યો હતો. સ્વામિનારાયણ સંપ્રદાયની તવારીખમાં તેને 'અગણોતેરો કાળ' તરીકે વર્ણવવામાં આવ્યો છે. એ અરસામાં વરસાદ ન વરસતાં ટીપું પાણી માટે ટળવળતાં ઢોરઢાંખરને બટકું રોટલા માટે રઝળતાં બાળકો બહુ કરુણ દશ્ય સર્જતાં હતાં. દામ દેતાં પણ અન્નપાણીની જોગવાઈ થતી નહોતી.

આવા વિકટ કાળમાં શ્રીજીમહારાજની પ્રેરણા તથા આદેશથી સંતો ગામડે ગામડે ફરી તરસ્યાને જળ ને ભૂખ્યાને અન્ન મળે તે માટે અન્નપાણીની વ્યવસ્થા કરી સદાવ્રત ચલાવતા હતા. આ સમય દરમ્યાન એકવાર સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી ફરતા ફરતા સૌરાષ્ટ્રના એક ગામડામાં આવી ચડ્યા.

અંધારી મેઘલી રાતે ભરદરિયે તોફાનમાં આભને આંબવા મથતાં મોજાંઓને કારણે જ્યારે નાવ ડગમગવા લાગે ત્યારે અચાનક દરિયામાં દૂર સુદૂર દેખાતી દિવાદાંડીનો દિવો જોઈને તોફાનમાં સપડાયેલા મુસાફરોના અંતરમાં જેવી આશા પ્રગટે, જેવી જિજિવિષા જન્મે– એવી આશાને અંતરની પટારીમાં પૂરી ગ્રામવાસીઓ

સ્વામીશ્રી પાસે દોડી આવ્યા.

સ્વામીનાં ચરણોમાં આળોટી ગામધણીએ પ્રાર્થના કરી: "બાપજી, જીવતરનાં અમી આ ધરતી પરથી સાવ સૂકાઈ જાય એ પહેલાં કૃપા કરી ઇંદ્રને આદેશ આપો તો વરસાદ પડે... નહિતર ભક્તિના ઉત્તમ સાધનરૂપ આ મનખો હવે ઝાઝું ટકે એમ નથી." સંતહૃદય તો નવનીત સમાન હોય છે. ભક્તોનો આર્તનાદ સાંભળી સ્વામીનું અંતર પીગળી ગયું. તેમણે કરુણાસભર નેત્રે સૂના આકાશ ભણી મીટ માંડી ત્યાં તો આકાશની અટારીએ અચાનક વાદળીઓનાં તોરણ બંધાવા માંડ્યાં અને ઘડી બે ઘડીમાં તો મુશળધાર વરસાદ તૂટી પડ્યો.

સ્વામીશ્રીના કૃપા-પ્રસાદથી ધન્યભાગી બનેલા ભક્તો એમના ચરણારવિંદમાં લેટી પડ્યા. અહોભાવથી અભિભૂત થયેલા એ દીનદુઃખીઓના અંતરમાંથી અનાયાસે સ્વામીશ્રી માટે પ્રશસ્તિના બે શબ્દો સરી પડ્યા: "સ્વામી, આપે આવા કપરા કાળમાં મેઘ વરસાવી ભારે મહેર કરી.... આપનો પ્રતાપ અદ્‌ભુત છે, આપનો મહિમા અપરંપાર છે. આપ તો...." ભક્તોને આગળ બોલતા અટકાવી સ્વામીશ્રીએ નિખાલસતાપૂર્વક કહ્યું: "ભાઈઓ, આ મહેર બધી શ્રીજીમહારાજની જ છે, મેં કાંઈ નથી કર્યું. મેં તો ફક્ત તમારા બધાની પ્રાર્થના મહારાજ સુધી પહોંચાડી

છે! મારા દ્વારા જે કાંઈ થાય છે તે બધું શ્રીહરિ સ્વયં જ કરે છે. હું તો માત્ર એમનો એક દાસાનુદાસ ભક્ત છું!" સ્વામીશ્રીની વિનમ્રતા એ અબોધ ગ્રામ્યજનોના અંતરને સ્પર્શી ગઈ.

આ પ્રસંગનું સમર્થન કરીને સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી 'ભક્ત ચિંતામણિ'માં અંતે નોંધે છે:

"સત્સંગી કુસંગીએ જાણ્યું,<br>
થયો પર્ચો સહુએ પ્રમાણ્યું.<br>
લાગ્યા ગોપાળ સ્વામીને પાય,<br>
ધન્ય ધન્ય તમે મુનિરાય.<br>
બોલ્યા ગોપાળ સ્વામી તે પ્રત્યે,<br>
જે થયું તે શ્રીજીને સામર્થ્યે.<br>
બીજા થકી તે કાંઈ ન થાય,<br>
ઠાલો ભુલો ફોગટ ફુલાય."*

આમ સ્વામીશ્રીનું સમગ્ર વ્યક્તિત્વ મહારાજમય હતું. આત્યંતિક સ્થિતિમાં મહારાજ અને મુક્ત એ બે જ સનાતન ભેદ (Eternal Entities) રહે છે. મુક્ત સ્થિતિની ચરમ અવસ્થામાં આત્મા, પરમાત્મા સમાકાર ભાગવતી તનુ ધારણ કરી અર્થાત્ પરમાત્માનું સાધર્મ્ય પ્રાપ્ત કરી પરમાત્માના સાકાર સ્વરૂપમાં રસબસ ભાવે તદાકાર રહે છે. મુક્તની

* ભક્ત ચિંતામણિ (પ્ર. ૧૪૨)

આ સ્થિતિને 'અનાદિમુક્ત' કે 'કૈવલ્યમુક્ત' એવી સંજ્ઞા આપવામાં આવી છે.

અનાદિમુક્તની સ્થિતિ એ ભગવાન શ્રી સ્વામિનારાયણ અને તેમના સર્વોત્કૃષ્ટ કક્ષાના ભક્ત વચ્ચેના પ્રગાઢ તાદાત્મ્યની ચરમ અવસ્થા છે. આ સ્થિતિમાં ભગવાન અને ભક્ત વચ્ચે નિત્ય નવીન દિવ્ય આનંદના આદાનપ્રદાનની રસાત્મક અનુભૂતિ કાયમ રહે છે. વળી એ દિવ્યાનંદના આદાનપ્રદાનમાં ભગવાન સુખદાતા અને ભક્ત સુખભોક્તા રહેતા હોવાથી બન્ને વચ્ચે સ્વામી-સેવકભાવ યથાવત્ રહે છે.

પોતાના અનાદિમુક્તો દ્વારા પુરુષોત્તમનારાયણ પૂર્ણપણે પ્રકાશે છે, જ્યારે બીજે બધે પાત્રની તારતમ્યતા પ્રમાણે પ્રકાશે છે. તેથી આવા અનાદિમુક્તોનો પ્રતાપ પુરુષોત્તમનારાયણના પ્રતાપ જેવો જ હોય છે. કહ્યું છે ને કે જેટલું રાજાનું રાજ એટલું જ રાણીનું રાજ!*

## પશ્ચાદ્ ભૂમિકા

અઢારમી સદીમાં ગુજરાતના મહી કાંઠાના પ્રદેશમાં ઇડર મોટું રાજ્ય ગણાતું. તેના તાબામાં ઘણી નાની મોટી જાગીરો હતી. ઇડરથી પૂર્વમાં રાજસ્થાનની સરહદને અડીને ટોરડાની જાગીર હતી. હાલમાં ટોરડા સાબરકાંઠા

* વચનામૃત : ગ. મ. ૨૨

જિલ્લાના ભિલોડા તાલુકાનું એક નાનકડું ગામ છે. એ બુઢેલી નદીના કાંઠે વસેલું છે. એની ચારેબાજુ આવેલી અરવલ્લીના ડુંગરોની હારમાળા ને ગાઢ વનરાજી અંતરને અનોખી શાતા આપે એવાં નયનરમ્ય દૃશ્ય સર્જે છે. શામળાજી, ભવનાથ અને ટોરડા ત્રિકોણ આકારે ભિલોડા તાલુકામાં આવેલાં છે.

ટોરડાના મોતીરામ રાજેશ્વર ઠાકર માધ્યાનન્દિની શાખાના શુકલ યજુર્વેદી ઔદિચ્ય બ્રાહ્મણ હતા. ગણપતિ એમના કુળદેવ અને ભદ્રા કુળદેવી હતાં. મોતી ઠાકરને ત્રણ ભાઈઓ હતાઃ કામદેવ, દત્તરામ અને પૂર્ણારામ.* મોતીરામ અને દત્તરામ બંને ભાઈઓ ત્રિપદામાતા ગાયત્રીના પરમ ઉપાસક હતા. ગાયત્રી મંત્રનું અનુષ્ઠાન કરવાનો સંકલ્પ કરી બંને ભાઈઓ શામળાજી ગયા. ત્યાં નાગધરા ઉપર આવેલા વિશાળ શિવાલયમાં રહીને દત્તરામે અનુષ્ઠાન શરુ કર્યું. શિવાલય પાસે આવેલા રણછોડજીના મંદિરમાં મોતી ઠાકર દોઢ વરસ સુધી કેવળ કંદનો આહાર કરીને રહ્યા ને ગાયત્રી મંત્રનું પુરશ્ચરણ કર્યું. ત્યાર બાદ બંને તપસ્વી બંધુઓ ટોરડા પાછા ફર્યા.

ટોરડા પાછા આવી દત્તરામે પહાડા, ટોરડા અને બુઢેલી એ ત્રણ ગામની યજમાનવૃત્તિ સ્વીકારી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ

* યોગેશ્વર ગોપાળાનંદ સ્વામી (લે. ડૉ. ગોવિંદલાલ પટેલ)

કર્યો, જ્યારે મોતીરામ અત્યંત વૈરાગ્યવાન હોવાથી પરણ્યા હોવા છતાં પોતાનાં ધર્મપત્ની જીવીબા સાથે બ્રહ્મચર્ય વ્રતના કડક પાલન સાથે અચલેશ્વર મહાદેવની જગ્યામાં એક પર્ણકૂટિ બંધાવીને તેમાં રહ્યા. ત્યાં રહી તેમણે ગાયત્રીદેવીના ૨૪ લાખ ગાયત્રી મંત્રનું એક પુરશ્ચરણ કર્યું. પછી વિધિપૂર્વક દશાંશ હોમ કર્યો ને ત્યારબાદ એક વિષ્ણુયજ્ઞ કર્યો. આ તપશ્ચર્યામાં ૧૨ વર્ષ, ૫ માસ અને ૧૩ દિવસ વીતી ગયા. આ મહત્ કાર્યના અંતે એમના અંતરમાં સંન્યાસ લેવાની ઈચ્છા પ્રગટી. આગેવાન બ્રાહ્મણો પાસે તેમણે સંન્યાસ લેવાની આજ્ઞા માગી. બ્રાહ્મણોએ 'કાલે નિર્ણય કરીશું' એમ જણાવી વાતને મુલતવી રાખી. એ જ રાત્રે એક વિસ્મયકારક ઘટના બની.

રાત્રે સ્વપ્નમાં ગાયત્રીમાતાએ મુડેટીના યજ્ઞાચાર્ય, મોતી ઠાકર તથા તેમનાં ધર્મપત્ની જીવીબા એ ત્રણેયને દર્શન આપી આજ્ઞા કરી: "મોતી ઠાકરે સંન્યાસની દીક્ષા લેવી નહિ, હું તેમને ગૃહસ્થાશ્રમમાં પાછા ફરવાની આજ્ઞા કરું છું. કેમ કે એમને ત્યાં યોગેશ્વરનો પુનિત પ્રાદુર્ભાવ થવાનો છે."

ગાયત્રીમાતાની આજ્ઞા શિરોમાન્ય ધરી મોતી ઠાકરે સંન્યાસ લેવાનો વિચાર પડતો મૂક્યો ને ગૃહસ્થાશ્રમમાં પુનઃપ્રવેશ કર્યો.

## પ્રાદુર્ભાવ

સ્વામિનારાયણ સંપ્રદાયની તવારીખ પ્રમાણે સં. ૧૮૩૭ના મહા સુદી આઠમ ને સોમવારે મકરસંક્રાંતિના સૂર્યોદય સમયે જીવીબાની કૂખે યોગેશ્વરનો જન્મ થયો.* ટોરડાની તીર્થરૂપ ધરા પર અલૌકિક દિવ્ય આભાનો આવિષ્કાર થયો.

પુત્રજન્મથી મોતી ઠાકરના ખોરડામાં ખુશાલી વ્યાપી ગઈ. મોતી ઠાકર ખગોળ અને જ્યોતિષના ઊંડા અભ્યાસી હતા. મકર રાશિમાં જન્મ હોવાથી તેમણે પુત્રનું નામ 'ખુશાલ' પાડ્યું. જે સ્વયં આનંદિત છે અને જેના દર્શનમાત્રથી અન્ય પણ આનંદિત થાય છે તે ખુશાલ! ખુશાલનો બીજો અર્થ છે– કુશળ (Expert), જે સર્વ વિદ્યાઓમાં પારંગત છે તે ખુશાલ! કહ્યું છે ને કે યથા નામ તથા ગુણાઃ । ખુશાલે પોતાના નામના બન્ને અર્થોને સાર્થક કર્યા હતા.

## બાલ્યકાળ

જન્મના ત્રણ મહિનાથી જ ખુશાલ ક્યારેક બાળ-

* મોતી ઠાકરના લઘુબંધુ દત્તરામના પુત્ર ઈશ્વર ઠાકરના ચોપડાની નોંધ મુજબ યોગેશ્વર ખુશાલનો જન્મ સં. ૧૮૩૩ના શ્રાવણ સુદ પૂનમની મધ્ય રાત્રિએ થયો હતો. (ચોપડો નં.૧, પૃષ્ટ ૨૫૬)

સહજ ભાવે તો ક્યારેક અલૌકિક ભાવે એવા ચરિત્ર કરતા કે જોનાર અને સાંભળનાર બન્નેયને એ ચમત્કૃતિ જેવા લાગતા! હકીકતમાં દિવ્યાત્માઓ ક્યારેય લૌકિક ચમત્કારો સર્જતા નથી, પરંતુ તેઓ એવી દિવ્યતમ ઉચ્ચ ભૂમિકા પર વસતા હોય છે કે ક્યારેક એમની સ્વાભાવિક ચેષ્ટાઓ પણ સામાન્ય જીવોને અલૌકિક અને અગમ્ય પ્રભાનાં દર્શન કરાવે છે જેને ચમત્કાર માનવામાં આવે છે.

એકવાર ત્રણ મહિનાના બાળ ખુશાલને ઘોડિયામાં સુવડાવી જીવીબા પાણી ભરવા ગયાં હતાં, ઘરમાં બીજું કોઈ નહોતું. જીવીબા પાછાં આવ્યાં ત્યારે એમણે જોયું કે એક નાગ ફેણ ચડાવી ખુશાલના માથા ઉપર છત્રછાયા કરીને બેઠો હતો અને નિજાનંદમાં મસ્ત ખુશાલ જમણા પગનો અંગૂઠો ચુસતા હતા. જીવીબા આવ્યાં એટલે નાગ ધીમેથી ચાલ્યો ગયો.

ખુશાલ એક વર્ષના થયા ત્યારે એકવાર રાત્રે ચોર મોતી ઠાકરના ઘરમાં ખાતર પાડી અંદર ઘૂસ્યા, ત્યાં તો પ્રચંડ ધડાકા સાથે ખુશાલના મુખારવિંદમાંથી તેજ નીકળ્યું. ચોર તો ગભરાઈને એવા ભાગ્યા કે પાછા વળીને ક્યારેય ટોરડા ગામમાં પણ આવ્યા નહિ.

બાળ ખુશાલ ગૌર વર્ણના હતા. અણિયાળી નાસિકા, ઝીણી વેધક આંખો ને તેજસ્વી મુખાકૃતિ! શરીરનો બાંધો

એકવડિયો હતો, પરંતુ પહેલેથી ઊંચાઈ સારી હતી. મોતી ઠાકરને પ્રસંગોપાત આ તેજસ્વી પુત્ર અંગે ગાયત્રીદેવીએ જે અગમવાણી ઉચ્ચારેલી તેની એંધાણી મળ્યા કરતી, છતાં પણ માયાના આવરણને લીધે ફરી પુત્રભાવ આવી જતો.*

## શામળાજીના સખા

ખુશાલભાઈ હવે ત્રણ વર્ષના થયા. એક દિવસ જીવીબાને ઘરમાં કચરો વાળતાં સોનાનાં પગનાં ઝાંઝર ને કાનનાં કુંડળ મળ્યાં. વળી નવેણીમાંથી રૂપાની ગેડી (લાકડી) મળી. મોતી ઠાકરની પાડોશમાં ખાતરો સોની રહેતો હતો. બાએ સોનીને એ દાગીના બતાવ્યા. સોની કહે, "બા, આ ઘરેણાં તો શામળાજી ભગવાનના છે. એ અહીં ક્યાંથી આવ્યાં?" જીવીબાએ એ દાગીના અંગે ખુશાલને પૂછ્યું ત્યારે એ કહે, "બા, એ દાગીના તો મારા મિત્રના છે, એ કાલે અહીં ભૂલી ગયો લાગે છે." અને ખરેખર એમ જ બન્યું હતું! શામળાજીના મંદિરમાં ઠાકોરજીના પગમાં ઝાંઝર ને કાનમાં કુંડળ નહોતાં. મંદિરમાં બૂમાબૂમ થઈ ગઈ. પૂજારી ઉપર ચોરીનો આરોપ આવ્યો, ત્યાં તો મંદિરના ગર્ભગૃહમાંથી ગેબી અવાજ આવ્યો: "ટોરડાના મોતી ઠાકરના પુત્ર ખુશાલ મારા

* મોતી ઠાકરને ત્યાં ખુશાલના જન્મ બાદ ત્રણ વર્ષ પછી ડોલી અને એ પછી બે વર્ષ બાદ ઉગરી (કંકુ) નામની બે તેજસ્વી પુત્રીઓ અવતરી હતી.

પરમ મિત્ર છે, તેને ત્યાં હું દરરોજ રમવા જાઉં છું. કાલે પૂજારીએ મંગળા આરતી સમયે શંખ અને ઘંટ વગાડીને તરત કમાડ ખોલ્યાં એટલે મારે ટોરડાથી તત્કાળ પાછા આવવું પડ્યું. ઉતાવળમાં મારાં ઘરેણાં હું ખુશાલને ત્યાં ભૂલી આવ્યો છું. એ સિવાય મારી ઉપરણી તથા શાલ ભાગલી નાળમાં ઝાડની ડાળે ભરાઈ ગયાં છે. નાળની વાટે મેશ્વોના નાગધરામાં મારી એક ચાખડી પણ પડી ગઈ છે. એ બધું ત્યાં જઈને લઈ આવો." મંદિરના પૂજારી અને બારોટ તાબડતોબ ટોરડા આવ્યા ને બધી વસ્તુઓ લઈને શામળાજી પાછા ફર્યા. આ પ્રસંગ તે સમયના શામળાજીના પૂજારીના ચોપડામાં નોંધાયેલો છે. ભગવાન શામળાજી જેની સાથે રમણ કરવા માટે સામે ચાલીને ટોરડા જતા હતા એ ખુશાલની વૈયક્તિક પ્રતિભા કેવી હશે એનો સહેજે ખ્યાલ આ પ્રસંગ ઉપરથી આવી શકે છે.

## યજ્ઞોપવિત સંસ્કાર

શાસ્ત્રના વિધાન મુજબ પાંચમા વર્ષે મુડેટીના ભોલાનાથ શુકલના હસ્તે ખુશાલનો યજ્ઞોપવિત સંસ્કાર કરવામાં આવ્યો. જનોઈ ધારણ કરતી વખતે શુકલે સંકલ્પ કરાવ્યોઃ 'मंत्रानुष्ठान सिध्यर्थे यज्ञोपवितं धारयामि ।' ત્યારે ખુશાલભાઈ બોલ્યાઃ 'घनश्यामप्रभुप्रित्यर्थे यज्ञोपवितम्

ધારયામિ ।' એક પાંચ વર્ષનું બાળક વિદ્વાન શાસ્ત્રીના સૂચનમાં હિંમતભેર સ્વેચ્છાએ યથાયોગ્ય ફેરફાર કરી પ્રભુ પ્રિત્યર્થે યજ્ઞોપવિત ધારણ કરવાનો સંકલ્પ લે એ જોઈને શુકલનો અહંકાર ઘવાયો. એમણે ખુશાલે કરેલા સંકલ્પની ટીકા કરી. ખુશાલને થયું: "શુકલજીની ગેરસમજ દૂર કરવી જરૂરી છે." એટલે ખુશાલે શુકલ સામે મેષોન્મેષ જોયું ત્યાં તો શુકલબાપા મૂર્છિત થઈને ઢળી પડ્યા. યજ્ઞમંડપમાં હો હા થઈ ગઈ. થોડી વારે શુકલબાપા જાગ્યા. ઊઠીને એમણે પહેલાં ખુશાલની ક્ષમા યાચતા પ્રાર્થના કરી: "ભાઈ, મને ક્ષમા કરજે. હું તને ઓળખી ન શક્યો ને અજ્ઞાનવશ તારી ટીકા કરી બેઠો. મેં જીવનભર વૈદિક કર્મ કરાવ્યું પણ તારા ઘડીભરના સહવાસથી જે અનુભૂતિ થઈ એવી ક્યારેય નથી થઈ!" એ વખતે મોતીરામ અને દત્તરામ પણ ત્યાં જ ઊભા હતા. મોતી ઠાકરે પૂછ્યું: "શુકલજી, શું થયું?" શુકલ મોતી ઠાકરને ખભે હાથ મૂકી બોલ્યા: "મોતી ઠાકર, આવા દૈવી પુત્રને જન્મ આપવાનું સદ્‌ભાગ્ય તમને મળ્યું માટે તમે ધન્ય છો! હમણાં ખુશાલના પ્રતાપે મને સમાધિ થઈ હતી. એમાં મને કૈલાસમાં સદાશિવ ભોળાનાથનાં દર્શન થયાં. ભોળાનાથે મને ઠપકો આપતાં કહ્યું:

ખુશાલ તો મહામુક્ત છે, એમને તું શું ઉપદેશ કરે છે? આ બીલીપત્ર લઈ જઈ એમના મસ્તકે ચડાવી દેજે એટલે

ઉપવિત સંસ્કાર પૂર્ણ થશે." આમ કહી શુકલજીએ એ પ્રસાદીભૂત બીલીપત્ર ખુશાલના મસ્તકે ચડાવ્યું ને પછી બે હાથ જોડી પ્રાર્થનાપૂર્વક નમસ્કાર કરીને બોલ્યાઃ "હે પ્રણવ પ્રભુ, મારું કલ્યાણ કરજો." બાળ ખુશાલ અત્યંત નમ્રતાપૂર્વક શુકલજીના બે હાથ પકડી લઈ આંખે સ્પર્શ કરતાં બોલ્યાઃ "શુકલબાપા, તમે તો મારા ઉપવિત સંસ્કારના ગુરુ છો, તમારે મને આવું કહેવું ન ઘટે! હું પ્રણવ પ્રભુ નથી, પ્રણવ પ્રભુ તો અયોધ્યા પાસે છપૈયામાં પ્રગટ થઈ ચૂક્યા છે. હું તો એમનો સેવકમાત્ર છું." યજ્ઞમંડપમાં બધા આ સાંભળતા હતા, પરંતુ કોઈને આ વાત યથાર્થ સમજાઈ નહિ, પરંતુ બધાંએ ટૂંકમાં એમ જરૂર જાણ્યું કે આ છોકરો ખુશાલ જરૂર કોઈ ઊંચો આત્મા છે!

## વિદ્યાભ્યાસ

યજ્ઞોપવિત સંસ્કાર પત્યા પછી શુકલ ભોળાનાથે મોતી ઠાકરને વિનંતી કરીઃ "ખુશાલને મારી સાથે મુડેટી મોકલો, હું તેને સર્વ વિદ્યામાં પારંગત કરીશ." મોતી ઠાકરે અનુમતી આપી એટલે ખુશાલ શુકલજી સાથે મુડેટી આવ્યા. ૧૨ વર્ષ ગુરુગૃહે રહીને ખુશાલે વ્યાકરણ, ન્યાયશાસ્ત્ર, મીમાંસા, વેદાંત તથા તર્કશાસ્ત્રનો અભ્યાસ કર્યો. મુડેટીથી ખુશાલ મહા સુદ વસંત પંચમીની બપોરે ટોરડા પાછા

આવ્યા, એ વખતે તેઓ ૧૭ વર્ષના હતા.

એ જમાનામાં સંસ્કૃતનો શાસ્ત્રાભ્યાસ કર્યા પછી એની પરીક્ષા આપવા માટે કાશી જવું પડતું. મુડેટીથી પાછા આવ્યા બાદ, ફક્ત દોઢ મહિનો જ ટોરડામાં રોકાઈ ખુશાલ પિતાશ્રીની આજ્ઞા લઈ ફાગણ વદ ૭ના દિવસે કાશી જવા નીકળ્યા. ત્યારે પ્રવાસ માટે રેલવે કે બસની સગવડ નહોતી, સામાન્ય માણસે તો જ્યાં જવું હોય ત્યાં પગપાળા જ જવું પડતું. ટોરડાથી પગપાળા કાશી જતાં ઓછામાં ઓછા અઢી મહિના થતા. પરંતુ આશ્ચર્યની વાત તો એ બની કે ખુશાલ ફક્ત ચાર જ દિવસમાં કાશી પહોંચી ગયા. કાશી પહોંચી તેમણે ફાગણ વદ ૧૧ના દિવસે ટોરડા પિતાશ્રીને પહોંચ્યાનો જે પત્ર લખ્યો તે પત્ર છેક વૈશાખ વદ ૧૪ને દિવસે ટોરડા મોતી ઠાકરને મળ્યો. આમ પત્રને કાશીથી ખેપિયા દ્વારા ટોરડા પહોંચતાં બે મહિના ને ત્રણ દિવસ થયા. ખુશાલ કાશીમાં મણિકર્ણિકા ઘાટ ઉપર ૨૦ મહિના જેટલો સમય રોકાયા. કાશીમાં વેદ-વેદાંતની પરીક્ષા ઉત્તિર્ણ કરી ખુશાલ 'વેદવેદાંત પારંગત' અને 'વ્યાકરણ -કેશરી'ની પદવીથી વિભૂષિત થયા. કાશીથી તેઓ તીર્થાટન કરવા માટે જગન્નાથપુરી, પન્ના નરસિંહજી, સાક્ષી ગોપાળ, પક્ષી તીર્થ, શિવ કાંચી, વિષ્ણુ કાંચી, હરદ્વાર તથા બદ્રિનારાયણ ગયા. ત્યાંથી ઘર ભણી પ્રયાણ કર્યું. માગસર

સુદ ૨ ને દિવસે તેઓ સાત વર્ષે ટોરડા પાછા ફર્યા.

## ખુશાલ ભટ્ટ

ગામડા ગામનો દીકરો કાશી જઈ વેદવેદાંત પારંગત બન્યો એટલે ગામલોકોને મન તો ખુશાલ એટલે શી વાત એવું થઈ ગયું. બધા હવે તેમને ખુશાલ ભટ્ટ તરીકે ઓળખવા લાગ્યા. મોતી ઠાકર એ વખતે વ્યવસાયે શિક્ષક હતા. ટોરડામાં તેઓ ૬૦ વિદ્યાર્થીઓની એક વિદ્યાશાળા ચલાવતા હતા. પુત્ર વિદ્વાન બનીને ઘેર આવી ગયો એટલે વૃદ્ધ પિતાએ નિવૃત્તિ સ્વીકારી શાળાની સઘળી જવાબદારી ખુશાલ ભટ્ટને સોંપી દીધી.

ખુશાલ ભટ્ટે ૨૪ વર્ષની યુવાન વયે શિક્ષક તરીકેની પોતાની કારકિર્દીનો પ્રારંભ કર્યો. પરંતુ આ પ્રતાપી યુવાન ગામઠી શાળાનો કોઈ સામાન્ય શિક્ષક થોડો હતો? એ તો હતો અગમ્ય વિદ્યાનો પ્રકાંડ પ્રાધ્યાપક અને યોગશાસ્ત્રનો નિપૂણ માર્ગદર્શક! કુમળાં કુસુમ સમાં નિર્દોષ બાળકોને ખુશાલ ભટ્ટ કક્કો બારાખડી શીખવતાં પહેલાં ધ્યાન, ધારણા ને સમાધિ જેવા યોગના અંગભૂત પાઠો આત્મસાત્ કરાવતા. એમની વિદ્યાલયનો વર્ગ નારાયણના નામસ્મરણરૂપ હરિભજનથી જ આરંભાતો ને વ્યાકરણ, નામાં, લેખાં તથા હિસાબી જ્ઞાન જેવા

વ્યવહારિક જ્ઞાન-પાઠ પછી અંતે ધ્યાન સમાધિના જીવંત અભ્યાસ સાથે એની સમાપ્તિ થતી.

એકવાર ખુશાલ ભટ્ટે ગૌરીશંકર વિષ્ણુદત્ત રાવળ નામના પોતાના એક બ્રાહ્મણ વિદ્યાર્થીને સમાધિ કરાવી ક્ષીરસાગરમાં શેષશાયી ભગવાન વિષ્ણુનાં દર્શન કરાવ્યાં હતાં. આવા દિવ્ય અનુભવો તો એ મહત્‌ભાગી અન્ય વિદ્યાર્થીઓને પણ અવારનવાર થતા હતા.

એકવાર ટોરડાના એક બ્રાહ્મણના ઘરમાં અચાનક આગ લાગી. ઘરનાં બધાં દોડતાં બહાર નીકળી ગયાં, પરંતુ કમનસીબે બ્રાહ્મણનો એક પંદર વર્ષનો છોકરો આગમાં સપડાઈ ગયો. એ છોકરો ખુશાલ ભટ્ટનો વિદ્યાર્થી હતો. ભટ્ટજી તો એ વખતે શાળામાં વિદ્યાર્થીઓને ભણાવવામાં તલ્લીન હતા. આ બાજુ બળબળતા ઘરમાંથી બહાર નીકળવા પેલો છોકરો કારમી ચીસો પાડતો હતો, પરંતુ તેને આગમાંથી બચાવી બહાર લાવવા માટે પોતાના જાનનું જોખમ ખેડવા કોઈ તૈયાર નહોતું. અચાનક એની ચીસો સંભળાતી બંધ થઈ ગઈ. સૌએ જાણ્યું કે છોકરો આગમાં બળી મૂઓ લાગે છે. ત્યાં તો સૌના આશ્ચર્ય વચ્ચે છોકરો દૂરથી દોડતો દોડતો એના માબાપ પાસે આવીને બોલ્યોઃ "અમારા ગુરુજી ખુશાલભાઈએ નિશાળમાં બેઠા બેઠા પોતાનો હાથ લંબાવી મને બળતા ઘરમાંથી ઊંચકી લઈ શાળામાં મૂકી દીધો હતો,

તેથી હું જરાય દાઝ્યો નથી.*

આ પ્રસંગ ઉપરથી એક વાત સહેજે સમજાય છે કે યોગયુક્ત અંતઃકરણ તથા સર્વત્ર સમદષ્ટિવાળી વિરલ વિભૂતિ બધાં પ્રાણીઓમાં પોતાને તથા પોતામાં સર્વે પ્રાણીમાત્રને રહેલા જુએ છે- અનુભવે છે. આ તથ્યને સમ્યક્પણે સમજાવતા ઉદાહરણો હિન્દુ ધર્મના અનેક શાસ્ત્રો અને પૂરાણોમાં મોજુદ છે.

## અલૌકિક ઐશ્વર્ય

ઇડર પાસેના બડોલી ગામનો એક બ્રાહ્મણનો અનાથ છોકરો જન્મથી મૂંગો અને લંગડો હતો. ગામના બે ચાર સદ્‌ગૃહસ્થોને મૂઢ અને જડ જેવા એ છોકરાની દયા આવવાથી એને ગાડામાં નાખીને ટોરડા ખુશાલ ભટ્ટ પાસે લઈ આવ્યા. ભટ્ટજીએ છોકરા તરફ કૃપા-કટાક્ષ ફેંકી એને હાથ પકડી ઊભો કર્યો ને તુલસી-ક્યારાની પ્રદક્ષિણા કરાવી. એટલામાં તો છોકરો એની મેળે ચાલતો થઈ ગયો. પછી ખુશાલ ભટ્ટે એની પાસે યજુર્વેદનો મંત્ર બોલાવ્યો. છોકરો ફટાફટ સંસ્કૃતમાં વેદની ઋચાઓ બોલવા લાગ્યો. યોગેશ્વર ખુશાલ ભટ્ટના આશીર્વાદથી એ અપંગ છોકરો સર્વાંગ સ્વસ્થ

* શ્રી સ્વામિનારાયણ ચરિત્રચિંતામણિ (પૃ.૨૨૦)
લે. શ્રી મૂળજીભાઈ વૈદ્યરાજ

અને પ્રકાંડ પંડિત બન્યો ને આગળ જતાં ગૌરીશંકર ધનપાઠી નામે ખ્યાતનામ થયો.

સં. ૧૮૭૮માં શ્રીજીમહારાજે અમદાવાદમાં શ્રી નરનારાયણ દેવની પ્રતિષ્ઠા કરી ત્યારે યજ્ઞમંડપમાં વરૂણીમાં ગૌરીશંકરભાઈ બેઠા હતા, તેમને જોઈને શ્રીજીમહારાજે ટકોર કરેલીઃ "મોટા પુરુષ તો જડને ય ચેતન અને પશુને પણ દેવ કરે એનું જીવંત દૃષ્ટાંત છે આ ગૌરીશંકર પંડિત!"

मूकं करोति वाचालम्

એ સંસ્કૃત સુભાષિતના ગૂઢાર્થને ખુશાલ ભટ્ટે આવા તો કેટલાંય દૃષ્ટાંતો દ્વારા સાર્થક કરી બતાવ્યો હતો.

ખુશાલ ભટ્ટનું મોસાળ સુવેર ગામ હતું. એ સમયે ઇડરથી સાપવાડા થઈને સુવેર જવાતું. સાપવાડા ગામ હિંમતનગરથી ઇડર જતાં રસ્તામાં આવે છે. સાપવાડાને નાગભૂમિ પણ કહે છે. એ ગામના પાદરે વાવ પાસે એક પુરાતન શિવાલય છે. એની પાસે એક પીપળાનું વૃક્ષ હતું. એમાં એક મોટો સર્પ રહેતો હતો. એકવાર ખુશાલ ભટ્ટ સુવેર જતા હતા ત્યારે તેમણે સાપવાડાના એ પુરાતન શિવાલયમાં રાતવાસો કરેલો. સવારે વાવમાં સ્નાન-સંધ્યા પતાવી નિત્યકર્મ કરતા હતા એ વખતે એ સાપ ભટ્ટની સામે આવી ફેણ ચડાવી બેસી ગયો. ખુશાલે જળની અંજલિ ભરી સાપ પર છાંટી એટલે એને પૂર્વજન્મની સ્મૃતિ થઈ. એ સાપ

પૂર્વજન્મમાં બ્રાહ્મણ હતો, પરંતુ એનાં કુકર્મોને કારણે એની આવી અવદશા થઈ હતી. ખુશાલ ભટ્ટે એને વર્તમાન ધરાવી સર્પયોનિમાંથી મુક્ત કરાવ્યો.*

ટોરડાના જાગીરદાર તરફથી મોતી ઠાકરને એક મહુડો ઉપભોગાર્થે મળ્યો હતો. એનાં મહુડાં કડવાં ઝેર જેવાં હતાં. એકવાર જીવીબાએ ખુશાલને કહ્યું: "ભાઈ, તમારા વિદ્યાર્થીઓને લઈને શેઢાવાળી મહુડીએ જાઓ અને જેટલાં વિણાય એટલાં મહુડાં વિણજો, ત્યાં લગી હું આવું છું." ખુશાલભાઈ તો બે મોટા ટોપલા લઈ વિદ્યાર્થીઓ સાથે મહુડે પહોંચ્યા. ત્યાં જઈ મહુડી ઉપર ચડી ખુશાલ ભટ્ટ તો મસ્તીથી ડોલરિયા રાગમાં કીર્તનો ગાવા માંડ્યા. વિદ્યાર્થીઓ મહુડાં વીણતા હતા. એ બધા ગુરુજીનું ગાયન સાંભળવા માટે ત્યાં દોડી આવ્યા. એ જોઈને ખુશાલ ભટ્ટ કહે: "અલ્યા છોકરાઓ, તમે અહીં મહુડાં ચૂસવા આવ્યા છો?" ખુશાલભાઈનો મિત્ર હરિદત્ત પણ સાથે આવ્યો હતો, એ બોલ્યો: "છોકરાં બિચારાં શું કપાળ મહુડાં ચૂસે? આ મહુડી તો કડવી ભહ છે!" આ સાંભળી ખુશાલભાઈ હસતા હસતા કહે: "હરિયા, તુ ચાખી તો જો.... આ મહુડી કડવી નથી...' હરિદત્તે એક મહુડું ચાખ્યું તો મીઠું મધ જેવું લાગ્યું. તેણે

---

* શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનો સચિત્ર ઈતિહાસ (પૃ. ૨૬૭) લે. સ્વામી સ્વયંપ્રકાશદાસજી

બૂમ પાડી કહ્યું: "અલ્યા ખુશાલ, આ મહુડાં આગળ તો શેરડીનો પણ કાંઈ હિસાબ નથી." આ સાંભળી બધા છોકરાઓ પણ મહુડાં ચૂસવા માંડ્યા.

એટલામાં જીવીબા આવી ગયાં. એમણે છોકરાઓને મહુડાં ચૂસતા જોયા એટલે નવાઈ પામી હરિદત્તને પૂછ્યું: "હરિયા, આ મહુડી તો કડવી ઝેર જેવી છે, આ છોકરાં બિચારા...." હરિદત્ત ગેલમાં આવી બોલ્યો: "બા, આ મહુડી કડવી હતી, પણ હવે નથી. તમે ચાખો તો ખરાં એનાં મહુડાં...." જીવીબાએ મહુડાં ચાખ્યાં તો એમના આશ્ચર્યનો પાર ન રહ્યો. આ શું? આટલાં મીઠાં!! જીવીબા કહે, "હરિયા, ખુશાલ ક્યાં છે?" હરિયો કહે, "બા, એ તો મહુડી ઉપર ચડીને ડોલરિયો ગાતો હતો. લો આ...આવે." ત્યાં તો ખુશાલભાઈ આવી ગયા. જીવીબા કહે: "ભાઈ, તમે આટલા મોટા થયા તો ય હજી છોકરમત જતી નથી? આ હરિયો કહે છે તમે મહુડી ઉપર ચડી ડોલરિયો ગાતા હતા.... તે અહીં તમને મેં ડોલરિયો ગાવા મોકલ્યા હતા કે મહુડાં વીણવા?" ખુશાલભાઈ કહે, "બા, આ હરિયો કે દિ'નો સાચો છે? જુઓ..... મહુડાં વીણીને બે ટોપલા ભરીને અહીં રાખ્યા છે..." જીવીબાએ જોયું કે મહુડી નીચે બે ટોપલા મીઠા મધ જેવા મહુડાંથી ભરેલા પડ્યા હતા. પોતાના અપૂર્વ ઐશ્વર્ય પ્રતાપથી ખુશાલ ભટ્ટે

કડવી મહુડીને મીઠી બનાવી અને ખાલી ટોપલા વગર વીણ્યે મહુડાંથી ભરી દીધા!

## પાખંડ વિચ્છેદ

એકવાર ટોરડામાં ગોપાલદાસ નામનો એક રામાનુજી સાધુ આવ્યો. ગામમાં દરેક જણને ત્યાં જમવાના તેને નોતરાં મળ્યાં. એ સાધુ જેના ઘેર જમવા જતો ત્યાં પોતાની સાથે ઠાકોરજીનું સિંહાસન પણ લઈ જતો ને જમ્યા પછી એ સિંહાસન ત્યાં જ મૂકીને પોતાના ઉતારે પાછો ફરતો. રાત્રે સિંહાસન અગમ્ય રીતે સાધુની પાસે પાછું આવી જતું. લોકોને આમાં કૌતુક લાગતું.

મોતી ઠાકર તરફથી નિમંત્રણ મળતાં સાધુ તેમને ત્યાં જમવા ગયો. સાંજે પોતાનું સિંહાસન ત્યાં જ છોડીને એ ઉતારે પાછો ગયો. રાત્રે સાધુએ પોતાના સાધેલા ભૂતને સિંહાસન પાછું લેવા મોકલ્યું પણ ભૂત મોતી ઠાકરના ઘર સુધી પણ જઈ ન શક્યું. એ અડધે રસ્તેથી જ પાછું ફર્યું. સાધુ નિરાશ થઈને એ જ રાત્રે ગામ છોડી ભાગી ગયો. મલિન શક્તિનો પ્રયોગ કરીને લોકોને પ્રભાવિત કરતા પાખંડી ધૂર્તો પ્રત્યે ખુશાલ ભટ્ટ હંમેશાં બહુ કડક વલણ દાખવતા ને એમનો આડંબર ઉઘાડો પાડી લોકોને અંધશ્રદ્ધાથી ચમત્કારો પાછળ ન દોડવાની સલાહ આપતા.

## ગરીબોના બેલી

એ વખતે ટોરડાના જાગીરદાર તરીકે પહાડસિંહજી હતા. તેઓ ઇડરના મહારાજા ગંભીરસિંહના સામંત હતા. એ જમાનામાં બ્રાહ્મણો મોટેભાગે કર્મકાંડ કરતા યા તો ભિક્ષા માગી ગુજારો કરતા. જે બ્રાહ્મણો લોટ ઉઘરાવતા તેના ઉપર મહારાજાએ વટલોઈ વેરો નાંખ્યો. તેથી ઇડર રાજ્યનાં ૪૪૪ ગામોના હજારો બ્રાહ્મણોએ ભેગા મળી રાજાને વેરો નાબૂદ કરવા ઘણી આજીજી કરી, પણ રાજા ન માન્યા. એ અરસામાં આખાય ઇડર પંથકમાં ખુશાલ ભટ્ટ એક પ્રખર પંડિત, સિદ્ધ યોગી તથા પ્રતાપી મહાપુરુષ તરીકે પ્રખ્યાત થઈ ચૂક્યા હતા. તેથી હતાશ થયેલા હજારો બ્રાહ્મણો ખુશાલ ભટ્ટના શરણે આવ્યા અને મદદ માટે પ્રાર્થના કરવા લાગ્યા. ખુશાલ ભટ્ટ તો ગરીબોના બેલી હતા, તેઓ તત્કાળ ભૂદેવો સાથે ઇડર ગયા ને મહારાજને મળી વેરો નાબૂદ કરવા સમજાવ્યા. પરંતુ મહારાજાએ સત્તાના મદમાં આ મહત્ પુરુષને ન ઓળખ્યા અને એમના પ્રસ્તાવને ઠુકરાવી દીધો.

ખુશાલ ભટ્ટે સઘળા બ્રહ્મસમાજ સહિત ગામ બહાર વાવને કિનારે ઝાડ નીચે ઉતારો કર્યો. સ્નાન-સંધ્યા પતાવી સર્વે પ્રભુસ્મરણ કરવા લાગ્યા, એટલામાં તો રાજકુટુંબનાં સર્વે સભ્યોનાં મળમૂત્ર બંધ થઈ ગયાં. રાજાને

અંતઃપ્રેરણા થઈઃ આ કોઈ અકસ્માત નથી, ભટ્ટજી દુભાયા તેથી જ આમ બન્યું છે! રાજા તત્કાળ ખુશાલ ભટ્ટ પાસે આવ્યા અને એણે ગદ્ગદ કંઠે માફી માગી વટલોઈ વેરો નાબૂદ કરવાનું વચન આપ્યું. ખુશાલ ભટ્ટના ઐશ્વર્ય પ્રતાપથી પ્રભાવિત થઈ ગંભીરસિંહજી એમના શિષ્ય બન્યા. એમણે ખુશાલ ભટ્ટ પાસે પોતાનું દિલ ખોલ્યુંઃ "મહારાજ! મારે સોળ રાણી છે. છતાંય ઘેર શેર માટીની ખોટ છે. મારો વંશ ચાલુ રહે એવી કૃપા કરો. આપના આશીર્વાદથી જો મને પુત્ર થાય તો આપને મારા રાજગુરુ બનાવી આપના માટે અહીં એક હવેલી બંધાવું અને ખર્ચ સારુ એક ગામની જાગીર આપું." રાજાનો પ્રસ્તાવ સાંભળી ખુશાલ ભટ્ટ હસીને બોલ્યાઃ "રાજન્! અમે તો ઘરનું જે ઝૂપડું છે તે પણ મૂકી દેવાના છીએ, ત્યાં વળી તમારી હવેલી અને ગામ ગરાસને અમારે શું કરવાં છે? અમારે રાજગુરુ થવાની કોઈ મહત્ત્વકાંક્ષા નથી. અમે તો ગરીબોના બેલી છીએ અને રહીશું. તમારે પુત્રની ઇચ્છા છે ને જો મારા વચનમાં વિશ્વાસ હોય તો માણસાના દરબાર ભારતસિંહ રાઓલની દીકરી ફૂલકુંવર સાથે લગ્ન કરો. એ થકી તમારે ત્યાં એક પુત્ર થશે." આમ રાજા ગંભીરસિંહજીને પુત્ર પ્રાપ્તિ અંગેના અમોઘ આશીર્વાદ આપીને ખુશાલ ભટ્ટ ત્યાંથી તત્કાળ નિસ્પૃહપણે ચાલી નીકળ્યા.

ખુશાલ ભટ્ટના આશીર્વાદથી ગંભીરસિંહજીને ફૂલકુંવરબાથી જુવાનસિંહ નામના કુંવર થયા. જુવાનસિંહજી સ્વામિનારાયણ ભગવાનના એકાંતિક ભક્ત હતા. તેમણે ઇડરમાં રાજમહેલની સામે જ ત્રણ શિખરનું મોટું મંદિર બંધાવ્યું છે. આ પ્રસંગને ઇડર રાજ્યના સત્તાવાર ઈતિહાસનું પણ સમર્થન સાંપડે છે.*

## ગર્ભયોગી

ખુશાલ ભટ્ટ ગર્ભયોગી હતા. અષ્ટાંગ યોગની અપ્રાપ્ય સિદ્ધિઓ એમને જન્મથી જ હસ્તગત હતી. ટોરડાની પૂર્વ દિશામાં ચાર માઈલના અંતરે રામપુરી ગામ પાસેના ડુંગરમાં ધારેશ્વર મહાદેવનું મંદિર છે. ધારેશ્વરના ડુંગરોમાં ખુશાલ ભટ્ટ દિવસો સુધી અન્નજળ લીધા વિના વાઘ અને અજગર જેવાં વિકરાળ પ્રાણીઓના સાનિધ્યમાં ધ્યાનમગ્ન બનીને બેસી રહેતા. જો કે આ લીલા પણ તેઓ અન્ય મુમુક્ષુઓના સમાસ અર્થે જ કરતા હતા, તેમને પોતાને અર્થે તો કાંઈ જ સિદ્ધ કરવાનું બાકી નહોતું; કારણ કે તેઓશ્રી તો જન્મથી જ સ્વતઃ સિદ્ધ હતા.

ખુશાલ ભટ્ટ સર્વ વિદ્યાઓમાં પારંગત હતા. જ્યોતિષ્ અને આયુર્વેદમાં એમના જેવું અનુભવસિદ્ધ જ્ઞાન એ સૈકામાં

* ઇડર રાજ્યનો ઈતિહાસ (ભા-૧) પૃ. ૪૦૩-૪૦૮ લે. શ્રી જોગીદાસ જોષી

ભાગ્યે જ કોઈને હશે. ગમે તેવા અસાધ્ય રાજયોગને તેઓ મટાડી આપતા. એક બ્રાહ્મણને રક્તપિત્તનો રોગ થયેલો તે ખુશાલ ભટ્ટે ત્રણ મહિનાનું વ્રત કરાવી મટાડી દીધેલો. ખુશાલ ભટ્ટની અજોડ સિદ્ધિ એ હતી કે તેઓ વગર અગ્નિએ કોઈપણ ધાતુની ભસ્મ ફક્ત જડીબુટ્ટીઓના રસ નીચોવીને બનાવી શકતા હતા. આ ભસ્મથી તેઓએ અનેક મહારોગીઓને સાજા નરવા કર્યા હતા.

## પ્રભુતામાં પગલાં

ખુશાલ ભટ્ટની પચ્ચીસ વરસની વયે એમના પિતાશ્રી મોતી ઠાકરે એમના વિવાહ મહા સુદ વસંત પંચમીના શુભ દિવસે ચિત્રોડા ગામના વ્યાસ કુટુંબની કન્યા કુશળબા સાથે નક્કી કર્યા. ભટ્ટજીને આ વાતની ગંધ આવી જતાં તેઓ ધારેશ્વરના ડુંગરોમાં કોઈ અગમ્ય સ્થળે ભૂગર્ભમાં ચાલ્યા ગયા. ઘણે દિવસે તેમની ભાળ એક ભરવાડ દ્વારા મળતાં મોતી ઠાકર તથા જાગીરદાર પહાડસિંહજી ત્યાં જઈને તેમને સમજાવીને ઘેર લઈ આવ્યા.

બે મહિના બાદ ખુશાલ ભટ્ટનાં લગ્ન થયાં. લગ્ન પછી શ્વસુરગૃહે કુશળબાનું નામ બદલીને આદિત્યબા રાખવામાં આવ્યું. લગ્ન પ્રસંગે ટોરડાના જાગીરદાર પહાડસિંહજીએ ખુશાલ ભટ્ટને પાંચ વીઘા જમીન કૃતાર્થભાવે અર્પણ કરી.

## મધુ મિલન

એકવાર ખુશાલ ભટ્ટ નભોઈ ગયા હતા; ત્યાં તેમને સ્વામિનારાયણ સંપ્રદાયના સંત સદ્‌ગુરુ સર્વેશ્વરાનંદ સ્વામીનો મેળાપ થયો.* સર્વેશ્વરાનંદ સ્વામી દ્વારા સ્વામિનારાયણ સંપ્રદાય અંગે વિશદ્ માહિતી મેળવી ખુશાલ ભટ્ટ એ પવિત્ર સંત પાસે પંચ વર્તમાન ધારણ કરી સત્સંગી થયા ને પછી એ સંતમંડળ સાથે ડભાણ શ્રીજીમહારાજનાં દર્શન કરવા ગયા. મહારાજનાં દર્શન થતાં જ અનાદિની ઓળખાણ તાજી થઈ! આ દેહ ધારણ કર્યો એ પહેલાં પણ ખુશાલ ભટ્ટને જે દિવ્ય સ્વરૂપનું અખંડ અનુસંધાન હતું ને આ દેહ ધારણ કર્યા બાદ પણ જન્મથી માંડીને અદ્યાપિપર્યન્ત પોતે જે સ્વરૂપને અખંડ ધારી રહ્યા હતા; એ મનુષ્ય દેહધારી પ્રગટ પુરુષોત્તમનારાયણનું આ લોકમાં સદેહે પ્રથમ પ્રત્યક્ષ મિલન એ ખુશાલ ભટ્ટના જીવનની અત્યંત મહત્ત્વપૂર્ણ ઘટના છે. ખુશાલ ભટ્ટે શ્રીજીમહારાજનાં ચરણોમાં માથું મૂકી પોતાને ત્યાગીની દીક્ષા આપવા માટે પ્રાર્થના કરી ત્યારે મહારાજે કહ્યું: “ખુશાલ ભટ્ટ, હમણાં તમે ઘેર પાછા જાઓ; સમય આવ્યે અમે તમને બોલાવી લઈશું.” ભટ્ટજી ટોરડા પાછા ફર્યા, પરંતુ એમનું

* સદ્‌ગુરુ યોગેશ્વર શ્રી ગોપાળાનંદ સ્વામી (પૃ. ૨૫)
લે. શ્રી ચુનીલાલ તુલસીદાસ (જર્મન સીલ્વર મર્ચન્ટ)

અંતર તો હંમેશાં ઝંખ્યા જ કરતું કે ક્યારે મને મહારાજ પોતાની પાસે બોલાવી લે!

## અમૃત સમીપે

સં. ૧૮૫૯ના કારતક સુદી પ્રબોધિની એકાદશીનો સપરમો દિવસ હતો. બપોરના સમયે જ્યારે ભટ્ટજી નિશાળમાં છોકરાઓને ભણાવી રહ્યા હતા ત્યારે તેમના એક વિદ્યાર્થીએ સમાધિમાં જોયું કે કોઈ વટેમાર્ગુ બ્રાહ્મણ અચલેશ્વર મહાદેવની જગ્યામાં બેઠો છે અને ખુશાલ ભટ્ટને મળવા માટે બોલાવે છે. આ જાણી ખુશાલ ભટ્ટ સમજી ગયા કે, મારા વ્હાલીડાનું તેડું આવી ગયું લાગે છે! ભટ્ટજી તત્કાળ અચલેશ્વર મહાદેવ પહોંચ્યા. આગંતુક બ્રાહ્મણે સંદેશો આપ્યો કે, "શ્રીજીમહારાજે આપને તત્કાળ જેતલપુર બોલાવ્યા છે."

ખુશાલ ભટ્ટે ઘેર જઈ માતા-પિતા તથા પત્નીની આજ્ઞા મેળવી. મોતી ઠાકરને એ વખતે આખા શરીરે દાદર થઈ હતી. જતાં જતાં ખુશાલે પિતાને પ્રણામ કરી એમના આખા ડીલે હાથ ફેરવ્યો. મોતી ઠાકરને દાદરનો દાહ તત્કાળ શમી ગયો. ખુશાલને વિદાય આપવા આખા ગામના લોકો પાદરે આવ્યા. વૃદ્ધ પિતાએ સજળ નેત્રે ખુશાલભાઈને કહ્યું: "ભાઈ, તમને વિદાય દેવા આ બધા ગામ લોકો ભેગા

થયા છે, તેમનું પણ હિત કરતા જજો." ખુશાલ ભટ્ટે અમોઘ વરદાન આપતાં કહ્યું: "આ બુઢેલી નદીમાં ટોરડા ગામની હદ લાગશે ત્યાં સુધી પાણી સુકાશે નહિ." ઈતિહાસ સાક્ષી છે- બુઢેલી નદીમાં ટોરડાની હદમાં ક્યારેય પાણી સુકાયું નથી. વરસાદ પડે કે ન પડે નદીમાં પાણી બારે માસ રહે છે.

ત્યારબાદ ખુશાલ ભટ્ટ વટેમાર્ગુ બ્રાહ્મણ સાથે ટોરડાથી નીકળી જેતલપુરને રસ્તે ચાલી નીકળ્યા. રસ્તામાં ખુશાલ ભટ્ટના બાળસખા કહાનદાસ પટેલનું ટાકાટુકા ગામ આવ્યું. ખુશાલે કહાનદાસને પણ પોતાની સાથે લીધો. ત્રણેય જણ રાત્રે માણસા પહોંચ્યા. માણસામાં ખુશાલ ભટ્ટના દૂરના સગા સાંકળેશ્વર ઉપાધ્યાય રહેતા હતા. તેમનાં પત્ની પાનબા પરમ ભગવદીય હતાં. ત્રણેય મહાનુભાવો રાત્રે એમને ત્યાં રોકાઈ બીજે દિવસે બપોરે જમીને નીકળી ગયા. જતી વખતે ખુશાલ ભટ્ટે પાનબાને વર આપ્યો કે, "તમારી કુખે મહાસમર્થ મુક્ત અવતરશે."* ત્યાંથી નીકળી તેઓ અમદાવાદ તરફ ગયા. રસ્તામાં ખુશાલ ભટ્ટને તેડવા આવેલા પેલા બ્રાહ્મણે ભટ્ટજીની બહુ બરદાસ કરી. જેતલપુર નજીક આવ્યું ત્યારે પેલો વિપ્ર શ્રીજીમહારાજ પાસે જવાનો માર્ગ

* ખુશાલ ભટ્ટના આશીર્વાદથી પાનબાને ત્યાં નરસિંહભાઈ નામના મુક્ત પુરુષનો જન્મ થયો હતો. તેમણે માણસામાં મોટું મંદિર બંધાવ્યું હતું.

દૂરથી બતાવી, "હું હમણાં આવું છું, તમે ત્યાં જાઓ" એમ કહી થોડે દૂર જઈ અદશ્ય થઈ ગયો. ખુશાલ ભટ્ટ અને કહાનદાસ પટેલ એણે બતાવેલા માર્ગે દેવ સરોવરના કાંઠે આવેલા મહોલ તરફ ગયા.

એ વખતે મહોલ પાસે આસોપાલવના વૃક્ષ નીચે શ્રીજીમહારાજ ગાદી તકિયે વિરાજમાન હતા. શ્રીજી સન્મુખ સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. ખુશાલ ભટ્ટ ને કહાનદાસ પટેલ ત્યાં આવ્યા. મહારાજે આંગળીથી ઇશારો કરીને ખુશાલ ભટ્ટને પોતાની પાસે બોલાવ્યા. ભટ્ટજી નજીક આવતાં મહારાજ ઊભા થઈને એમને ભેટી પડ્યા. પછી ખબર અંતર પૂછ્યા, રસ્તામાં જે કાંઈ બન્યું હતું એ બધું શ્રીજીમહારાજે કહી બતાવ્યું. ખુશાલ ભટ્ટ સમજી ગયા કે મને લેવા આવનાર વિપ્ર બીજું કોઈ નહિ, મહારાજ સ્વયં હતા! પછી મહારાજ બોલ્યા: "બોલો યોગીરાજ.... હવે શું કરવું છે?"

"મહારાજ, મારે તો તમારી પાસે રહીને બ્રહ્મવિદ્યા શીખવી છે." બે હાથ જોડીને ખુશાલ ભટ્ટે જવાબ આપ્યો.

"બ્રહ્મવિદ્યા તો તમારામાં અનાદિ કાળથી રહેલી છે, તમે તો બ્રહ્મમૂર્તિ છો યોગીરાજ..." મહારાજે સ્પષ્ટતા કરી.

સભાના અંતે મહારાજ ખુશાલ ભટ્ટને પોતાની સાથે લઈ ગંગામાને ત્યાં જમવા પધાર્યા. જન્મે નાગર બ્રાહ્મણ

ગંગામા શ્રીહરિના અનન્ય આશ્રિત હતાં. તેમનું માતૃહૃદય શ્રીહરિ પ્રત્યે પુત્રવત્ વાત્સલ્યભાવથી સભર હતું. આજે જ્યારે મહારાજે ખુશાલ ભટ્ટને પોતાની બાજુમાં પાટલા ઉપર જમવા બેસાડ્યા ત્યારે ગંગામાને એ ન રુચ્યું. એમણે તરત મહારાજને પૂછ્યું: "મહારાજ, તમારી સાથે આ પાટલે ચડીને જમે છે એ જડ જેવો વિવેકહીન બ્રાહ્મણ કોણ છે?" મહારાજ હસીને કહે, "મા, એ જડ નથી. એ તો જડને પણ ચેતન કરે તેવા મહા ચૈતન્યમૂર્તિ છે!" મહારાજના આટલા ખુલાસા પછી પણ ગંગામાને ગામોટ બ્રાહ્મણ જેવા દેખાતા ખુશાલ ભટ્ટમાં પ્રતીતિ ન આવી.

એટલામાં એવું બન્યું કે મહારાજ અને ખુશાલ ભટ્ટ જમતા હતા ત્યારે ગંગામાને ઘડીક મહારાજની જગ્યાએ ખુશાલ ભટ્ટ દેખાય ને ઘડીક ખુશાલ ભટ્ટની જગ્યાએ મહારાજ દેખાય! બન્ને દિવ્યમૂર્તિઓ જમતી રહી ત્યાં સુધી ગંગામાને એવું દેખાતું રહ્યું. કુશાગ્ર બુદ્ધિવાળાં ગંગામા હવે સમજી ગયાં કે આ સામાન્ય દેખાતો બ્રાહ્મણ તો બ્રહ્મમૂર્તિ છે, નહિ તો પરાત્પર પરબ્રહ્મ સાથે આવું તાદાત્મ્ય શીદને સંભવે?

જમીને ઊઠતાં મહારાજે ગંગામાને પૂછ્યું: "મા, હવે તો તમારો સંશય ટળી ગયો ને?" ગંગામા કહે, "હા દીકરા, તેં ખરેખરી કૃપા કરી મારો સંશય ટાળી નાંખ્યો."

જેતલપુરથી બીજે દિવસે શ્રીજીમહારાજ ખુશાલ ભટ્ટને સાથે લઈ ગઢપુર ગયા. થોડા દિવસ ગઢપુરમાં પોતાના સાંનિધ્યમાં રાખ્યા બાદ મહારાજે ખુશાલ ભટ્ટને સત્સંગના પ્રચાર અને પ્રસાર અર્થે વડોદરા મોકલ્યા.

## ખુશાલ ભટ્ટ –વડોદરામાં

વડોદરામાં એ વખતે મહારાજા આનંદરાવ ગાયકવાડ રાજ કરતા હતા. એમનું સ્વાસ્થ્ય બરાબર રહેતું ન હોવાથી એમના વચેટભાઈ ફત્તેહસિંહરાવ (બીજા) એમના મુતાલિક તરીકે કારોબાર સંભાળતા હતા.*

વડોદરા એ કાળે 'ગુજરાતની કાશી' તરીકે પંકાયેલું હતું. અહીં સરકાર આશ્રયે ચાલતી અનેક પાઠશાળાઓમાં સાહિત્ય, પુરાણ, કાવ્ય, જ્યોતિષ, ઈતિહાસ અને તત્ત્વજ્ઞાનના વિષયો ભણાવાતા હતા. વિવિધ સંપ્રદાયોના અનેક વિદ્વાનો રાજ્યાશ્રય મેળવીને અહીં રહેતા હતા. અહીં વિદ્યા મોટેભાગે વિવાદાર્થે જ ભણાવાતી હતી.

રાજદરબારમાં શાક્તોની લાગવગ પ્રમાણમાં વધારે હતી, કારણ કે રાજ્યનો દીવાન બાબાજી ઉર્ફે બાબાસાહેબ ચુસ્ત શાક્તપંથી હતો. બાબાસાહેબ એક મહાન સેનાપતિ અને પ્રખર મુત્સદ્દી હતો. પરંતુ પોતાના શૌર્ય અને વિચક્ષણ

* વડોદરાનું સત્સંગ દર્શન (પૃ. ૩૨) લેઃ શ્રી રમેશચંદ્ર પંડ્યા)

બુદ્ધિ પ્રતિભાનું તેને ઘણું ગુમાન હતું.

ગુજરાત અને કાઠિયાવાડનાં ઘણાં રજવાડાં વડોદરા રાજ્યના તાબામાં હતાં. એ રજવાડાંના દરબારો પાસેથી ખંડણીની વસૂલાત કરવામાં બાબાજી ખૂબ કડક હાથે કામ લેતો હતો. એકવાર કાઠિયાવાડના એક દરબારે તેને ટોણો મારતાં કહ્યું: "બાબાસાહેબ, અમારા જેવા નિર્બળ અને નાના દરબારોને દબડાવી લૂંટો છો એ કરતાં કાઠિયાવાડમાં જે સ્વામિનારાયણ સર્વત્ર ભગવાન તરીકે પૂજાય છે તેમને દબાવો તો તમને સત્તા, લક્ષ્મી ને પ્રસિદ્ધિ એ ત્રણેય મળશે." બાબાજીને દરબારનો આ ટોણો દિલમાં તીરની જેમ આરપાર અસર કરી ગયો. તેણે એ દિવસથી સ્વામિનારાયણને કેદ પકડવાના મનસૂબા ઘડવા માંડ્યા. પરંતુ ક્યારેય તેનો એ મનસૂબો પૂરો ન થયો. સ્વામિનારાયણને મહાત કરવામાં મળતી નિષ્ફળતાએ તેને સ્વામિનારાયણ સંપ્રદાય તથા તેના આશ્રિત સાધુ સત્સંગીઓનો પણ કટ્ટર વિરોધી અને દ્વેષી બનાવી દીધો. આવા વિકટ અને પ્રતિકૂળ સંજોગોમાં યોગેશ્વર ખુશાલ ભટ્ટે વડોદરામાં પ્રવેશ કર્યો.

ખુશાલ ભટ્ટ લહેરીપુરા દરવાજામાંથી શહેરમાં પ્રવેશી માંડવી પાસેથી જમણી બાજુ વળી ગેંડીગેટ તરફ આગળ વધ્યા. અંત:પ્રેરણાને આધારે આ અજાણ્યા શહેરમાં તેમનાં

ચરણ અજ્ઞાતપણે પણ નિશ્ચિત દિશામાં જઈ રહ્યાં હતાં. માર્ગમાં શ્રી નાથ પટેલ નામના સદ્‌ગૃહસ્થ ખુશાલ ભટ્ટને ભેટી ગયા. તેઓ ભટ્ટજીને એક પવિત્ર બ્રાહ્મણ સમજી પોતાને ઘેર તેડી ગયા.

શ્રી નાથ પટેલ વાડી વિસ્તારમાં ડભાસીના ફળિયામાં રહેતા હતા.* એમના ઘરની પાછળ વાડો મૂકીને એક નાનું શિવાલય હતું. પટેલ પરમ શિવભક્ત હતા. ખુશાલ ભટ્ટને એક ઓરડીમાં એમણે ઉતારો આપ્યો. નાથ પટેલના એક મિત્ર હતા– સદાશિવ પાઠક, એ ગુજરાતી બ્રાહ્મણ હતા ને વાડી રંગમહોલમાં રામજીમંદિર પાસે રહેતા હતા. બન્ને મિત્રો ખુશાલ ભટ્ટના પરિચયથી અત્યંત પ્રસન્ન હતા. પહેલા દિવસે તો ખુશાલ ભટ્ટ નાથ પટેલને ત્યાં જાતે રસોઈ બનાવીને જમ્યા પણ બીજા દિવસથી સદાશિવ પાઠકના પ્રેમભર્યા આગ્રહને કારણે એમને ત્યાં જમવા જવા લાગ્યા.

ખુશાલ ભટ્ટ દિવસમાં એક જ વખત જમતા હતા. દરરોજ બપોરે બાર વાગે ખુશાલભાઈ સદાશિવ પાઠકને ત્યાં જમવા પધારતા. સાથે એમના પૂજાના લાલજીને લઈ જતા. સદાશિવનાં પત્ની થાળ પીરસે એટલે ખુશાલ ભટ્ટ પ્રથમ લાલજીને થાળ ધરાવતા. શ્રીજીમહારાજ એ સમયે

* અત્યારે વડોદરામાં વાડી વિસ્તારમાં આવેલા સ્વામિનારાયણ મંદિરમાં સભામંડપની બાજુમાં છત્રી છે એ જગ્યાએ નાથ પટેલ (નાથભક્ત)નું ઘર હતું.

દિવ્યરૂપે ત્યાં પધારી થાળ જમતા. સદાશિવભાઈ, તેમનાં પત્ની તથા એમની પુત્રી ઉમિયા મહારાજને જમતા પ્રત્યક્ષ નિહાળતા, બીજા કોઈને મહારાજનાં દર્શન થતાં નહિ; ફક્ત થાળમાંથી વાનગીઓ ઓછી થતી દેખાતી. જોતજોતામાં આ વાત આખા વડોદરામાં ફેલાઈ ગઈ. ખુશાલ ભટ્ટ એક મહિનો વડોદરા રહ્યા તે દરમ્યાન દરરોજ આ અપૂર્વ ઘટના બનતી અને એ નિહાળવા લોકોનાં ટોળેટોળાં પાઠકના ઘર પાસે ઊમટતાં. પછી તો ખુશાલ ભટ્ટ ઘરની પરસાળમાં બેસીને જ ઠાકોરજીને નૈવેદ્ય ધરાવતા જેથી જિજ્ઞાસુ મુમુક્ષુઓને એ વિરલ ઘટનાના સાક્ષી બનવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થઈ શકે!

સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ આ નોંધપાત્ર ઘટનાને 'ભક્ત ચિંતામણિ' ગ્રંથમાં સમ્યક્‌પણે નોંધી અંતે લખ્યું છેઃ

"જ્યારે જ્યારે જમે જ્યાં ખુશાલ,
ત્યારે ત્યારે જમે સંગે લાલ.
જમે જન હાથે નાથ નિત્યે,
તે તો ખુશાલ ભક્તની પ્રીત્યે."*

નિષ્કુળાનંદ સ્વામી આ અલૌકિક ઘટના માટે 'ખુશાલ ભક્તની પ્રીતિ'ને જ કારણભૂત ગણાવી એમની અનન્ય પ્રેમલક્ષણા ભક્તિને બિરદાવે છે. ખુશાલ ભટ્ટ ભગવાન જમી

* ભક્તિ ચિંતામણિ (પ્ર. ૧૪૨)

લે પછી એ પ્રસાદીભૂત ભોજનમાંથી થોડું અન્ય ભક્તોને આપી પછી જ પોતે જમતા.

ખુશાલ ભટ્ટ એક મહિનો વડોદરા રહ્યા એ દરમ્યાન તેઓ સવારે બે કલાક અને સાંજે ત્રણ કલાક ક્યારેક નાથભક્તના ઘરની આગળના ચોકમાં તો ક્યારેક વાડામાં આવેલા પીપળા નીચે બેસીને જ્ઞાનવાર્તા કરતા. એક મહિના પછી ભટ્ટજી વડતાલ થઈને ગઢપુર પરત ગયા.

સં. ૧૮૫૯ થી સં. ૧૮૬૪ના સમય દરમ્યાન ખુશાલ ભટ્ટ બહુધા ગઢપુર ને વડોદરામાં રહેલા જણાય છે. તે સિવાય ક્યારેક શ્રીજીમહારાજ ગુજરાત કે કચ્છમાં વિચરણ કરવા નીકળતા ત્યારે તેમને પોતાની સાથે રાખતા. સદ્‌ગુરુ આધારાનંદ સ્વામી 'શ્રીહરિ ચરિત્રામૃત સાગર' (ભાગ-૨, પૂર ૨૦, તરંગ ૩૨)'માં એમ નોંધે છે કે, 'આ સમય દરમ્યાન ખુશાલ ભટ્ટના પિતા મોતી ઠાકર દશ વખત આવીને તેમને ઘેર લઈ ગયા હતા.' આ દરમ્યાન સં. ૧૮૬૩માં ખુશાલ ભટ્ટને ત્યાં એક કન્યારત્નનો જન્મ થયો. એનું નામ 'અનુપ' પાડવામાં આવ્યું.

## વિદ્યાભ્યાસના મિષે

મોતી ઠાકર પોતાના એકના એક પુત્ર ખુશાલ ભટ્ટને ઘરથી દૂર લાંબા સમય માટે નહોતા રહેવા દેતા. પિતાના

દિલને સાંત્વન રહે તે માટે ખુશાલ ભટ્ટ મુક્તાનંદ સ્વામી પાસે ગીતાભાષ્ય ભણવાના બહાને ગઢપુરમાં રહ્યા. એ દરમ્યાન મુક્ત મુનિએ તેમને રામાનુજ ગીતા પણ ભણાવી દીધી. ત્યારબાદ શ્રીજીમહારાજે તેમને વિદ્યાભ્યાસના મિષે ફરી વડોદરા મોકલ્યા. વડોદરામાં તેઓ શોભારામ શાસ્ત્રી પાસે શાસ્ત્રનો અભ્યાસ કરવા લાગ્યા. શાસ્ત્રી સાથે દિલ મળી જતાં ભટ્ટજીએ સત્સંગની વાતો કરવા માંડી. એક મહિનો ખુશાલ ભટ્ટની વાતો સાંભળવાથી શોભારામ શાસ્ત્રીને તત્કાળ સત્સંગનો રંગ લાગી ગયો. શાસ્ત્રીના ખાસ મિત્ર લક્ષ્મીરામ વૈદ્ય પણ ખુશાલ ભટ્ટના પરિચયમાં આવ્યા બાદ સત્સંગી થયા. વિદ્યાભ્યાસના મિષે વડોદરામાં રહી ખુશાલ ભટ્ટે વિદ્વાન શાસ્ત્રીઓના અંતરમાં સત્સંગનાં બીજ રોપી દીધાં.*

## 'મહાભારત' ગ્રંથપ્રાપ્તિ

સં. ૧૮૬૩માં શ્રીજીમહારાજને વિદ્યાર્થી સંતો માટે મહાભારતના ગ્રંથની જરૂર પડી. એ જમાનામાં પ્રિન્ટીંગ પ્રેસો નહોતાં. પુસ્તકોની હસ્તપ્રતો જ બનતી. તેથી મોટા ગ્રંથોની પ્રતો દુર્લભ રહેતી. તપાસ કરતાં જાણવા મળ્યું કે

* શ્રી હરિ ચરિત્રામૃત સાગર, લેઃ સદ્‌ગુરુ આધારાનંદ સ્વામી ભાગ-૧ (પૂર-૮, તરંગ-૧૭)

ભાવનગરમાં કાશીરામ નામના એક બ્રાહ્મણ પાસે આ ગ્રંથની નકલ છે. મહારાજે લક્ષ્મીરામ દેરાશરીને એ પ્રત લઈ આવવા માટે ભાવનગર મોકલ્યા. પરંતુ કાશીરામે ગ્રંથ આપવાની સાફ ના પાડી. બીજીવાર લક્ષ્મીરામ સાથે પ્રાગજી દવેને મોકલ્યા. એ બન્ને પણ ખાલી હાથે પાછા આવ્યા.

એ દરમ્યાન ખુશાલ ભટ્ટ વડોદરાથી ભણીને ગઢપુર પરત આવ્યા. મહારાજે વડોદરાના કુશળ સમાચાર જાણ્યા બાદ તેમને પૂછ્યુંઃ "તમે બધી વિદ્યા ભણી લીધી?"

"હા મહારાજ, ભણી લીધી." ખુશાલ ભટ્ટે બે હાથ જોડીને જવાબ આપ્યો. પછી મહારાજે તેમની પરીક્ષા કરવા કેટલાક પ્રશ્નો પૂછ્યા જેના ખુશાલ ભટ્ટે યથાર્થ ઉત્તર આપ્યા. મહારાજે તેમને વેદની ઋચાઓ અને શ્રુતિઓ બોલવાનું કહ્યું, ખુશાલભાઈએ એ પણ બોલી બતાવી. એ સાંભળી મહારાજ અત્યંત પ્રસન્ન થઈને ખુશાલ ભટ્ટને પ્રગાઢ આલિંગન આપતાં બોલ્યાઃ 'અમે તમારા ઉપર બહુ રાજી છીએ.' ખુશાલ ભટ્ટે મહારાજને ચરણસ્પર્શ કરી પૂછ્યુંઃ "મહારાજ, હવે મારા માટે શી આજ્ઞા છે?" મહારાજ કહે, "ભાવનગરના કાશીરામ પાસે મહાભારતની પ્રત છે, પરંતુ એ નકલ કરવા થોડા દિવસ માટે પણ આપવાની ના પાડે છે. તમે લક્ષ્મીરામ સાથે ત્યાં જઈને એ લઈ આવો."

મહારાજની આજ્ઞા લઈ ખુશાલ ભટ્ટ લક્ષ્મીરામ સાથે

ભાવનગર જઈ ઝીણાભાઈ શ્રીમાળીને ઘેર ઊતર્યા. બીજે દિવસે જ્યારે તેઓ કાશીરામને ત્યાં ગ્રંથ લેવા ગયા ત્યારે કાશીરામ લાલજીની પૂજા કરી રહ્યા હતા. ખુશાલ ભટ્ટ ને લક્ષ્મીરામ તો જઈને એકબાજુ બેઠા; ત્યાં તો લાલજી એકદમ ખુશાલભાઈ સન્મુખ ફરી ગયા. કાશીરામને કૌતુક તો લાગ્યું પણ એને વાતને ધ્યાન પર ન લેતાં લાલજીને ફરી પોતાની તરફ પધરાવ્યા. પણ આ શું? લાલજી ફરીથી ખુશાલ ભટ્ટ તરફ ફરી ગયા. આવું ત્રણ વાર થયું એટલે એ મિથ્યાભિમાની બ્રાહ્મણ કાશીરામે અત્યંત ક્રોધિત થઈ ખુશાલ ભટ્ટને ત્યાંથી તત્કાળ ચાલ્યા જવાનું કહ્યું. ભટ્ટજી અને લક્ષ્મીરામ શાંતિપૂર્વક ત્યાંથી નીકળી ઉતારે આવ્યા. એ જ રાત્રે કાશીરામને સ્વપ્નમાં બે વિકરાળ યમદૂત દેખાયા. યમદૂતોએ તેને ખૂબ માર મારી ખુશાલ ભટ્ટને ગ્રંથ આપવા માટે સંમત કર્યો. બીજે દિવસે એ બ્રાહ્મણે ખુશાલ ભટ્ટને સામેથી બોલાવી એક મહિના માટે 'મહાભારત'ની પ્રત આપી. પુસ્તકનો પોઠિયો કરી ભટ્ટજી ગઢપુર આવ્યા. એક માસમાં એની નકલ કરાવી મહારાજે અસલ પ્રત ભાવનગર પરત મોકલાવી દીધી.

## ભાગવતી દીક્ષા

સં. ૧૮૬૩ના વૈશાખ માસમાં યોગેશ્વર ખુશાલ ભટ્ટ પોતાના માતાપિતા, પત્ની તથા છ માસની બાળકી

અનુપબાને મૂકીને સાધુ થવા માટે ટોરડાથી ગઢપુર જવા ચાલી નીકળ્યા. મોતી ઠાકરે પુત્રને પાછો તેડી લાવવા માટે પોતાના ભાઈ દત્તરામ અને પૂર્ણારામના પુત્રોને પાછળ દોડાવ્યા. પરંતુ ખુશાલભાઈએ તો ગઢપુર પહોંચતાં જ સાધુની તુંબડીનું પાણી પી લીધું. ભાઈઓએ જાણ્યું કે ખુશાલ હવે પાછો નહિ ફરે, તેથી તેઓ ખુશાલને ઘેર લઈ જવાનો દુરાગ્રહ છોડી દઈ પાછા ફરી ગયા.[૧]

ખુશાલ ભટ્ટને સત્સંગમાં આવ્યાને પાંચ વર્ષ વીતી ગયાં એટલે કોઈકે મહારાજને એકવાર પૂછ્યું: "મહારાજ, સત્સંગ શિરોમણિ પરમ ભગવત્પરાયણ ખુશાલ ભટ્ટને આપ પરમહંસની દીક્ષા ક્યારે આપશો?" ત્યારે શ્રીજીમહારાજે ખુલાસો કર્યો, "ખુશાલ ભટ્ટનું પરમહંસપણું તો સ્વયંસિદ્ધ છે. તેમને દીક્ષા દેવી એ તો એક અનુકરણમાત્ર છે. છતાંય લોકવ્યવહારે થોડા સમયમાં તેમને દીક્ષા આપીશું."[૨]

અંતે એ ધન્ય પળનો ઉદય ગઢડાના પૂર્વાકાશમાં સં. ૧૮૬૪ના કાર્તિક વદી આઠમના દિવસે થયો. એ દિવસે પ્રાતઃકાળે શ્રીજીમહારાજે પોતાના પ્રિયતમાદપિ પ્રિયતર અનન્ય ભક્ત સ્વતઃસિદ્ધ ખુશાલ ભટ્ટને અક્ષર ઓરડીમાં ભાગવતી દીક્ષા આપી 'ગોપાળાનંદ સ્વામી' નામ ધારણ

---

૧ યોગેશ્વર ગોપાળાનંદ સ્વામી (પૃ. ૬૭) લે. ડૉ. ગોવિંદલાલ પટેલ

૨ ઉપનિષદ ભાષ્યમ્-ભૂમિકા (પૃ. ૧૪) લે. સદ્ગુરુ ગોપાળાનંદ સ્વામી

કરાવ્યું. મહારાજનો મહાપ્રસાદ લઈ શકાય એ હેતુથી ખુશાલ ભટ્ટે પોતે જન્મે બ્રાહ્મણ હોવા છતાં બ્રહ્મચારીની દીક્ષા ન લેતાં સાધુની દીક્ષા લીધી. દીક્ષા પછી શ્રીજીમહારાજે સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીને મંડળ બાંધીને સત્સંગના પ્રચાર અને પ્રસાર અર્થે ફરી વડોદરા મોકલ્યા.

## વડોદરામાં સત્સંગ–પ્રચાર

સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી સં. ૧૮૫૯માં ખુશાલ ભટ્ટ તરીકે વડોદરા આવેલા, ત્યારબાદ પાંચ વર્ષે સં. ૧૮૬૪માં ભાગવતી દીક્ષા લઈ સાધુવેશે ફરી વડોદરા પધાર્યા. આ પાંચ વર્ષ દરમ્યાન અનેક નોંધપાત્ર બનાવો વડોદરાની તવારીખે નોંધ્યા હતા. પાંચ વર્ષના એ અરસા દરમ્યાન, સૌ પ્રથમ તો દીવાન બાબાજીનાં ગુણિયલ ધર્મપત્ની તુળજાબાઈ અક્ષરનિવાસી થયાં. એના ત્રણ મહિના પછી બાબાજી પોતે અવસાન પામ્યા. બાબાજીના અવસાન બાદ તેમનો પુત્ર વિઠ્ઠલરાવ વડોદરા રાજ્યનો દીવાન બન્યો. આ સિવાય વધુ નોંધપાત્ર ઘટના તો એ હતી કે મહારાજા આનંદરાવ અચાનક અવસાન પામતાં એમના દેહાંત બાદ એમના લઘુબંધુ સયાજીરાવ (બીજા) રાજગાદી પર આવ્યા હતા.

વડોદરા આવીને સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીએ

પોતાના અનન્ય સેવક નાથ પટેલને ઘેર ઉતારો કર્યો. નાથ પટેલ પોતાની અનન્ય ભક્તિનિષ્ઠાને લીધે સત્સંગમાં હવે નાથ ભક્ત તરીકે ઓળખાતા હતા. સત્સંગના પ્રચાર -પ્રસારના અભિનવ અભિયાન માટે સ્વામીશ્રીએ શહેરના અલગ અલગ વિસ્તારોમાં ધર્મસભાઓ યોજી ધર્મપ્રેમી મુમુક્ષુઓને અલભ્ય જ્ઞાનામૃત પીરસવા માંડ્યું. એ દરમ્યાન જન્માષ્ટમીનો દિવસ આવતાં, સ્વામીએ નાથ ભક્તના વાડામાં હિંડોળો બાંધી શ્રીકૃષ્ણ જન્મોત્સવ ઊજવ્યો. હિંડોળામાં લાલજીને પધરાવી સ્વામીએ મહારાજને સંભાર્યા, ત્યાં તો લાલજીને સ્થાને સ્વયં શ્રીહરિએ પ્રગટ થઈ પ્રત્યક્ષ દર્શન દીધાં. જેને જેને પણ આ દિવ્ય દર્શનનો લાભ મળ્યો એ સર્વેએ આખા શહેરમાં સ્વામીશ્રીની અપૂર્વ યોગશક્તિ અને ભવ્ય પ્રેમભક્તિનો મહિમા ગાયો. પરિણામે ગણતરીના દિવસોમાં જ સ્વામીશ્રીની ખ્યાતિ આખા શહેરમાં ફેલાઈ ગઈ.

દીવાન વિઠ્ઠલરાવ તેના પિતા બાબાજીની જેમ જ સ્વામિનારાયણ સંપ્રદાયનો કટ્ટર દ્વેષી હતો. સ્વામીશ્રીની વધતી જતી ખ્યાતિ એ ખમી ન શક્યો. તેજોદ્વેષને કારણે તેણે ઢુંઢુરાવ નામના એક વીરસાધનાવાળા માંત્રિકને પુષ્કળ ધનની લાલચ આપીને મલિન વિદ્યાના પ્રયોગ દ્વારા સ્વામીશ્રીની હત્યા કરવા માટે સાધ્યો. ઢુંઢુરાવ ઉર્ફે ઢુંઢુબા

એક દક્ષિણી (મરાઠી) બ્રાહ્મણ હતો અને એ અરસામાં તે વડોદરામાં 'ડંગોરાવાળા મહારાજ' તરીકે ઓળખાતો હતો. તે પોતાની સાથે હમેશાં એક લાલ રંગનો ડંગોરો રાખતો હતો. આ ડંગોરાની વિશિષ્ટતા એ હતી કે જ્યારે પ્રતિસ્પર્ધીની સામે તે ડંગોરો મૂકી મંત્રોચ્ચાર કરતો ત્યારે તે ડંગોરો એની મેળે ઊઠીને સામેવાળાના કપાળમાં ધડાધડ વાગતો હતો, હકીકતમાં તેના આ ડંગોરામાં તેણે એક એવી યાંત્રિક કળ (Mechanical Device) ગોઠવી હતી, જેથી જેની સામે તે મૂકવામાં આવતો તેને અમુક ક્ષણો બાદ ઊછળીને તે વાગતો.

બીજે દિવસે જ્યારે ગોપાળાનંદ સ્વામી અડાણિયાના મેદાનમાં પીપળાના ઝાડ નીચે હજારો માણસોની સભામાં બેસીને પ્રગટ ભગવાનના મહિમાની વાતો કરતા હતા, ત્યારે એ ડંગોરાવાળો ઢુંઢુબા ત્યાં આવ્યો. તેણે હાથમાં તાંબાના ને લોઢાનાં ત્રણ-ચાર કડાં પહેરેલાં, કપાળમાં સિંદૂરનો સાથિયો કરેલો, લોહી જેવું લાલચોળ એક પિતાંબર પહેરેલું અને એક ઓઢેલું તથા માથે જરિયાની કાનટોપી પહેરી હતી. મદ્યપાન કરવાથી તેની આંખો લાલ અંગારા જેવી મહા વિકરાળ ભાસતી હતી. ક્રોધાવેશમાં સભામાં આવી તે સ્વામીશ્રી સામે ઊંધા પગે વીર આસનમાં હોઠ પીસીને બેઠો ને પછી બોલવા લાગ્યો:

"આ મારો ડંગોરો જોયો છે.... તે પોતાની મેળે ઊછળીને પાખંડીઓના કપાળ ફોડે છે. માટે તમે તમારાં બધાં તૂત છોડીને અહીંથી ભાગો, નહિ તો ડંગોરો તમારો સગો નહિ થાય...." સ્વામીએ સ્મિત કરીને કહ્યું: "અમે તો ભગવાન ભજીએ છીએ ને ભજાવીએ છીએ. છતાંય તમારી ઈચ્છા હોય તો ભલે ડંગોરો....' સ્વામી આટલું બોલે છે એટલામાં તો ઢુંઢુબાએ ડંગોરો મૂકી ઠેસ દાબીને છોડ્યો. ત્યાં તો ડંગોરો સ્વામીશ્રી પાસે જવાના બદલે એ હૈયાસૂના ઢુંઢુબા પાસે જઈ તેના જ કપાળમાં ધડાધડ વાગવા લાગ્યો. દૈવયોગે ઉતાવળમાં ઢુંઢુબાએ ડંગોરાની મૂઠ સ્વામીની સામે મૂકવાને બદલે પોતાની સામે મૂકી હતી. ડંગોરો વાગવાથી તેને તમ્મર આવી ગયા, કપાળમાંથી દડ દડ લોહી નીકળવા લાગ્યું. તત્કાળ એ ત્યાંથી ભાગીને ઘેર જતો રહ્યો.

ઢુંઢુરાવની પાંચ વર્ષની દીકરી મથુરાં દૈવી આત્મા હતી. એને અનાયાસે સદ્દગુરુ ગોપાળાનંદ સ્વામીનો દિવ્ય પ્રસાદ પ્રાપ્ત થયો, પ્રસાદ આરોગતાં જ મથુરાંને સમાધિ થઈ ગઈ. મહાતેજમાં તેને શ્રીહરિનાં દિવ્ય દર્શન થયાં. પછી તો એને નિરંતર સમાધિ થવા લાગી. સમાધિમાં નિત્ય નવીન અલૌકિક ઐશ્વર્ય એને દેખાતા. શ્રીહરિની કૃપા થતાં એનામાં સ્વયંભૂ જ્ઞાન પ્રગટ થયું. તેણે પોતાના પિતાને

ગોપાળાનંદ સ્વામીનો આશ્રય કરવા માટે સમજાવ્યા. બાળકીના મુખેથી પ્રગટ થતી પ્રખર જ્ઞાનની અસ્ખલિત સરવાણી સાંભળી ઢુંઢુરાવ પ્રભાવિત થયો. બીજે દિવસે એણે સ્વામીશ્રી પાસે જઈ ક્ષમા માગી. સ્વામીએ એને વર્તમાન ધરાવી સત્સંગી કર્યો.* જેના અનુગ્રહ માત્રથી જ પાંચ વર્ષની બાળકીનો આત્મા યોગેશ્વર જેવા ઐશ્વર્ય પામી પરમાત્માના દિવ્ય ધામમાં સ્થિત થયો એ સંત કેવા હશે, એમની મહત્તા, એમનો મહિમા કેટલો અપરંપાર હશે એ આ ઉપરથી સહેજે સમજી શકાય તેમ છે!

વડોદરાના મહારાજા સયાજીરાવ (બીજા) એ વખતે વયે નાના હોવાથી દીવાન વિઠ્ઠલરાવનાં સલાહ-સૂચન પ્રમાણે રાજકારોબાર ચલાવતા હતા. પરિણામે વિઠ્ઠલરાવ મહારાજા પાસે પોતાને મનવાંછિત નિર્ણય લેવડાવતો. જો કે એ વખતે રાજદરબારમાં ભાઉ પુરાણિક ને બાબા સાહેબ જેવા સલાહકારો નારુપંત નાના જેવા ખાનગી કારભારી, ચિમણરાવ અને શોભારામ શાસ્ત્રી જેવા વિદ્વાન પંડિતો તથા બાપુરામ ગાર્દી જેવા સેનાપતિ મહારાજાની તહેનાતમાં રહેતા, છતાંય દુષ્ટ દીવાન પોતાની સત્તાની રૂએ એ બધાંયને દબાવીને પોતાનું ધાર્યું કરતો.

દીવાન વિઠ્ઠલરાવ તો શ્રીમંત સરકારને સતત કાન

*શ્રી સ્વામિનારાયણ ચરિત્ર ચિંતામણિ (પૃ.૨૪૨) લે. વૈદ્ય મૂળજીભાઈ રામનાથ

ભંભેરણી કર્યા કરતો કે, "મહારાજ, સ્વામિનારાયણ તો પાખંડ ધર્મી છે. એના સાધુઓ આપણા રાજ્યમાં ગામે ગામ ફરી લોકોને ભરમાવી પોતાના પંથમાં ભેળવે છે. દેવીને બલિ ચઢાવાતો એ બંધ કરાવે છે, એને પરિણામે જો દેવી કોપાયમાન થશે તો સહન તો રાજ્યને જ કરવું પડશે ને? બે વરસથી વરસાદ ક્યાં આવે છે? એનું શું કારણ છે એ વિચારો, મહારાજ! કહ્યું છે ને– राजा कालस्य कारणम् * જો આપ ઊઠીને રાજ્યમાં આવો પાખંડ ધર્મ ચાલવા દેશો તો પછી અમારે કહેવું કોને? આ ગોપાળ બાવો ઢોંગી છે ને ઇંદ્રજાળ-વિદ્યાથી લોકોને એવું તૂત દેખાડે છે કે લોકો એની આગળ પાછળ ફર્યા કરે છે અને એને ભગવાન માને છે, માટે આપ સરકારે આ અંગે કાંઈક બંદોબસ્ત કરાવવો જોઈએ." શ્રીમંત સરકાર સયાજીરાવે વિઠ્ઠલરાવના આ પ્રસ્તાવના પ્રતિભાવરૂપે ભાઉ પુરાણિક અને નારુપંત નાનાને તથ્યની તપાસ માટે ગોપાળાનંદ સ્વામી પાસે મોકલ્યા. એ બન્ને મહાનુભાવો જ્યારે સ્વામીશ્રી પાસેથી પાછા ફર્યા ત્યારે એમના કંઠમાં તુલસીની બેવડી માળા હતી અને મુખમાં ભગવાન શ્રી સ્વામિનારાયણનું નામ!

દીવાન વિઠ્ઠલરાવનાં બધાં પાસાં ઊલ્ટા પડતાં હતાં.

* સંસ્કૃત સુભાષિતનો અર્થઃ 'રાજા એ (જે તે સમયના) દેશકાળનું કારણ છે.'

શ્રીમંત સરકાર પણ વિચારમાં પડી ગયા. સાચને આંચ નથી. આ સૃષ્ટિમાં સત્યનો અંચળો ઓઢીને બેઠેલા અસત્યના પૂજારીઓ હંમેશાં સત્યનો વિરોધ કરતા આવ્યા છે. એક ધર્મપ્રણાલીનો આટલો બધો વિરોધ? અને એ પણ તથાકથિત ધર્માચાર્યો દ્વારા જ?

ભાઉ પુરાણિક અને નારુપંત નાનાસાહેબ સ્વામિનારાયણ ધર્મના આશ્રિત બન્યા એટલે વિઠ્ઠલરાવ નાસીપાસ થઈ ગયો. એણે ક્રોધાવેશમાં આવી સેનાપતિ બાપુસાહેબને આદેશ આપ્યો કે ગોપાળાનંદ સ્વામીને તત્કાળ કેદ પકડીને વડોદરાની હદપાર કરવામાં આવે. બાપુરામ ગાર્દી હુકમના અમલ માટે તત્કાળ આરબોની મોટી બેરખ સાથે નાથ ભક્તના ઘેર પહોંચી ગયા. સ્વામીશ્રીએ બાપુસાહેબનું સ્વાગત કરીને નમ્રતાથી કહ્યું: "બાપુસાહેબ, મારા જેવા એક સામાન્ય સાધુ માટે આટલી મોટી ફોજ? મારા જેવા તો સ્વામિનારાયણના હજારો સાધુઓ તમારા રાજ્યમાં ગામેગામ ફરે છે, એ સૌને હદપાર કરવા માટે તમે ક્યાં ક્યાં ભટકશો? માટે મારું માનો, બે ચાર દિવસ પછી રામનવમીના સમૈયા પર અમારા ગુરુ શ્રી સહજાનંદ સ્વામી વડતાલ આવવાના છે, એ વખતે ગામેગામ ફરતા બધા સાધુઓ પણ ત્યાં આવશે. હું પણ એ પ્રસંગે ત્યાં જવાનો છું. એ વખતે તમે ત્યાં આવી શ્રી સહજાનંદ સ્વામીને તમારા

રાજ્યમાંથી હદપાર કરો તો તેમની સાથે તેમના સઘળા સાધુઓ પણ તમારા રાજ્યમાંથી હદપાર થઈ જશે." બાપુસાહેબને સ્વામીશ્રીનો પ્રસ્તાવ યોગ્ય લાગ્યો, તેથી તેઓ ત્યાંથી તત્કાળ પાછા ફર્યા.

રામનવમીના સમૈયા પ્રસંગે મહારાજ વડતાલ પધાર્યા. મંદિરના પટાંગણમાં પ્રાતઃકાળે શ્રીજીમહારાજ હજારો સંત-હરિભક્તોની સભામાં બિરાજ્યા હતા, ત્યારે બાપુરામ ગાર્દી પોતાની શસ્ત્રસજ્જ ફોજ સાથે ત્યાં આવી પહોંચ્યા. મહારાજે 'આવો બાપુસાહેબ' કહી એ સ્વમાની સેનાપતિનું સ્વાગત કર્યું, પરંતુ બાપુસાહેબ તો એ વેળા લડાયક મિજાજમાં હોવાથી એમણે આવીને તરત જ ઊભા ઊભા જ હિન્દુસ્તાનીમાં બોલવા માંડ્યું: "સ્વામિનારાયણ જિન્હે કહતે હૈ વો આપ હૈ?" મહારાજે મોહક સ્મિત સાથે હા પાડી એટલે બાપુસાહેબે આગળ ચલાવ્યું: "આપ અપને આપકો ભગવાન કહલાતે હૈ, મગર શાસ્ત્રવિધાન હૈ કિ કલિયુગમેં ભગવાનકા અવતાર નહિ હોતા. અગર આપ ભગવાન હૈ–પરમેશ્વર હૈ તો મુઝે અપના પરમ ઐશ્વર્ય દીખાઈએ." એ સાંભળી મહારાજે પોતાના જમણા હાથની ચપટી વગાડી, ત્યાં તો બાપુરામ ગાર્દી ધડામ દઈને ધરતી ઉપર ઢળી પડ્યા. પરમ રામભક્ત બાપુસાહેબને સમાધિમાં પોતાના ઇષ્ટદેવ શ્રી રામચંદ્રજીએ દર્શન દઈ ભગવાન શ્રી સ્વામિનારાયણનો

યથાર્થ મહિમા સમજાવ્યો. સમાધિમાંથી જાગતાં જ એ શૂરવીર સેનાપતિ શ્રીજીચરણમાં આળોટી પડ્યા. બાપુસાહેબ શ્રીહરિના અનન્ય આશ્રિત બનીને વડોદરા પાછા ફર્યા.

બીજે દિવસે બાપુરામ ગાર્દી સરકાર વાડામાં શ્રીમંત સરકાર સયાજીરાવ ગાયકવાડની તહેનાતમાં હાજર થયા ત્યારે ત્યાં દરબારમાં દીવાન વિઠ્ઠલરાવ તથા હજારો દરબારીઓ પણ બેઠા હતા. એ સર્વેની હાજરીમાં બાપુસાહેબે શ્રીમંત સરકારને પ્રાર્થનાપૂર્વક નિવેદન કરતાં કહ્યું: "મહારાજ! મારા સ્વાનુભવને આધારે સોગંદપૂર્વક કહું છું કે ભગવાન શ્રી સ્વામિનારાયણ સાક્ષાત્ પરબ્રહ્મ છે અને એમના પટ્ટશિષ્ય સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી પરમાત્માનું પરમ સાધર્મ્ય પામેલા સમર્થ સંત છે." પછી દીવાન વિઠ્ઠલરાવ તરફ જોઈને બાપુસાહેબ આગળ બોલ્યા: "દીવાન સાહેબ, ભગવાન સ્વામિનારાયણ તથા તેમના સંતોનો દ્રોહ કરવો એ આપણા અંગત તેમ જ રાજ્યના હિતમાં કદાપિ નથી. ઊલ્ટું એમનો આશ્રય કરવામાં જ આપણું કલ્યાણ છે એમ મને લાગે છે." આ સાંભળી દીવાન વિઠ્ઠલરાવ તો ધૂંવાંપૂંવાં થઈ ગયો. ઘુવડને સૂરજનો ગમે તેટલો મહિમા સમજાવો એ વ્યર્થ જ નીવડે છે! ફરી સયાજીરાવ સામે જોઈ બાપુસાહેબ બોલ્યા: "મહારાજ! આપ ખરેખર મહા ભાગ્યવાન છો તેથી જ ગોપાળાનંદ સ્વામી જેવા સમર્થ

સંત આપણા શહેરમાં રહીને અસંખ્ય જીવોનો ઉદ્ધાર કરી રહ્યા છે.” એ સાંભળી સહૃદયી સયાજીરાવ બોલ્યા: “બાપુસાહેબ, તમારા જેવા સત્યનિષ્ઠ ને વિશ્વાસપાત્ર પુરુષ આમ કહે છે એટલે એ વાતમાં જરૂર કંઈક તથ્ય હશે એમ હું સ્વીકારું છું.”

## મહારાજાને મહત્સંગ

બાપુરામ ગાર્દીના સ્વાનુભવ પછી પણ એ મૂઢ દીવાનના દિલમાં દીવો ન થયો. પરંતુ સદ્‌ગુણી સયાજીરાવે તો દીવાનને બાજુએ રાખીને ગોપાળાનંદ સ્વામીને મળવાનો નિર્ણય કરી લીધો.

બીજે દિવસે બપોરે ચાર વાગે મહારાજા સરકાર થોડાક અંગત માણસો સાથે વાડીમાં નાથ ભક્તને ઘેર સ્વામીને મળવા માટે આવ્યા. સ્વામીશ્રીએ સરકારને યોગ્ય આવકાર આપી રેશમી ગાદી તકિયાની બેઠકે બેસાડ્યા. મહારાજાએ આવીને પ્રથમ લાલજીની પૂજા કરી ને પછી સ્વામીશ્રીને હાર પહેરાવી એમનું અભિવાદન કર્યું. થોડીક ઔપચારિક વાતચીતના અંતે શ્રીમંત સયાજીરાવે સ્વામીશ્રીને સરકારવાડામાં (રાજમહેલમાં) પધારવાનું આમંત્રણ આપી વિદાય લીધી. ગોપાળાનંદ સ્વામીની રાજમહેલમાં પધરામણી થવાની છે તેવા સમાચાર મળતાં જ દીવાન વિઠ્ઠલરાવના

પેટમાં તેલ રેડાયું. તેણે શ્રીમંતને આમ ન કરવા ઘણું સમજાવ્યા, પરંતુ શ્રીમંત તો હવે જે સમજવાનું હતું તે બરાબર સમજી ચૂક્યા હતા.

અનુકૂળતાએ એક દિવસ બપોરે ચાર વાગે ગોપાળાનંદ સ્વામી રાજમહેલના દેવઘરમાં પધાર્યા. દેવઘરના પ્રવેશદ્વાર સુધી સામે જઈને મહારાજા સયાજીરાવે સ્વામીશ્રીનું ભાવભીનું સ્વાગત કર્યું, અને પછી દેવઘર સુધી સાથે ચાલીને દોરી ગયા. ત્યાં સ્વામીશ્રીને ગાદી તકિયે બેસાડી શ્રીમંત એમની સામે ગાલિચા ઉપર બેઠા. હજારો દરબારીઓ તથા સાધુ સંતો પણ સભામાં હાજર હતા. સભામાં સ્વામીશ્રીએ શ્રીહરિના મહિમા સંબંધી ઘણી વાતો કરી. અંતે શ્રીમંત સરકારે બે હાથ જોડીને પ્રાર્થનાપૂર્વક સ્વામીશ્રીને કહ્યું: "સ્વામીજી, આપે આજે મારો મનુષ્ય જન્મ સફળ કર્યો. આજે આપની વાતો સાંભળીને શ્રી સહજાનંદ સ્વામી પરબ્રહ્મ પરમાત્મા છે એવો મારા અંતરમાં નિશ્ચય થયો છે, માટે હવે મને સત્વરે ભગવાન શ્રી સ્વામિનારાયણનો આશ્રિત બનાવી એમનાં દર્શન કરાવવાની કૃપા કરો." ગોપાળાનંદ સ્વામીએ મહારાજા સયાજીરાવને વર્તમાન ધરાવી તુલસીની બેવડી માળા પહેરાવતાં કહ્યું: "રાજન્! સંપ્રદાયના આશ્રિત થવાની આ પ્રાથમિક વિધિ છે. પરમાત્માને જે કૃષ્ણાર્પણ કરવામાં આવે છે તેની ઉપર તુલસીપત્ર મૂકવામાં

આવે છે, એ જ રીતે તુલસીની આ બેવડી કંઠી ધારણ કરવાનું તાત્પર્ય એ છે કે એ ધારણ કરીને ભક્ત પોતાનું તન મન અને આત્મા પરમાત્માને અર્પણ કરી દે છે. પોતાના સર્વસ્વનું સમર્પણ એ જ ભક્તિની પહેલી શરત છે. તમારા અંતરમાં શ્રીહરિનાં દર્શનની જે તીવ્ર ઉત્કંઠા જન્મી છે તે તમારું પરમ સૌભાગ્ય સૂચવે છે. શ્રીહરિ જરૂર વડોદરા પધારી તમારા મનોરથ પૂર્ણ કરશે." આમ મહારાજાને મહત્સંગ કરાવી મહામુનિ ગોપાળાનંદ સ્વામી પોતાના ઉતારે પધાર્યા. એ વખતે સયાજીરાવની ઉંમર માત્ર એકવીસ વર્ષની હતી.

## શ્રીહરિ દિગ્‌વિજય

સં. ૧૮૭૯માં વડોદરા રાજ્યના દીવાન વિઠ્ઠલરાવનું મૃત્યુ થયું. વિઠ્ઠલરાવનો પુત્ર ભાસ્કરરાવ દીવાનપદ માટે યોગ્ય ન હોવાથી સયાજીરાવે દીવાનપદે વિઠ્ઠલરાવના કાકા અને બાબાજીના નાના ભાઈ વિઠ્ઠલરાવ દેવાજીની નિમણૂંક કરી. વિઠ્ઠલરાવ દેવાજી એના ભત્રીજા કરતાં પણ ચડે એવો સત્સંગદ્વેષી ને કુટિલ હતો. તેણે દીવાનપદે આવતાં જ સ્વામિનારાયણ સંપ્રદાયને વડોદરા રાજ્યમાંથી નષ્ટપ્રાય કરવાના ઇરાદે જાહેર શાસ્ત્રાર્થ યોજવાનો પ્રબંધ કર્યો. શાસ્ત્રાર્થ માટે શ્રીજીમહારાજે સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીને

વડોદરા મોકલ્યા. સં.૧૮૮૧ના મહા સુદ ૩ના દિવસે વડોદરામાં માંડવી દરવાજા પાસે આવેલા વિઠ્ઠલ મંદિરના વિશાળ સભાખંડમાં સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી અને વડોદરાના વિદ્વાન શાસ્ત્રીઓ વચ્ચે જાહેર શાસ્ત્રાર્થ થયો.

સ્વામિનારાયણ સંપ્રદાયના ઈતિહાસમાં સીમાચિહ્નરૂપ એ શાસ્ત્રાર્થમાં મુક્તાનંદ સ્વામીએ વડોદરાના શાસ્ત્રીઓને હરાવી સ્વામિનારાયણ સંપ્રદાયનો દિગ્‌વિજય કર્યો. ત્યારબાદ શ્રીમંત સરકાર સયાજીરાવ ગાયકવાડના ભાવભીના નિમંત્રણનો સ્વીકાર કરી શ્રીજીમહારાજ સમસ્ત સંત હરિભક્તો સહિત સંવત ૧૮૮૨ના કારતક વદ પાંચમના દિવસે વડોદરા પધાર્યા. વડોદરામાં ત્રણ દિવસ રહીને શ્રીજીમહારાજે શ્રીમંત સયાજીરાવના સર્વે મનોરથ પૂર્ણ કર્યા.

આમ મહાસમર્થ યોગેશ્વર સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીએ વડોદરામાં સત્સંગના વટવૃક્ષરૂપી બીજનું સિંચન કરી એને પોષણ આપી વિરાટ વડલામાં પરિવર્તિત કર્યું. વડોદરા ઉપરાંત સ્વામીશ્રીએ વડસર, કલાલી તથા ઉમરેઠમાં પણ સત્સંગનો ઘણો પ્રચાર કર્યો હતો. ઉમરેઠના ખેડાવાળ બ્રાહ્મણો એ જમાનામાં વિદ્વત્તામાં અત્યંત ખ્યાતનામ હતા. સ્વામીશ્રીના પ્રકાંડ પાંડિત્ય તથા અલૌકિક પ્રતાપથી પ્રભાવિત થઈને એ શાસ્ત્રજ્ઞ પંડિતો પણ શ્રીજી આશ્રિત બન્યા હતા.

## યજ્ઞનારાયણનાં પ્રત્યક્ષ દર્શન

એકવાર વડોદરામાં વિષ્ણુયાગ થતો હતો, ત્યાં અનાયાસે ગોપાળાનંદ સ્વામી પધાર્યા. કોઈકે સ્વામીશ્રીને કુતૂહલવશ પૂછ્યું: "સ્વામી, યજ્ઞનારાયણ કોઈને પ્રત્યક્ષ દર્શન દેતા હશે કે નહિ?" સ્વામીએ કહ્યું: "આહુતિ આપનાર પુરુષ સમર્થ હોય તો યજ્ઞનારાયણ અવશ્ય પ્રત્યક્ષ પ્રગટ થઈને આહુતિ લે!" આ સાંભળી સૌએ સ્વામીશ્રીને પ્રાર્થના કરી કે, આપ કૃપા કરીને યજ્ઞમંડપમાં બિરાજી આહુતિ આપો તો આજ અમને યજ્ઞનારાયણનાં પ્રત્યક્ષ દર્શનનો દુર્લભ લ્હાવો મળે. સૌની લાગણીને માન આપી સ્વામીશ્રીએ યજ્ઞમંડપમાં બિરાજી વેદમંત્રના ઉચ્ચાર સાથે આહુતિ આપવાનો પ્રારંભ કર્યો. સૌના આશ્ચર્ય વચ્ચે યજ્ઞનારાયણ યજ્ઞકુંડની અગનજ્વાળાઓમાં પ્રગટ થઈ સૌને પ્રત્યક્ષ દર્શન દેવા લાગ્યા. યજ્ઞપુરુષની તેજરૂપ પ્રતિમા જ્વાળા વધે ઘટે તેના પ્રમાણમાં તેવડી ભાસતી હતી. સ્વામીશ્રી જ્યાં સુધી સ્વયં આહુતિ આપતા હતા ત્યાં સુધી યજ્ઞનારાયણે સ્વહસ્તે એ આહુતિ સ્વીકારી. સ્વામીશ્રીએ આહુતિ પૂર્ણ કરી એ સાથે જ યજ્ઞનારાયણ અદશ્ય થયા.

આમ સ્વામીશ્રી પોતાના અપાર સામર્થ્યના પ્રતાપે શાસ્ત્રોક્ત માન્યતાઓનો સમ્યક્ સાક્ષાત્કાર કરાવી મુમુક્ષુ

સત્સંગીઓની ધર્મનિષ્ઠા અને ઈશ્વરશ્રદ્ધાને વધુ સઘન ને બળવત્તર બનાવતા હતા.

## પ્રગાઢ તાદાત્મ્ય

મહારાજ અને એમના અનાદિ મુક્ત વચ્ચે કેવું પ્રગાઢ તાદાત્મ્ય હોય છે એ સ્વામીશ્રીના જીવનના એક પ્રસંગ ઉપરથી સહેજે સમજાય છે.

આ પ્રસંગ પણ સ્વામીશ્રીના વડોદરાના વસવાટ દરમ્યાનનો છે.* વડોદરામાં સ્વામીશ્રીનો અલૌકિક પ્રતાપ જોઈ અજ્ઞાની ને આસુરી જીવો બળી ઊઠ્યા. તેથી એ વિઘ્નસંતોષી દુરાત્માઓએ કેટલીક મુસ્લિમ સ્ત્રીઓને સમજાવ્યું કે, "આ સાધુ પરોઢિયે અંધારામાં નહાવા નીકળે ત્યારે તમારે એમની નજીક જઈ હો હા કરી એમની ફજેતી કરવી, જેથી એ વિવશ થઈને ગામ છોડી ભાગી જાય." એકવાર વહેલી સવારે જ્યારે સ્વામીશ્રી નહાવા જતા હતા ત્યારે એ નિર્લજ્જ કુલટાઓ હો હા કરતી સ્વામીશ્રીની પાછળ દોડી. સ્વામીશ્રી તો તરત જ નાડી -પ્રાણ સંકેલીને સમાધિમાં ચાલ્યા ગયા. સ્વામીશ્રીને આમ અચાનક અચેતન થઈને પડી જતા જોઈને એ દુષ્ટ સ્ત્રીઓ ગભરાઈને ભાગી ગઈ, પરંતુ પેલા વિઘ્નસંતોષી

* અબજીબાપાશ્રીનું જીવનચરિત્ર (ભાગ-૧, પૃષ્ટ ૧૫૪)

દુરાત્માઓએ સ્વામીશ્રીના નિશ્ચેતન દેહને એક કપડામાં બાંધીને બંધ ઓરડામાં પૂરી દીધો.

સ્વામીશ્રી નાહીને કલાકો સુધી પાછા ન ફરતાં તેમના મંડળના સંતોને ચિંતા થવા લાગી. સાંજે એ આખું મંડળ વડતાલ શ્રીજીમહારાજ પાસે આવ્યું. ગોપાળાનંદ સ્વામીના લાપત્તાના સમાચાર સાંભળી મહારાજ પણ ઉદાસ થઈ ગયા. એમણે અન્નજળનો સદંતર ત્યાગ કરી દીધો. મહારાજને આમ અત્યંત શોકાતુર થતા જોઈને મંદિરમાં સર્વે સંત હરિભક્તો પણ અત્યંત ઉદાસ થઈ ગયા.

આમ ને આમ ત્રણ ચાર દિવસ વીતી ગયા. પેલા દુરાત્માઓએ જોયું કે સાધુ હજી જાગ્યો નથી એટલે નક્કી એ મરી ગયો લાગે છે, માટે હવે કોઈ જાણે નહિ તેમ એની લાશને ઠેકાણે પાડી દઈએ. આમ વિચારી એ લોકોએ રાતના અંધારામાં સ્વામીશ્રીના દેહને તળાવમાં ફેંકી દીધો. પ્રાતઃકાળે સ્વામીશ્રી સમાધિમાંથી જાગૃત થતાં તળાવમાંથી બહાર નીકળી સીધા વડતાલ તરફ ચાલી નીકળ્યા. સ્વામીશ્રી વડતાલ નજીક આવી પહોંચ્યા ત્યારે શ્રીજીમહારાજે એ વાત અંતર્યામીપણે જાણી લઈને સભામાં હર્ષભેર કહ્યું: "સંતો! ચાલો, સ્વામી આવે છે." આમ કહીને મહારાજ સ્વામીશ્રીનું સામૈયું કરવા ઉતાવળે સામે દોડ્યા. મહારાજની પાછળ સર્વે સંત હરિભક્તો પણ જોડાયા. માર્ગમાં દૂરથી

સ્વામીશ્રીને આવતા જોઈને મહારાજે દંડવત્ કરવા માંડ્યા, સ્વામીશ્રી પણ સામા મહારાજને દંડવત્ કરે. પછી મહારાજે ઉતાવળા દોડીને સ્વામીશ્રીને ઉપાડી લીધા ને બાથમાં ઘાલીને મળી ઘણું હેત જણાવ્યું. બે મરમીઓના એ અભૂતપૂર્વ મિલનને જોઈ ત્યાં ઊભેલા સઘળા સંત હરિભક્તોનાં નેત્રો સજળ થયા વિના ન રહ્યાં. પછી મહારાજે સૌને કહ્યું: "બધા એક પછી એક સ્વામીને મળો, આ તો અમારું તન છે." મહારાજના દિલમાં સ્વામીશ્રીનું આવું અપૂર્વ સ્થાન જોઈ સર્વે સંત હરિભક્તો સ્વામીશ્રીનો યથાર્થ મહિમા સુપેરે સમજી ગયા.

## જૈન મુનિ નેમીવિજયજી

બોટાદના ભગા દોશી તથા તેમના પુત્ર શિવલાલ સ્વામીના અનન્ય શિષ્ય હતા. ભગા દોશી જન્મે જૈનધર્મી હતા, તેથી સ્વામિનારાયણ સંપ્રદાયના આશ્રિત સત્સંગી બન્યા પછી જૈન સમાજે એમના કુટુંબનો બહિષ્કાર કરેલો. જૈન મુનિઓ એમને સત્સંગ છોડી જૈન ધર્મમાં પાછા આવવા માટે વારંવાર સમજાવતા હતા. છતાંય એમણે જીવનપર્યન્ત માથા સાટે સત્સંગ જાળવ્યો હતો.

એકવાર કાઠિયાવાડમાં પોતાની વિદ્વત્તાથી ખ્યાતનામ થયેલા જૈન મુનિ નેમીવિજયજી બોટાદ આવ્યા હતા.

એમણે ભગા દોશીને ઉપાશ્રયમાં બોલાવી ઠપકો આપતાં કહ્યું: "આપણાં શાસ્ત્રો પ્રમાણે આ પાંચમાં આરામાં ભગવાન આવે જ નહિ. તમને કોણે ભરમાવ્યા છે? સ્વામિનારાયણમાં તમે એવું તો શું જોયું કે બાપદાદાનો ધર્મ મૂકી દીધો? બોલાવો એમને અહીં, હું જોઈ લઈશ. તમને જૈન ધર્મમાં પાછા લાવું તો જ હું જૈન મુનિ સાચો!" આ સાંભળી ભગા દોશી મૂંઝાયા. એમણે તાત્કાલિક માણસ સાથે સાળંગપુર પત્ર મોકલીને સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીને બોટાદ પધારવા પ્રાર્થના કરી. એ વખતે સ્વામીશ્રી સાળંગપુર હતા. સ્વામીશ્રી તત્કાળ ગાડી જોડાવી બોટાદ આવ્યા. સ્વામીની ગાડી બોટાદના બજારમાંથી પસાર થતી હતી ત્યારે બજારમાં આવેલા જૈન ઉપાશ્રયના દરવાજે બારણાની બારસાખ પકડીને ઊભેલા જૈન મુનિ નેમીવિજયને સ્વામીશ્રીએ જોયા. એટલે સ્વામીએ ગાડી ત્યાં જ ઊભી રખાવી અને નીચે ઊતરી પોતે ઉપાશ્રય પાસે ગયા. સ્વામીએ શાંતિથી પણ સત્તાવાહી સ્વરમાં જૈન મુનિને પૂછ્યું: "તમે અહીં સત્સંગ વિરુદ્ધ પ્રવૃત્તિ શા માટે કરો છો?" એક અલૌકિક પ્રતિભાવંત સાધુ તરફથી અચાનક સીધો પ્રશ્ન સાંભળી જૈન મુનિ તો અવાચક્ બની ગયા. સ્વામીને પહેલાં કદી એ મળ્યા નહોતા એટલે એમણે ઉત્સુકતાથી પૂછ્યું: "તમે કોણ છો?"

"અમે આ જગતના જીવોના ભગવાન છીએ." સ્વામીએ જમણા હાથની તર્જનીને ચારે દિશામાં ગોળ ઘુમાવી પછી મૂઠ્ઠી વાળી હાથ હૃદય ઉપર મૂકતાં કહ્યું:

"તો પછી સ્વામિનારાયણ કોણ છે?" જૈન મુનિ તાડૂક્યા.

"એ અમારા ભગવાન છે!" સ્વામીએ શાંતિથી જવાબ આપ્યો. આ સાંભળી જૈન મુનિ અત્યંત ઉશ્કેરાઈ ગયા. જૈનદર્શન પ્રમાણેનું એમનું સીમિત જ્ઞાન એમને આ બધું કેમ માનવા દે?

"તમે આવો દંભ કરો છો પણ તમારી આ કપોળકલ્પિત વાતોની મારા ઉપર કાંઈ અસર નથી થવાની..." એ બરાડ્યા. મુનિના આવા બેજવાબદાર શબ્દો સાંભળીને સ્વામીશ્રીએ પાસેના એક ઓટલા ઉપર આસન કર્યું ને પછી સ્થિર એકાગ્ર દૃષ્ટિએ એમની સામે જોયું. ક્ષણ બે ક્ષણમાં તો નેમીવિજયજી દરવાજામાં જે મુદ્રામાં ઊભા હતા એ સ્થિતિમાં જ ત્યાં જડવત્ થઈ ગયા. એમની ખુલ્લી આંખો નિશ્ચેતન બની ગઈ. તમાસાને ક્યાં તેડું હોય છે? આ જોવા માટે લોકોનાં ટોળેટોળાં ઊમટી આવ્યાં. એકઠાં થયેલાં લોકોએ સ્વામીને પ્રાર્થના કરી કે, "મહારાજ, આ મુનિ મરી જશે તો જૈન સમાજ કાળો કેર કરશે. માટે કૃપા કરીને એમને માફ કરી દો ને જલ્દીથી

હતા એવા સ્વસ્થ કરી દો." સ્વામીએ મધુર સ્મિત સાથે લોકોને સાંત્વન આપતાં કહ્યું: "મુનિ મરી નથી ગયા, એ તો સમાધિમાં મહાસુખ માણે છે. થોડીક વારમાં જ એ જાગૃત થશે માટે ધીરજ રાખો." થોડી વારમાં મુનિ ભાનમાં આવ્યા. દોડીને સ્વામી પાસે આવી વંદન કરતાં એ બોલ્યા: "આપ... ખરેખર.... કહો છો એવા જ સમર્થ છો. મને ક્ષમા કરો, આજથી હું આપના સંપ્રદાયની ક્યારેય ટીકા નહિ કરું." લોકોએ જ્યારે મુનિને સમાધિના અનુભવ વિષે પૂછ્યું ત્યારે એમણે જણાવ્યું: "સમાધિમાં મને ચોવીસ તીર્થંકરોનાં દર્શન થયાં, એમણે મને આ મહાપુરુષની મહત્તા સમજાવી. જો કે એમનો અપરાધ કરવા બદલ મારે યમપુરીની યાતના પણ સહન કરવી પડી." આ બનાવ પછી બોટાદમાં સત્સંગની પ્રતિષ્ઠા અનેકગણી વધી ગઈ.

## શેઠ હેમરાજશા

એકવાર સ્વામીશ્રી ભાલ દેશના સુંદરિયાણા ગામે પધાર્યા હતા. ડોસા ખાચરના દરબારમાં એમનો ઉતારો હતો. ડોસા ખાચરના કારભારી વનાશા વીસા મોઢ વૈષ્ણવ વાણિયા હતા. વનાશા અને પૂંજાશા બન્ને ભાઈઓ શ્રીજીમહારાજના પ્રસંગથી દશેક વર્ષથી સત્સંગી થયા હતા. એમના પિતા શેઠ હેમરાજશા ધર્મે ચુસ્ત વૈષ્ણવ અને વ્યવહારે વણિક જ્ઞાતિના

આગેવાન હતા. એ એમ માનતા કે, સ્વામી તો એક વ્રલ્લભ સ્વામી જ, બીજા તો બધા બાવા, ભેખ ને ફકીર. સ્વામિનારાયણના સાધુઓ તો એમને દીઠાય ન ગમતા. આ કારણે જ વનાશા સત્સંગી થયા પછી પણ એમને આંગણે સંતોની કે શ્રીહરિની પધરામણી નહોતી થઈ, અને એ વાતનો એમના અંતરમાં હંમેશાં અજંપો રહેતો હતો. એક દિવસ વનાશાએ સદ્ગુરુ ગોપાળાનંદ સ્વામીને પોતાના અજંપાની આ વાત કરી, ત્યારે સ્વામીશ્રીએ કહ્યુંઃ "વનાશા, તમારા બાપુને મારી પાસે અહીં લઈ આવો તો વાત બને...'

"સ્વામી, બાપુ અહીં આપની પાસે તો કોઈ સંજોગોમાં ન આવે, હું એમને બરાબર ઓળખું છું." વનાશાએ દલીલ કરી.

"ભલે....ભાઈ, એમ કરો....બાપુને કહેજો કે સ્વામીને શરીરે કસર જેવું છે માટે તમને ઔષધ કરાવવા સારું બોલાવે છે, એટલે એ જરૂર આવશે." સ્વામીએ તોડ પાડ્યો.

હેમરાજશા નિપુણ નાડીવૈદ્ય હતા. વનાશાએ સાંજે એમને વાત કરીઃ "બાપુ, સ્વામીને શરીરે કસર જેવું જણાય છે. તમે જો આવો તો ઠીક; નહિ તો અટાણે ધંધુકાથી વૈદ્ય બોલાવવો પડશે." આ સાંભળી વૈદ્યરાજનું અંતર પીગળ્યું ને એ વનાશા સાથે સહસા ડોસા ખાચરના દરબારમાં આવ્યા. સ્વામી એ વખતે ઢોલણી ઉપર બેસીને વાતો

કરતા હતા. હેમરાજશા 'જય શ્રીકૃષ્ણ' કહી સ્વામી પાસે બેઠા. સ્વામી કહે, "શેઠ, અમારા શરીરે કસર જેવું જણાય છે. તમે તો રાજવૈદ્ય છો તો અમારી નાડી જોઈ નિદાન કરો." આમ કહી સ્વામીએ પોતાનો હાથ આગળ ધર્યો, એટલે વૈદ્યે તરત સ્વામીની નાડી ઉપર આંગળી મૂકી. પરંતુ એ સાથે જ એ નિપુણ નાડીવૈદ્ય અચંબામાં પડી ગયા. આ શું? હાથમાં નાડી જ ગાયબ! એટલામાં વૈદ્યરાજને સ્વામીના કંઠમાં નાડી જણાઈ, પણ કંઠ ઉપર આંગળી મૂકી ત્યાં તો ત્યાંથી પણ નાડી છટકી. પછી તો વૈદ્યે સ્વામીના સાથળ, ચરણ, કાન જ્યાં પણ નાડી તપાસવા પ્રયત્ન કર્યો ત્યાં એકે જગ્યાએ નાડી ન મળી. અને છતાંય સ્વામી તો સ્વસ્થતાથી વાતો કર્યા કરતા હતા! હેમરાજશાને હવે કપાળે પરસેવો વળી ગયો. એમને થયું: "યોગવિદ્યાના અભ્યાસુ હઠયોગીઓ શરીરની ક્રિયાઓ ઉપર કાબૂ મેળવે છે એ તો સમજ્યા, પરંતુ આ સ્વામીશ્રીની સિદ્ધિ તો વિરલ છે. અષ્ટાંગ યોગની આવી અભૂતપૂર્વ સિદ્ધિ શ્રીકૃષ્ણ પ્રભુ સિવાય કોઈની સાંભળી નથી. માટે નક્કી આ સંત ઈશ્વરાવતાર જ હોવા જોઈએ."

હેમરાજશાએ સ્વામીનાં ચરણોમાં માથું મૂકી નિર્વિકલ્પ શરણાગતિ સ્વીકારતા પ્રાર્થના કરી: "સ્વામિન્! આપ તો મને સાક્ષાત્ શ્રીકૃષ્ણ જ ભાસો છો. માટે દયાળુ, કૃપા કરી મને

આપના શરણમાં લો અને 'બ્રહ્મસંબંધ' આપો." સ્વામીએ હેમરાજશાને ઊભા કરી પાસે બેસાડતાં કહ્યું: "શેઠ, ભગવાન તો એક સહજાનંદ સ્વામી જ છે, હું તો એમનો દાસ છું. તેઓ હાલમાં ગઢડા બિરાજે છે. આપ તેમને શરણે જાઓ. શ્રીહરિજી આપને જરૂર 'બ્રહ્મસંબંધ' આપશે."

શ્રીજીમહારાજ પાસે 'બ્રહ્મસંબંધ' લઈને શેઠ હેમરાજશા સત્સંગી બન્યા. સમય જતાં પોતાની અનન્ય નિષ્ઠા અને પ્રજ્ઞા વડે એ સંપ્રદાયના નોંધપાત્ર સત્સંગી બન્યા. મહારાજે એમની નિષ્ઠાની પ્રશંસા વચનામૃતમાં પણ કરી છે.

## ગરીબ સાધુ

સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી અત્યંત નિસ્પૃહ ને નિરપેક્ષ સંત હતા. પોતે મહાસમર્થ ને સ્વતઃસિદ્ધ સ્વતંત્ર હોવા છતાં અત્યંત નિર્માનીપણું ને દાસાનુદાસ સેવાભક્તિ એ તેમની લાક્ષણિક્તા હતી. વચનામૃતમાં (ગ. મ. ૬૨) શ્રીજીમહારાજે એમની દાસ્યભક્તિને વખાણી છે.

સ્વામીશ્રી એક ગરીબ સંત હતા. "ગરીબ કોણ?" એવો પ્રશ્ન એકવાર એમણે જ સભામાં પૂછ્યો હતો. કોઈ યથાર્થ ઉત્તર ન આપી શક્યું ત્યારે પોતે જ એ શબ્દના લક્ષ્યાર્થને બતાવતા બોલેલા: "ગરીબ એ જે

સમર્થ હોવા છતાં નાનામાં નાના જીવોની અજ્ઞાનવશ ધૃષ્ટતા સહન કરે, ઐશ્વર્યવાન હોવા છતાં જે અનિકેત રહે, શક્તિમાન હોવા છતાં જે પામર જીવો પ્રત્યે પણ નિર્માનીપણે વર્તે– એ જ સાચો ગરીબ છે!" કેટલી ઉદાત્ત છે આ વ્યાખ્યા!!

સ્વામીશ્રી માનતા કે સંતોના વાણી અને વર્તનમાં હંમેશાં એકવાક્યતા– એકરૂપતા હોવી જોઈએ. વિચાર અને આચાર વચ્ચેનું અંતર નહિવત્ હોવું જોઈએ. સ્વામી પોતે પણ બીજાના સમાસ અર્થે પંચવિષયનો અતિશય ત્યાગ રાખતા. ભોજનમાં એ દૂધ-ઘી ક્યારેય લેતા નહિ. રોટલી કે ભાખરી પણ ઘી ચોપડ્યા વિનાની લેતા. એકવાર ગુણાતીતાનંદ સ્વામીએ અત્યંત હેતપૂર્વક ઘી ચોપડેલી રોટલી એમના પાત્રમાં મૂકી. સ્વામીશ્રીએ ઘણી ના પાડી, છતાંય ગુણાતીતાનંદજીએ આગ્રહ કરીને એ જમાડી. પછી જ્યારે કથાવાર્તાનો સમય થયો ત્યારે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું: "આજે મારાથી ત્યાગ-વૈરાગ્યની વાતો નહિ થઈ શકે. ગુણાતીતાનંદ સ્વામીના પ્રેમને વશ થઈને પણ આજે મારાથી રસાસ્વાદ થયો છે." કેટલી જાગરુકતા! જો કે સંતોનાં આવાં ચરિત્રો અન્ય મુમુક્ષુઓની શિક્ષાને અર્થે જ હોય છે, જે મુક્ત છે (released souls) એમને શું આવરણ કરી શકે?

કપડાં પણ સ્વામીશ્રી સાદાં ને બરછટ પહેરતા. એકવાર એક ભક્તે સુતરાઉ ધોતિયું આપ્યું ને પ્રાર્થના કરી કે, "સ્વામી, આ ધોતિયું ફાટે ત્યાં લગી પહેરજો." સ્વામીશ્રીએ એ ધોતિયું પહેર્યું ત્યારે ખબર પડી કે એની કિનાર રેશમની છે. સ્વામીને એ ન રુચ્યું. ત્યાં તો યોગાનુયોગે બેસવા જતાં એ ફાટ્યું એટલે તરત જ સ્વામીશ્રીએ વસ્ત્ર બદલી નાખ્યું. આમ આવા પ્રસંગોમાં પણ સ્વામીશ્રી હરિભક્તનો પ્રેમભાવ અને પોતાનો ત્યાગ એ બન્નેને સાચવતા.

## અનુવૃત્તિમાં અગ્રેસર

ગઢપુરમાં એકવાર શ્રીજીમહારાજે દાદાખાચરના દરબારમાં નાના-મોટા સૌ સંતોને બોલાવીને પૂછ્યું: "સંતો, દાદાખાચરના એક વ્યવહારિક કામે મુંબઈ જવું પડે તેમ છે. જો તમારામાંથી કોઈ સાધુ જાય તો અમારે જાવું ન પડે." આ સાંભળી બધા સંતો આઘાપાછા થવા લાગ્યા. કોઈ કહે 'મારે ભણવું છે' તો કોઈ કહે 'મારે લખવાનું બાકી છે' અંતે બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને કહ્યું: "મહારાજ, એક યોગી જાય એવા છે." મહારાજ કહે, "બોલાવો તેમને!" ઘેલાના ઉગમણે ખળખળિયે બેસીને યોગ સાધના કરતા યોગેશ્વર ગોપાળાનંદ સ્વામીને બોલાવવામાં

આવ્યા. મહારાજે ગોપાળાનંદ સ્વામીને પૂછ્યું: "સ્વામી, તમે દાદાખાચરના વ્યવહારિક કામે મુંબઈ જશો?" સ્વામીએ તરત હા પાડી. મહારાજે વળી પૂછ્યું: "સ્વામી, તમારા મંડળમાં કેટલા સાધુ છે?" સ્વામી કહે, "ત્રીશ સાધુ છે, મહારાજ!" "એમાંથી કેટલા તમારી સાથે મુંબઈ આવવા તૈયાર છે?" મહારાજે આગળ પૂછ્યું. "ફક્ત સાત સાધુ!" સ્વામીએ જણાવ્યું. મહારાજે અઠવાડિયા સુધી એ સાત સાધુ સમેત ગોપાળાનંદ સ્વામીને પોતાનો પ્રસાદીનો થાળ જમાડી ખૂબ રાજીપો જણાવ્યો. જ્યારે પણ સ્વામીશ્રી મુંબઈ જવા માટે મહારાજની આજ્ઞા માગે ત્યારે મહારાજ અત્યંત પ્રસન્નતા જણાવી એમને રોકી લેતા. અંતે મહારાજે એ કામ માટે લાધા ઠક્કરને મુંબઈ મોકલ્યા ને સ્વામીશ્રીને પ્રસન્નપણે પોતાની સમીપમાં જ રાખ્યા. આમ સ્વામીશ્રીને પોતાની અનુવૃત્તિમાં બહુ વર્તતા જોઈને મહારાજ એમના પર અત્યંત રાજીપો દર્શાવતા.

## ઉદાર મતવાદી

સ્વામીશ્રી ઘણીવાર એમ કહેતા કે, "શ્રીહરિજીની પ્રસન્નતા માટે એમની આજ્ઞા અનુસાર સર્વેએ ધર્મનિયમનું અણિશુદ્ધ પાલન કરવું જ જોઈએ. એમાં શિથિલતા જરાય ન ચાલે, પરંતુ જો ક્યારેક કોઈનાથી કોઈ વર્તમાનનો ભંગ

થઈ જાય તો એનું યથોચિત પ્રાયશ્ચિત્ત કરાવી તેને સુધરવાની તક અવશ્ય આપવી જોઈએ." આમ સ્વામીશ્રી ઉદાર મતવાદી હતા.

એકવાર હમીર નામના એક ભક્તથી વર્તમાન ભંગ થવાથી એને સત્સંગમાંથી વિમુખ કરવામાં આવ્યો. હમીરે સાચા હૃદયથી પ્રાયશ્ચિત્ત કર્યું ને પોતાને પુનઃ સત્સંગમાં અપનાવવા પ્રાર્થના કરી, ત્યારે બધાના સખત વિરોધ વચ્ચે પણ સદ્‌ગુરુ સ્વામીશ્રીએ હમીરને ક્ષમા અપાવી સત્સંગમાં પાછો આણ્યો.

સ્વામીશ્રીનું કહેવું એમ હતું કે, "પાપનું પ્રાયશ્ચિત્ત કરાવ્યા પછી પણ જો આપણે હમીરને સત્સંગમાં નહિ અપનાવીએ તો એ નિરાશ થશે અને અંતે કુસંગીઓના સંગથી કલ્યાણના માર્ગથી ભ્રષ્ટ થશે. એને બદલે આપણે તેને અપનાવી આપણી વચ્ચે રાખીને સુધારીએ એ જ યોગ્ય નિર્ણય છે." સ્વામીશ્રીના આવા સમયસૂચક વ્યવહારુ નિર્ણયો મહારાજને બહુ રુચતા!

## આત્મનિષ્ઠા

સ્વામીશ્રીની ઉપદેશ આપવાની રીત અનોખી હતી. એકવાર તેઓ પોતાના સંતમંડળ સાથે ફરતા ફરતા સારંગપુર પાસેના જંગલમાં આવી એક ઝાડ નીચે બેસી ભગવદ્‌ચર્ચા

કરતા હતા, ત્યારે એક સંતે પૂછ્યું: "સ્વામી, આત્મનિષ્ઠાનું શું રૂપ હશે?" સ્વામી કહે, "ઘડીક ખમો, બતાવીએ છીએ." એટલામાં તો સત્સંગના દ્વેષી વૈરાગી બાવાઓનું એક ઝુંડ ત્યાં આવી ચડી સંતોને મારવા લાગ્યું. બધા સંતો જીવ બચાવવા પાસેની ઘાટી બાવળીમાં પેસી ગયા. થોડીવારે બાવાઓ ગયા પછી સંતો એ કાંટાળી બાવળીમાંથી બહાર નીકળ્યા. ઝાડીમાં બાવળના તીક્ષ્ણ કાંટાઓ આખા શરીરમાં ઘૂસી જવાથી પારાવાર પીડાથી ઊંહકારા બોલાવતા સંતો સ્વામીશ્રીને કહેવા લાગ્યા: "ગુરુ...અમારાથી તો નથી બેસાતું કે નથી ચલાતું. કાંઈક ઉપાય કરો." સ્વામીશ્રીએ ગામમાંથી ચીપિયા મંગાવી સર્વેના કાંટા કાઢી ઘા ઉપર રાખ ભભરાવી રૂ દબાવ્યું અને પછી સર્વેને ધીરે ધીરે ગઢપુર લાવ્યા. અક્ષરઓરડીમાં સંતોએ જ્યારે મહારાજને સર્વે વૃત્તાંત કહ્યો ત્યારે મહારાજ બોલ્યા: "ગોપાળાનંદ સ્વામીએ તમારા સર્વેના કાંટા કાઢ્યા, પરંતુ કોઈએ સ્વામીના શરીરમાંથી કાંટા કાઢ્યા કે નહિ?" આ સાંભળી સર્વે સંતોના મોંઢા વિલાઈ ગયાં. "અરેરે.... મહારાજ, અમે અમારી પીડામાં સ્વામીના કાંટા કાઢવાનું તો સાવ ભૂલી જ ગયા...." પછી મહારાજે જાતે ચીપિયાથી સ્વામીશ્રીના શરીરમાંથી કાંટા કાઢી રૂ દબાવ્યું અને એ કાંટાઓનું વજન કર્યું તો એટલું બધું થયું કે જો સામાન્ય માણસને

એટલા કાંટા શરીરમાં પેસી ગયા હોય તો તેનો દેહ રહે નહિ.[1] આટલા બધા કાંટા સાથે સ્વામીશ્રી સારંગપુરથી ગઢપુર ગયા પણ પીડાનો એક ઊંહકાર સરખો ન કર્યો એનું જ નામ આત્મનિષ્ઠા! આત્મનિષ્ઠા અંગેનું આનાથી જ્વલંત ઉદાહરણ બીજું ક્યું હોઈ શકે?

## 'એમના જેવા કોઈ નથી!'

આ. સં. ૧૮૭૭ના ફાગણ મહિનામાં શ્રીજીમહારાજ રાસોત્સવ ઉજવવા માટે સંત-હરિભક્તો સાથે પંચાળા પધાર્યા હતા.[2] એક દિવસ મહારાજે સભામાં સંતહરિભક્તોને તિલક ચાંલ્લો કરવાની આજ્ઞા કરી અને તે કેવી રીતે ને કેવા કરવા તે પણ શીખવ્યું. ત્યારથી સંપ્રદાયમાં તિલક ચાંલ્લો કરવાની પ્રણાલિનો પ્રારંભ થયો.

એ વખતે સંતો ભગવાં કપડાં તો પહેરતા, પણ માથે ભગવી પાઘ પોતપોતાના પૂર્વાશ્રમના સંસ્કાર પ્રમાણે બાંધતા. કાઠી સંતો કાઠિયાવાડી પાઘડી બાંધતા, તો વૈશ્ય સંતો એમની રીતે બાંધતા. પરિણામે પાઘ ઉપરથી દરેક સંતોની પૂર્વાશ્રમની જાતિ અને વર્ણાશ્રમ સ્પષ્ટપણે જણાઈ આવતા હતા. શ્રીજીમહારાજે આ અંગે અભિપ્રાય

૧. બાપાશ્રીની વાતો (વાર્તાઃ ૨)

૨. શ્રીહરિ ચરિત્ર ચિંતામણિ- ભાગઃ ૧ (વાર્તા-૧૮૩)

લેવા ગોપાળાનંદ સ્વામીને પૂછ્યું: "સ્વામી, જાતિ અને વર્ણાશ્રમ તો સમાજ-વ્યવસ્થા માટે છે. સાધુ તો વર્ણાશ્રમથી પર છે. પરંતુ આપણા સંતોની અલગ અલગ પાઘ ઉપરથી એમના પૂર્વાશ્રમની જાતિ અને વર્ણ કળાઈ જાય છે, તો એનું કેમ કરીશું?" સ્વામીશ્રીએ સુંદર પ્રસ્તાવ રજૂ કરતાં કહ્યું: "મહારાજ, પાઘડીને બદલે દરેક સંત માથા ઉપર કાનટોપી પહેરી એની ઉપર ચોખંડો રૂમાલ વીંટી દે તો બધા જ સરખા દેખાય અને કોઈની જાતિ કળાય નહિ."

મહારાજે સ્વામીશ્રીનો પ્રસ્તાવ સહર્ષ વધાવી લીધો અને એ જ દિવસથી દરેક સંતને એ પ્રમાણે રૂમાલ વીંટવાની આજ્ઞા કરી. બીજા દિવસે સૌ સંતો એ પ્રમાણે માથે રૂમાલ બાંધીને આવ્યા હતા. ગોપાળાનંદ સ્વામીએ માથે રૂમાલ બાંધેલો પણ તેના બેય છેડા છૂટા રાખેલા, ખોસ્યા નહોતા. એ જોઈને શ્રીજીમહારાજે સંતોને કહ્યું: "સંતો, આ ગોપાળાનંદ સ્વામીએ રૂમાલના છેડા ખોસ્યા નથી તેથી કોઈ એમના માટે અવળો સંકલ્પ ના કરશો. એ તો જોગી છે ને એમના જેવા તો પાંચસો પરમહંસમાં કોઈ નથી. જેવો અમારો પ્રતાપ છે, તેવો જ એમનો છે!" મહારાજનાં આવાં વચન સાંભળી સૌ સંતો મહામુનિ ગોપાળાનંદ સ્વામીને મનોમન વંદી રહ્યા.

## પ્રાગટ્યના ગર્ભિત હેતુઓ

સં. ૧૮૭૮માં મહારાજે કારિયાણીમાં સમૈયો કર્યો હતો.* એ વખતે મહારાજે એક દિવસ સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીને અક્ષર ઓરડીમાં એકાંતે બોલાવી પોતાના પ્રાગટ્યના છ હેતુઓ સમજાવતાં કહ્યું: "સ્વામી, આ બ્રહ્માંડમાં મારું અને તમારું પ્રાગટ્ય કેમ થયું છે તે જાણો છો? આ બ્રહ્માંડ સર્જાયાને ઘણો કાળ થવા છતાં અહીંથી કોઈ જીવો અક્ષરધામમાં આવ્યા નહિ, એટલે અમે દત્ત તથા કપિલ આદિક અવતારોને પૃથ્વી પર મોકલ્યા. પરંતુ તેમને ભજીને પણ કોઈ ધામમાં ન આવ્યું. પછી ત્રેતાયુગમાં રામચંદ્રજીને મોકલ્યા. તે અગિયાર હજાર વરસ આ પૃથ્વી પર રહ્યા છતાં એકાંતિક ધર્મ પ્રવર્તાવી ન શક્યા. કળિયુગમાં શ્રીકૃષ્ણનેં મોકલ્યા, તે સવા સો વરસ રહ્યા, છતાંય અમારી ઉપાસના પ્રવર્તાવી ન શક્યા. અક્ષરધામમાં એકવાર તમે અમને કહ્યું: પ્રભુ, આપ સ્વયં આ બ્રહ્માંડમાં પધારો તો જ આ બ્રહ્માંડના જીવો આપને ભજીને આત્યંતિક કલ્યાણ પામી અક્ષરધામમાં આવે ત્યારે અમે તમને કહેલું: મુક્તરાજ, જ્યારે અમે આ બ્રહ્માંડમાં પ્રગટ થઈશું ત્યારે તમારે પણ ત્યાં આવવું પડશે. ત્યાં અમારી સર્વોપરી ઉપાસના પ્રવર્તાવવાનું કામ તમારે કરવાનું છે. માટે સ્વામી, આપણે અહીં

* સદ્‌ગુરુ શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો (વાર્તા: ૬૨૫-૬૨૬)

એકાંતિક ધર્મ પ્રવર્તાવી સર્વનું આત્યંતિક કલ્યાણ કરવા માટે આવ્યા છીએ." એ દિવસથી સ્વામીશ્રીએ મહારાજની આજ્ઞા અનુસાર એમની સર્વોપરી ઉપાસનાનું પ્રવર્તન શરૂ કર્યું.

નિષ્કુળાનંદ સ્વામી મહારાજની આ રહસ્યવાર્તા સાંભળી ગયા હતા, તેથી એમણે પણ પોતાના 'પુરુષોત્તમપ્રકાશ' ગ્રંથમાં અંતે લખી નાખ્યું કે, 'આનંદ આપ્યો અતિ ઘણો રે, આ સમામાં અલબેલ પુરુષોત્તમ પ્રગટી રે...'

## સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી

"આ ગુણાતીતાનંદ સ્વામી મોટા સનકાદિકનો અવતાર છે" એમ સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી ઘણીવાર કહેતા હતા.* મોટાનો મહિમા મોટા જ જાણે એ ન્યાયે ગુણાતીતાનંદ સ્વામી પણ સ્વામીશ્રીનો મહિમા અત્યંત જાણતા હતા. ગુણાતીતાનંદ સ્વામી ઘણીવાર કહેતા કે, "જે અમને ગોપાળાનંદ સ્વામી કરતા મોટા કહેશે એના મનમાં અસુર પ્રવેશ કરશે."

ગુણાતીતાનંદ સ્વામીને વાતોનું અંગ હતું. એમના આસને કથાવાર્તાનો અખંડ અખાડો ચાલતો. વચનામૃતનું

* સદ્‌ગુરુ નિર્ગુણદાસ સ્વામીની વાતો (વાર્તાઃ ૨૨૮)

એમને તલસ્પર્શી જ્ઞાન હતું. છતાં પણ તેઓ ઘણીવાર ભરી સભામાં કહેતા કે, "શ્રીજીનાં વચનામૃતો મને સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીના સમાગમથી જ જેમ છે તેમ સમજાયાં છે ને હવે તેનો નવો ને નવો જ સ્વાદ આવે છે."

સં. ૧૮૮૩માં શ્રીજીમહારાજે જ્યારે ગુણાતીતાનંદ સ્વામીને જૂનાગઢ મંદિરની મહંતાઈનો હાર પહેરાવવા માંડ્યો, ત્યારે તેમણે મહારાજને પ્રાર્થનાપૂર્વક કહ્યું: "મહારાજ, ગોપાળાનંદ સ્વામી વર્ષે એક મહિનો મને ભગવદ્ વાર્તા સંભળાવવા જૂનાગઢ પધારે તો હું હાર પહેરું." આ સાંભળી મહારાજે એ અંગે ગોપાળાનંદ સ્વામીને પૂછ્યું અને જ્યારે સ્વામીશ્રીએ પ્રતિવર્ષે એક મહિનો જૂનાગઢ રહેવાની સંમતિ આપી ત્યારે જ ગુણાતીતાનંદ સ્વામીએ જૂનાગઢ મંદિરની મહંતાઈ સ્વીકારી.

એકવાર સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીએ ગુણાતીત મુનિને એકાંતમાં બોલાવીને પૂછ્યું: "સ્વામી, જ્યારે કોઈ અજ્ઞાની જીવો સારા-નરસા શબ્દો બોલી તમારું અપમાન કરે અથવા દેહાદિકનું સુખ-દુઃખ આવે ત્યારે તમને વિક્ષેપ પરાભવ કરે છે?" ગુણાતીતાનંદ સ્વામીએ નિખાલસ એકરાર કરતાં કહ્યું: "હા સ્વામી, ક્યારેક થાય છે." સ્વામીશ્રી કહે, "જુઓ, તમે બાહ્ય-વૃત્તિથી મૂર્તિ સિદ્ધ કરી છે તેથી તમને વિક્ષેપ પરાભવ કરે છે. હવે તમે આત્માને શુદ્ધ સત્તારૂપ

માની એની 'અક્ષરબ્રહ્મ' સંગાથે એકતા કરી એ એકરસ ચૈતન્યમાં શ્રી પુરુષોત્તમનારાયણની દિવ્ય મૂર્તિ ધારો તો સર્વે વિક્ષેપ સદાય માટે વિરામ પામી જશે.* ત્યારબાદ ગુણાતીતાનંદ સ્વામીએ એ પ્રમાણે ધ્યાન કરવા માંડ્યું એટલે દેહાદિકના ભાવ ટળી ગયા ને એમનો દિવ્ય ચૈતન્ય મહારાજની મૂર્તિમાં પ્રતિ ક્ષણ રમણ કરવા લાગ્યો.

## કાંટા વગરની બોરડી

મુંબઈના ગવર્નર સર જ્હોન માલ્કમના આગ્રહભર્યા આમંત્રણને માન આપીને શ્રીજીમહારાજ આ. સં. ૧૮૮૯ના ફાગણ મહિનામાં સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, દાદાખાચર ઇત્યાદિ સંત હરિભક્તો સાથે રાજકોટ પધાર્યા હતા.

રાજકોટમાં કોઠારિયા દરવાજા પાસે આવેલી ફૂલવાડીમાં એક બોરડીના ઝાડ પાસે બાંધેલા વિશાળ જરિયાન તંબુમાં શ્રીજીમહારાજનો ઉતારો હતો. ફાગણ સુદ પાંચમના રવિવારે શ્રીજીમહારાજ અને સર જ્હોન માલ્કમ વચ્ચે જગપ્રસિદ્ધ યાદગાર મુલાકાત યોજાઈ. રાજકોટથી ગઢપુર પાછા ફરતી વેળાએ ગોપાળાનંદ સ્વામીની પાઘ બોરડીના કાંટામાં ભરાતાં તેનો એક

* સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસ સ્વામીની વાતો (વાર્તાઃ ૬૨)

છેડો નીકળી ગયો. સ્વામીએ બોરડી સામે જોઈ હસતાં હસતાં કહ્યું: "તારી છાયા નીચે સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ ઊતર્યા છતાં હજુ પણ તેં તારો કાંટાળો સ્વભાવ મૂક્યો નથી?" ગોપાળાનંદ સ્વામીના આ વચને બોરડીના બધા જ કાંટા નીચે ખરી પડ્યા.

આ કોઈ દંતકથા નથી, પરંતુ નક્કર વાસ્તવિક હકીકત છે. આ કાંટા વગરની બોરડી આજે પણ રાજકોટના સ્વામિનારાયણ મંદિરના પ્રાંગણમાં સત્પુરુષના વચનમાં કેટલી શક્તિ છે તેની સાક્ષી પૂરતી ઊભી છે!

## અનેક સદ્‌ગુરુઓના માર્ગદર્શક

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી ઘણીવાર કહેતા કે, "કૃપાનંદ સ્વામી ગંગાજીના જળ જેવા હતા, જેમ ગંગાનો પ્રવાહ ચાર ગાઉમાં ચાલ્યો જતો હોય તે કોઈનો હટાવ્યો પાછો હટે નહિ; તેમ તેમની વૃત્તિ કોઈની હટાવી ભગવાનમાંથી હટતી નહિ.... જ્યારે ગોપાળાનંદ તો, દરિયા જેવા, અનંત જીવોને સુખિયા કરી નાખે તેવા હતા.* ખરેખર! ગોપાળાનંદ સ્વામી કલ્યાણના મહાસાગરરૂપ હતા. એ દરિયામાં જેણે જેણે ડૂબકી મારી, જે એના જળ વડે નાહ્યા, અરે.... જેણે અંજલિભર

* સ્વામીની વાતો (પ્ર. ૨, વાર્તા ૫૭)

આચમન પણ કર્યું એ સર્વે આત્યંતિક કલ્યાણના અધિકારી બની ગયા હતા.

શામળિયા ચૈતન્યાનંદ સ્વામી તો સત્સંગમાં મોટા સદ્‌ગુરુ ગણાતા, એમને પોતાની જીવનસંધ્યા ટાણે સ્વામીશ્રીની યથાર્થ ઓળખાણ થઈ. સ્વામીશ્રી પાસેથી શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસનાનું લક્ષ્યાર્થ જ્ઞાન જ્યારે મેળવ્યું ત્યારે તેમને 'અહો અહો' થઈ ગયું. તેમને લાગ્યું, મેં જો ગોપાળાનંદ સ્વામીનો સમાગમ ન કર્યો હોત તો મારો આ જન્મ વૃથા જાત અને ઉપાસનાની સંદિગ્ધ સમજણ સાથે જ આ દેહ છૂટી જાત!

સર્વનિવાસાનંદ સ્વામીએ તો ગોપાળાનંદ સ્વામીને જ પોતાની જીવન નૈયાના નાખુદા માનેલા. તેથી સ્વામીશ્રીનો સમાગમ કરવા માટે જ્યારે તેઓ અમદાવાદથી વડતાલ જવા તૈયાર થયા ત્યારે અમદાવાદના આચાર્યશ્રીએ તે અમદાવાદ મંદિર છોડીને ન જાય તે માટે ઘણાં પ્રલોભન આપ્યાં, પરંતુ સર્વનિવાસાનંદને તો સ્વામીશ્રીનો સમાગમ કરી એમની અહૈતુકી કૃપા મેળવી બ્રહ્મસ્થિતિ સિદ્ધ કરવી હતી; એટલે બધાં જ પ્રલોભનો ફગાવીને તેઓ વડતાલ જઈને સ્વામીશ્રીની સેવામાં રહ્યા. કાળાન્તરે સ્વામીશ્રીની પરમ કૃપાનું ભાજન બનીને સર્વનિવાસાનંદજી મુક્ત સ્થિતિને પામ્યા હતા.

ગુણાતીતાનંદ સ્વામીએ એકવાર મહામુનિ ગોપાળાનંદ સ્વામી પાસે બે સારા સાધુની માગણી કરી. સ્વામીશ્રીએ જ્યારે સર્વનિવાસાનંદ સ્વામીને જૂનાગઢ જવાની આજ્ઞા કરી ત્યારે તેઓ બાલમુકુંદાનંદ સ્વામી સાથે ખુશીથી જૂનાગઢ ગયા ને જીવનપર્યન્ત ગુણાતીતાનંદ સ્વામીની સેવામાં રહ્યા. મોટા પુરુષના ગમતામાં રહેવું એ એમની પાસે રહેવા કરતાંય અધિક છે.

ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છેઃ 'सद्रशं चेष्टते स्वस्थाः प्रकृतेर्ज्ञानवानपि।'* અર્થાત્ જ્ઞાની પુરુષ પણ પોતાના સ્વભાવ અનુસાર જ વર્તે છે. સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી કહેતા કે, "જ્ઞાની હોય, વિચારવાન હોય, સમાધિનિષ્ઠ હોય તો પણ જ્યાં સુધી જીવમાંથી રાગ ટળતા નથી ત્યાં સુધી જન્મમરણ થયા કરે છે, અને પ્રતિલોમવૃત્તિએ ધ્યાન કર્યા વિના જીવ પર આવરણ કરી રહેલા રાગ ક્યારેય નિર્મૂળ થતા નથી." સ્વામીશ્રીએ અસંખ્ય જ્ઞાની ને સમાધિનિષ્ઠ મુક્તોને પ્રતિલોમ ધ્યાનની સમ્યક્ સમજણ આપી આત્યંતિક સ્થિતિની ઉપલબ્ધિ કરાવી હતી.

ભાદરાના રતના ભક્ત જ્ઞાની ને સમાધિનિષ્ઠ હતા, પરંતુ પૂર્વ સંસ્કારને કારણે એમના અંતરમાંથી કામ વિકાર ટળતો નહોતો. પરિણામે પહેલી પત્નીના મૃત્યુ બાદ રતના

* શ્રીમદ્ ભગવદ્‌ગીતા (અધ્યાય-૩, શ્લોકઃ ૩૩)

ભક્તે તરત જ બીજી વાર લગ્ન કર્યાં. દૈવયોગે બીજી પત્ની પણ સ્વધામ સિધાવી ત્યારે એમણે ત્રીજીવાર ઘર માંડ્યું. ભર્તૃહરિએ કહ્યું છે કે- 'कामा न भुक्ता वयमेव भुक्ता ।' કામ ભોગવાતો નથી, આપણે જ ભોગવાઈએ છીએ. રતના ભક્તની વાસના ક્ષીણ થવાને બદલે દિનપ્રતિદિન વધુ ને વધુ પ્રબળ બનતી ગઈ. ત્રીજી વાર ઘર ભાંગતાં જ્યારે તેમણે ચોથીવાર પુનર્લગ્ન કર્યાં ત્યારે કોઈકે ગોપાળાનંદ સ્વામીને કાને એમની વાત નાંખી. સ્વામીશ્રીએ રતના ભક્તને પોતાની પાસે બોલાવી પ્રતિલોમપણે ધ્યાન કરવાની લટક શીખવાડી. રતના ભક્તે એ પ્રમાણે પોતાના આત્માની અક્ષરબ્રહ્મ સાથે એકતા કરી એમાં વારંવાર લોમ-પ્રતિલોમ વૃત્તિએ શ્રીહરિની મૂર્તિનું ધ્યાન કરવા માંડ્યું, પરિણામે એમના જીવ સાથે એકરસપણાને પામેલી કામવાસના બળીને ભસ્મસાત્ થઈ ગઈ. વાસના ટળતાં એમના અંતરમાં સંસાર પ્રતિ સહજ વૈરાગ્ય જાગૃત થયો અને વૈરાગ્ય આવે એટલે સંસારનો તત્કાળ ત્યાગ અનિવાર્ય બની જાય છે. ભક્તે સંસારનો ત્યાગ કરીને ભેખ લીધો અને એ સાધુ વિજ્ઞાનદાસજીના નામે વિખ્યાત થયા.

## સહજ અષ્ટાંગ યોગ

યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન,

ધારણા ને સમાધિ એ અષ્ટાંગ યોગનાં આઠ અંગો છે. શ્રીજીમહારાજે વચનામૃતમાં અષ્ટાંગ યોગને સાધનરૂપ માન્યો છે અને નિર્વિકલ્પ સમાધિને એના ફળરૂપ કહી છે.* જ્યારે નિર્વિકલ્પ સમાધિ થાય છે ત્યારે પ્રાણનાં નિરોધ દ્વારા ચિત્તનો નિરોધ થાય છે, પરંતુ જો ચિત્ત નિર્વાસનિક થઈને ભગવાનના સ્વરૂપમાં જોડાય તો તે ચિત્તના નિરોધ દ્વારા પ્રાણનો નિરોધ થાય છે. માટે ભગવાનના સ્વરૂપમાં અખંડ ચિત્તવૃત્તિ જોડવાથી અષ્ટાંગ યોગ વગર સાધે સધાઈ જાય છે. તેથી જ ગોપાળાનંદ સ્વામીએ પોતે સ્વતઃસિદ્ધ યોગી હોવા છતાં ક્યારેય અષ્ટાંગ યોગનું પ્રવર્તન સંપ્રદાયમાં કર્યું નહોતું. તેઓશ્રીએ હંમેશાં પોતાના શિષ્યોને પ્રતિલોમ ધ્યાન પ્રણાલિ દ્વારા જ શ્રીહરિની મૂર્તિમાં જોડ્યા હતા.

## સર્વોત્કૃષ્ટ પરમહંસ

સ્વધામ જવાનો સંકલ્પ કરીને શ્રીજીમહારાજે સં. ૧૮૮૬ના પોષ સુદ બીજથી ગઢડામાં મંદવાડ ગ્રહણ કર્યો. દરેક વસ્તુઓમાંથી વૃત્તિ પાછી ખેંચી; અત્યંત ઉદાસીનતા ગ્રહણ કરી, શ્રીહરિ અત્યંત નિઃસ્પૃહપણે વર્તવા લાગ્યા. એ દિવસથી માંડીને શ્રીજીમહારાજે એવી લીલા કરવા માંડી કે ક્યારેક અન્ન જમે તો ક્યારેક ફળ જમે, ક્યારેક પાંદડાં

* વચનામૃત (ગ. પ્ર. ૨૫)

જમે તો ક્યારેક દિવસો સુધી નિરાહાર ઉપવાસ કરે! કાંઈ જ નિશ્ચિત નહિ. એ સિવાય મહારાજ અક્ષરઓરડીમાં રાતદિવસ ઢોલિયા પર માથે ચાદર ઓઢીને સૂઈ રહેતા. નહિ કોઈને મળવાનું, નહિ કોઈ સાથે બોલવાનું. સંતો રાતદિવસ મહારાજની તહેનાતમાં મહારાજ પાસે બેસી રહેતા ને જ્યારે મહારાજ આંખો ખોલી જુએ ત્યારે એમને કંઈક આહાર લેવાની આજીજી કર્યા કરતા. આમ ને આમ પાંચ મહિના વીતી ગયા. સત્સંગમાં ચારેકોર ગ્લાનિ છવાઈ ગઈ હતી. સં. ૧૮૮૬ના જેઠ સુદ ૯, સોમવારની મધ્યરાત્રિએ અક્ષરઓરડીમાં મહારાજની સામે સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી તથા સદ્‌ગુરુ નિત્યાનંદ સ્વામી, શુક મુનિ અને એક હરિભક્ત બેઠા હતા. ત્યાં તો મહારાજે મુખારવિંદ પરથી ચાદર હટાવી સ્વામીશ્રી સામે જોયું એટલે શુક મુનિએ મહારાજને થોડાંક ફળ ધર્યાં. એ જોઈ મહારાજ બોલ્યાઃ "હવે અમારે જમવું નથી ને દેહ પણ રાખવો નથી. શા સારુ કનડો છો?" ત્યારે ગોપાળાનંદ મહામુનિ બે હાથ જોડીને પ્રાર્થના કરતાં બોલ્યાઃ "ભલે મહારાજ, જેવી આપની મરજી! અમારું તો જે થવાનું હશે તેમ થાશે." સ્વામીશ્રીની આવી વિષાદમય વાણી સાંભળીને મહારાજ ઢોલિયામાં બેઠા થઈ ગયા ને સજળ નેત્રે બોલ્યાઃ * "સ્વામી, તમારા

* સત્સંગિજીવન (પ્રકરણ ૫, અધ્યાય ૫૫)

ઉપર તો અમે બહુ રાજી છીએ. આપણે તો અખંડ ભેળા જ છીએ. તમે ઊઠીને આમ બોલશો એ કેમ ચાલશે? અમારા અંતર્ધાન થયા પછી તમારે જ અમારા પ્રતિનિધિ તરીકે રહી સત્સંગમાં સાધુ, સત્સંગી અને આચાર્યોને સ્વધર્મમાં પ્રવર્તાવવાના છે. ખરું કામ તો અમારા ગયા પછી જ તમારે કરવાનું છે. સંપ્રદાયનું બંધારણ સુવ્યવસ્થિત કરી અમારા સર્વોપરી સ્વરૂપની દૃઢ ઉપાસના સત્સંગમાં પ્રવર્તાવવાની છે. એ વિના અમારો આ દાખડો સુફળ કેમ થાશે? અને સ્વામી, જ્યાં સુધી આ મહત્ કાર્ય પૂરું ન થાય ત્યાં લગી ધામમાં આવવાનો સંકલ્પ ન કરતા."

શ્રીજીમહારાજે સં. ૧૮૮૬ના જેઠ સુદ ૧૦, મંગળવારના મધ્યાહ્ને દેહોત્સર્ગ કર્યો એ પહેલાં, એ દિવસે સવારે, અક્ષરઓરડીમાં બન્ને આચાર્યો તથા સર્વે સંત હરિભક્તોને બોલાવી અંતિમ ભલામણ કરતાં સર્વેને કહ્યું: "આ ગોપાળાનંદ સ્વામી બહુ મોટા સાધુ છે, એમને અમે બન્ને દેશના મધ્યસ્થી તરીકે સ્થાપીએ છીએ. અમારા આશ્રિત એવા તમો સર્વેએ એમની આજ્ઞામાં રહેવું, અને જે એ રીતે નહિ રહે તે અમારો ભક્ત નથી એમ જાણવું." આમ કહી મહારાજે બન્ને દેશના આચાર્યોના કાંડા પકડીને સ્વહસ્તે સ્વામીશ્રીને

એ સોંપ્યા. પછી મહારાજે સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી આદિક મોટેરા સંતો, મૂળજી બ્રહ્મચારી ઇત્યાદિ બ્રહ્મચારી સંતો તથા ભગુજી, દાદાખાચર વગેરે હરિભક્તોને વ્યક્તિગત બોલાવી સર્વેને સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીની આજ્ઞામાં રહેવાની ભલામણ કરી. એ સર્વેએ મહારાજને પ્રતિજ્ઞાપૂર્વક ખાતરી આપી કે, "હે પ્રભુ, અમે સર્વે આપની આજ્ઞાનું શબ્દશઃ પાલન કરીશું." ત્યારે મહારાજે પ્રસન્ન થઈને કહેલુંઃ "જો એમ જ કરશો તો તમારું અવશ્ય કલ્યાણ થશે."[૧] આ આખોય પ્રસંગ સ્વામીશ્રીનું સર્વોત્કૃષ્ટ પરમહંસપણું બહુ સમ્યક્ રીતે સિદ્ધ કરે છે.

સ. ગુ. મંજુકેશાનંદ સ્વામી 'નંદમાલા'માં સ્વામીશ્રી વિષે નોંધતાં લખે છેઃ

"ગોપાળાનંદ મુનિ ગંભીર, પૂરવના યોગી, અતિ શૂરવીર;
ત્યાગી ને તપસ્વી ધરે હરિ ધ્યાન, હરિની ભક્તિ કરે બુદ્ધિવાન.
જાણે વેદશાસ્ત્ર પુરાણના અર્થ, કરી શ્રીમદ્‌ભાગવત ટીકા સમર્થ.
જેણે કર્યું ભગવદ્ ગીતાનું ભાષ્ય, અતિ ગૂઢાર્થ કિધા પ્રકાશ."[૨]

સ્વામીશ્રીનું વિશદ્ વ્યક્તિત્વ કવિએ અહીં સંક્ષિપ્તમાં બહુ સુંદર રીતે અભિવ્યક્ત કર્યું છે.

---

૧ સત્સંગિજીવન (પ્ર. ૫. અ. ૫૫)
૨ નંદમાલા (શ્લોક-૮)

## સર્વોપરી ઉપાસનાનું પ્રવર્તન

ભગવાન શ્રી સ્વામિનારાયણનાં વચનામૃતોનું સંપાદન સંપ્રદાયના પાંચ પ્રમુખ સંતો– સદ્. મુક્તાનંદ સ્વામી, સદ્. ગોપાળાનંદ સ્વામી, સદ્. નિત્યાનંદ સ્વામી, સદ્. શુકાનંદ સ્વામી તથા સદ્. બ્રહ્માનંદ સ્વામીએ કરેલું છે. પરંતુ શ્રીહરિનાં એ અમૃત વચનોનો ગૂઢાર્થ તો એ સર્વે મોટેરા સંતોને પણ જ્યારે ગોપાળાનંદ સ્વામીએ સમજાવ્યો ત્યારે જ એ સંતો સમજ્યા હતા. સ્વામીશ્રીએ શ્રીજીમહારાજના સિદ્ધાંતોને આધારે ઉપનિષદો, બ્રહ્મસૂત્રો અને શ્રીમદ્ ભગવદ્ગીતા ઉપર ઉત્તમ ભાષ્યો સંસ્કૃત ભાષામાં રચ્યાં હતાં. મહારાજ સ્વધામ પધાર્યા પછી સ્વામીશ્રીએ મહારાજની આજ્ઞા પ્રમાણે સંપ્રદાયનું સુવ્યવસ્થિત બંધારણ ઘડ્યું, તેમ જ શ્રીહરિની સર્વોપરી ઉપાસનાનું પ્રવર્તન કરવાનો પ્રારંભ કર્યો, પરંતુ સર્વોપરી ઉપાસનાનું એ લક્ષ્યાર્થ જ્ઞાન કેટલાક તત્કાલિન સંતો પચાવી ન શક્યા, એમને સદ્ગુરુ ગોપાળાનંદ સ્વામીનો અતિ અભાવ આવ્યો. અમદાવાદ દેશના મોટા ભાગના સંતો તેમ જ વડતાલ દેશના અમુક સંતોને સ્વામીશ્રી પ્રત્યે વિશેષ અભાવ હતો. તેઓ એમ માનતા કે ગોપાળિયું જ્ઞાન ખુણિયું છે, એ ન સંભળાય. સ્વામીશ્રી એ વખતે મોટા ભાગે વડતાલમાં જ રહેતા હતા.

સં. ૧૯૦૨માં અમદાવાદ દેશના આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે અમદાવાદથી પુરાણી નિર્ગુણદાસજી તથા સાધુ વૃંદાવનદાસજી સ્વામીને વડતાલ સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી પાસે સૂત્રભાષ્યની ટીકા ભણવા માટે મોકલ્યા. એ વખતે આચાર્યશ્રીએ પણ સંતોને ટકોર કરી હતી કે, "જો જો હોં, સૂત્રભાષ્યની ટીકા ભણતાં ભણતાં ગોપાળિયું જ્ઞાન તમારા અંતરમાં ઊતરી ન જાય!" બન્નેય સંતો સ્વામીશ્રી પાસે રહી સૂત્રભાષ્યની ટીકા શીખ્યા. સ્વામીશ્રીએ ટીકા ભણાવતાં ભણાવતાં સર્વોપરી ઉપાસનાનું લક્ષ્યાર્થ જ્ઞાન એ બન્ને મહાનુભાવોના અંતરમાં દૃઢ કરાવી નાખ્યું. પારસમણિના સંપર્કમાં આવે અને લોઢું સુવર્ણ ન બને એવું બને ખરું? એ બન્નેય સંતો જ્યારે અમદાવાદ પાછા ફર્યા ત્યારે સંપૂર્ણતઃ સ્વામીશ્રીના અંતરંગ શિષ્ય બની ચૂક્યા હતા. સદ્‌ગુરુ નિર્ગુણદાસજી સ્વામીએ પોતાની વાતોના પુસ્તકમાં સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીના રહસ્ય જ્ઞાનની[૧] તથા સ્વામીશ્રીના યથાર્થ મહિમાની[૨] નિડરપણે સ્પષ્ટ રજૂઆત કરી છે.

---

૧ સદ્‌ગુરુ નિર્ગુણદાસ સ્વામીની વાતો (વાર્તા : ૬૦૧)

૨ સદ્‌ગુરુ નિર્ગુણદાસ સ્વામીની વાતો (વાર્તાઃ ૧૦૯)

## 'સંત નૃપ'

સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી કેવા મોટા સંત હતા? સ્વામિનારાયણ સંપ્રદાયમાં એમનું શું સ્થાન હતું? ઈત્યાદિ અનેક મહત્ત્વપૂર્ણ પ્રશ્નોના સમ્યક્ સમાધાનરૂપે કવિ કૃષ્ણાનંદ સ્વામી સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીશ્રીનો યથાર્થ પરિચય આ પ્રમાણે આપે છે:

"ધ્યાન કરાવે ભક્તને, તેને થાય સમાધિ તે વાર;
ગોલોકાદિક લોકમાં, પહોંચાડે કરીને પ્યાર.
સ્વતંત્ર યોગી સિદ્ધ તે, કહે જનના મનની વાત;
એવા ચમત્કાર સિદ્ધમાં, મહા મોટા મુનિ વિખ્યાત.
મહિમા જાણે મહારાજનો, સર્વોપરી સુખકંદ;
અપાર ગુણે ઓપતા, જેનું નામ ગોપાળાનંદ.
અવતાર સમ અવતારીના, છે 'સંત નૃપ' સુખકંદ;
તારા છુપાયે સૂર્યથી, કવિ કહે છે કૃષ્ણાનંદ." [૧]

કવિ કૃષ્ણાનંદજી મહામુનિ ગોપાળાનંદ સ્વામીનો અપાર મહિમા વર્ણવતા એમને અવતારી મહાપ્રભુ ભગવાન શ્રી સ્વામિનારાયણના અવતાર સમાન ગણાવી અંતમાં સ્વામીશ્રીને 'સંત નૃપ' અર્થાત્ સંતશિરોમણીનું યથાર્થ બિરુદ આપી એમનું પ્રગલ્ભપણે અભિવાદન કરે છે.

---

૧ શ્રી હરિચરિત્રામૃતમ્ (અ. ૬૪, શ્લોકઃ ૫૩) લે. : સ.ગુ. સ્વામી કૃષ્ણાનંદ

## સારંગપુરમાં શ્રી કષ્ટભંજન દેવની પ્રતિષ્ઠા

એકવાર સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી સંતમંડળ સાથે બોટાદ પધાર્યા હતા. સારંગપુરના દરબાર વાઘા ખાચરને સ્વામીશ્રી બોટાદ પધાર્યા છે એવા વાવડ મળતાં તેઓ સ્વામીશ્રીના દર્શને બોટાદ આવ્યા. સ્વામીશ્રીએ જ્યારે દરબારને ક્ષેમકુશળના સમાચાર પૂછ્યા ત્યારે દરબારે ઊંડો નિઃસાસો નાંખતાં હૃદયની વ્યથાને વાચા આપીઃ "સ્વામી, લાગલગાટ ત્રણ ત્રણ વરસથી પડતા દુષ્કાળને કારણે પૈસે ટકે તો અમે સાવ ઘસાઈ ગયા છીએ. એમાંય વળી અમારી એક તરફ બોટાદ ને બીજી તરફ કારિયાણી છે. બોટાદના હરિભક્તો સુખી અને કારિયાણીના વસ્તા ખાચર પણ બહુ ભાવિક એટલે સંતો સારંગપુર સુધી પહોંચતા જ નથી. આમ ધર્મલાભની બાબતમાં પણ અમારે ત્યાં તો દુષ્કાળ જ વર્તે છે!" આ સાંભળી સ્વામીશ્રી વિચારમાં પડી ગયા. વાઘા ખાચરના દિલની વાત એમને સ્પર્શી ગઈ.

થોડીવાર પછી સ્વામીશ્રી બોલ્યાઃ "વાઘા ખાચર, મૂંઝાશો મા! તમને બધી રીતે સુવાણ કરી આપે એવો એક ભાઈ અમે તમને આપીશું." દરબાર તો સ્વામીશ્રીનાં આવાં માર્મિક વચનો સાંભળી વધુ મૂંઝાયા. એટલે તરત જ સ્વામીશ્રીએ હસીને સ્પષ્ટતા કરતાં કહ્યુંઃ "દરબાર, અમે અહીં સારંગપુરમાં કષ્ટભંજન હનુમાનજીની સ્થાપના

કરીશું, એ તમારા કમાઉ ભાઈ તરીકે કામ કરશે. પછી તમારે કોઈ વાતે વ્યાધિ નહિ રહે!" એ સાંભળીને વાઘા ખાચરના હર્ષનો પાર ન રહ્યો.

થોડા દિવસ બાદ સ્વામીશ્રી સારંગપુર પધાર્યા. સ્વામીશ્રીએ પોતે હનુમાનજીની આબેહૂબ મૂર્તિ કાગળ ઉપર દોરી બોટાદના કાનજી કડિયાને એ પ્રમાણે પથ્થરમાંથી મૂર્તિ તૈયાર કરવાની આજ્ઞા આપી. કાનજી કડિયાએ ગોપાળાનંદ સ્વામીના માર્ગદર્શન નીચે હનુમાનજીની ભવ્ય પ્રતિમા તૈયાર કરી. મૂર્તિને અનુરૂપ નાનકડું મંદિર પણ તૈયાર કરવામાં આવ્યું. સં. ૧૯૦૫ આસો વદ પાંચમે સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીએ સારંગપુરમાં શ્રી કષ્ટભંજન હનુમાનજીની પ્રાણપ્રતિષ્ઠા કરી. સ્વામીશ્રીની આજ્ઞાથી શુકમુનિ તથા ગોવિંદાનંદ સ્વામીએ પ્રતિષ્ઠાની આરતી ઉતારી. પ્રાણ પ્રતિષ્ઠાની વેળાએ સ્વામીશ્રી પોતાની લાકડી દાઢી નીચે ટેકવી હનુમાનજીની મૂર્તિ સામે ઊભા રહ્યા અને એકાગ્ર દૃષ્ટિએ મૂર્તિને જોઈ રહ્યા. સ્વામીશ્રી મેષોન્મેષ દૃષ્ટિ દ્વારા જેમ જેમ મૂર્તિમાં ઐશ્વર્ય ઉતારતા ગયા તેમ તેમ મૂર્તિ વધુ ને વધુ દેદિપ્યમાન થવા લાગી. પવનપુત્ર મહાબલિ હનુમાનજી સાક્ષાત્ સાકાર સ્વરૂપે એ મૂર્તિમાં પ્રતિષ્ઠિત થવાથી મૂર્તિ થર થર કંપવા લાગી. ત્યાં તો ધોલેરાના હરિભક્ત દરબાર પૂંજાભાઈએ સ્વામીશ્રીને પ્રાર્થના કરતાં

કહ્યું: "સ્વામી, આપ આ મૂર્તિમાં આપનું અમાપ ઐશ્વર્ય મૂકી એને સંપૂર્ણપણે ચેતનવંતી બનાવી દેશો તો સારંગપુરની બાજુમાં આવેલા આપણાં ગૌરવવંતાં ધામો ગઢડા અને ધોલેરાનો મહિમા નિઃશેષ થઈ જશે. માટે સ્વામી, ક્ષમા કરો." એ સાંભળી સ્વામીશ્રીએ પોતાની ઐશ્વર્ય દૃષ્ટિ પાછી ખેંચી લેતાં કહ્યું: "દરબાર, અમે તો આ મૂર્તિને પ્રત્યક્ષ વાત કરે એવી ચેતનવંતી બનાવવા માગતા હતા, પરંતુ તમારી પ્રાર્થનાએ અમને એમ કરતાં રોક્યા છે. છતાંય આ મૂર્તિમાં દિવ્ય ચૈતન્ય તો પ્રસ્થાપિત થઈ જ ચૂક્યું છે. આ હનુમાનજી સત્સંગમાં સર્વેનાં કષ્ટ હરશે. ભૂત-પ્રેત, ભૈરવ-ભૈરવીના ત્રાસથી ભક્તોની રક્ષા કરશે અને એ રીતે પોતાનું 'કષ્ટભંજન દેવ' નામ સાર્થક કરશે." વાઘા ખાચરને સ્વામીશ્રીએ આપેલો આ પ્રતાપી ભાઈ ફળ્યો અને એમને બધી રીતે કુશળ મંગળ થઈ રહ્યું. મોટા પુરુષની કૃપાદૃષ્ટિ થાય ત્યારે ત્રિવિધ તાપ તો જેમ સૂર્ય ઊગતાં ઝાકળ ઊડી જાય એમ સહેજમાં ટળી જાય છે!

## ધર્માચાર્ય

ધર્મ અને તત્ત્વજ્ઞાનના જગતમાં એમ માનવામાં આવે છે કે જે પ્રસ્થાનત્રયી ઉપર ભાષ્યની રચના કરે એ ધર્માચાર્ય કહેવાય. પ્રસ્થાનત્રયી એટલે દશ મુખ્ય ઉપનિષદો, બ્રહ્મસૂત્ર

અને શ્રીમદ્ ભગવદ્ગીતા એ બાર શાસ્ત્રોનો સમુચ્ચય. સદ્ગુરુ ગોપાળાનંદ સ્વામીએ પ્રસ્થાનત્રયી ઉપર સંપ્રદાયના સિદ્ધાંતોને અનુલક્ષીને સરળ ભાષામાં સુંદર ભાષ્યોની રચના કરેલી છે. છતાં સ્વામીશ્રીએ ક્યારેય પાતાને ધર્માચાર્ય તરીકે ગણાવવાની ખેવના નથી કરી. આ સિવાય મુક્તાનંદ સ્વામી રચિત બ્રહ્મસૂત્રના ભાષ્ય 'બ્રહ્મમીમાંસા' પર સ્વામીશ્રીએ 'બ્રહ્મસૂત્રાર્થ પ્રદીપ' નામે અદ્ભુત ટીકા કરી છે. આ ઉપરાંત સ્વામીશ્રીએ શ્રીમદ્ ભાગવતના દ્વિતીય, દશમ્ તથા એકાદશ સ્કંધની વિશદ્ તાત્પર્યદર્શક ટીકાઓ, શ્રીહરિસ્વરૂપનિર્ણય, વિવેકદીપ, હરિભક્ત નામાવલી, વેદસ્તુતિ પર ભાષ્ય, શ્રીભક્તિ સિદ્ધિ તથા વિષ્ણુયાગ પદ્ધતિ જેવા અનુપમ ગ્રંથોની સંસ્કૃતમાં રચના કરી છે. સ્વામીશ્રીએ આમ સંસ્કૃત ભાષામાં કુલ ૧૯ ગ્રંથો રચ્યા છે, તેમજ ગુજરાતીમાં પાંચ અને શિક્ષાપત્રીનું મરાઠી ભાષાન્તર એમ પ્રાકૃત ભાષામાં છ પુસ્તકો લખ્યાં છે. સ્વામીશ્રીની લેખનશૈલી અર્થગંભીર છતાં સરળ, સ્વતંત્ર અને તાત્પર્યને સ્પષ્ટપણે પ્રકાશિત કરનારી છે.

અદ્વૈતવેદાંતમાં જે સ્થાન સર્વેશ્વરાચાર્યનું છે તેમ જ રામાનુજ વેદાંતમાં જે સ્થાન દેશિકાચાર્યનું છે તે સ્થાન સ્વામિનારાયણ સંપ્રદાયમાં મુનિવર સદ્ગુરુ ગોપાળાનંદ સ્વામીનું છે.

## 'કળવું, કહેવું ને રહેવું'

યોગાભ્યાસને કારણે પાછળની અવસ્થામાં સ્વામીશ્રીનું શરીર અત્યંત કૃશ થઈ ગયું હતું. સં. ૧૯૦૪માં સ્વાસ્થ્ય બગડતાં સ્વામીશ્રીને અઠ્ઠાવીસ ઉપવાસ થયા. સ્વામીશ્રીથી ખોરાકમાં બિલકુલ કાંઈ જ લઈ શકાતું નહોતું. મંદિરમાં સર્વે સંતો ચિંતાતુર હતા. વડતાલ મંદિરના મહંતે સમાધિવાળા સાધુ વિજ્ઞાનદાસજીને વિનંતી કરી કે તમે અક્ષરધામમાં શ્રીહરિને પૂછી આવો કે યોગેશ્વર સ્વામીશ્રી અંગે આપની શી મરજી છે? વિજ્ઞાનદાસજીને મહારાજે સમાધિમાં કહ્યું કે, "સ્વામીને કહો કે સ્વધામ પધારતી વખતે અમે એમને અમારી સર્વોપરી ઉપાસના તથા એકાંતિક ધર્મ પ્રવર્તાવવાનો જે આદેશ આપ્યો છે એ કાર્ય જ્યારે પૂરું થશે ત્યારે જ અમે તેમને ધામમાં તેડી જઈશું." સ્વામીશ્રીને સોંપવામાં આવેલું આ કાર્ય ઘણું કપરું હતું. મોટા મોટા નંદ સંતો પણ મહારાજને અવતારના અવતારી પૂર્ણ પુરુષોત્તમ નારાયણ માનવા તૈયાર નહોતા. શિક્ષાપત્રી અને સત્સંગી જીવનની સાખ્ય લઈને તેઓ મહારાજને શ્રીકૃષ્ણનો જ અવતાર ગણાવતા હતા. આવી અત્યંત સંવેદનશીલ પરિસ્થિતિમાં સ્વામીશ્રીએ મહારાજના આદેશ અનુસાર ભગવાન સ્વામિનારાયણની સર્વોપરી ઉપાસના અને એકાંતિક ધર્મનો સત્સંગમાં ગૂઢ રીતે દઢ પ્રચાર આદર્યો. સ્વામીશ્રી એમની

ધર્મસભામાં સૂત્રાત્મક શૈલીમાં જ મર્મભરી વાતો કરતા. સ્વામીશ્રી કહેતા કે, "જેને કલ્યાણનો ખપ હોય તેણે કળવું, કહેવું ને રહેવું." ત્યારે કોઈકે પૂછ્યુંઃ "સ્વામી, કળવું, કહેવું ને રહેવું એટલે શું?" સ્વામીશ્રીએ એ સૂત્રનો ગૂઢાર્થ સમજાવતાં કહ્યુંઃ "કળવું એટલે ભગવાનને ઓળખવા. શ્રીકૃષ્ણની સામર્થી જોવી અને અન્ય અવતારોની સામર્થી સાથે સરખામણી કરી પૂર્વાપર વિચાર કરવો. પછી શ્રીકૃષ્ણ અને શ્રીજીમહારાજની સામર્થી તપાસી શ્રીજીમહારાજ સર્વ અવતારોના પ્રેરક અવતારી અને પૂર્ણ પુરુષોત્તમ પરમાત્મા છે એમ દૃઢ નિશ્ચય કરવો. આ રીતે સમજણપૂર્વક જે જાણવું તેને 'કળવું' કહેવાય. શ્રીજીમહારાજના મોટા એકાંતિક સાધુને ઓળખી એમની સાથે હેત કરવું તેને 'કહેવું' કહેવાય. હવે 'રહેવું' એટલે એવા મોટા સાધુની અનુવૃત્તિ રાખવી, તેમની સેવા કરવી, ભગવાનની આજ્ઞામાં ફેર ન પાડવો તથા શિર સાટે સત્સંગનો પક્ષ રાખવો."

ઉપાસનાની વ્યાખ્યા કરતાં સ્વામીશ્રી કહેતા કે, "નિરંતર ભગવાનનો સંબંધ રાખવો પણ તેમાં જો કાંઈક અંતરાય આવે તો ય પણ જે અંતરાયનો રોક્યો રોકાય નહિ ને નિરંતર ભગવાનનું સમીપપણું રાખે તેને ઉપાસના કહીએ."*

* અ. મુ. શ્રી સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીની વાતો (પૃ. ૫૮)

## મહા પ્રયાણ

સં. ૧૯૦૮માં સ્વામીશ્રી ઉમરેઠ હતા ત્યારે ધ્યાનમાં મહારાજનો મહા સંદેશ મળ્યો કે, "આત્મકલ્યાણ તો અમારા દિવ્ય સાકાર સ્વરૂપને યથાર્થ ઓળખવાથી જ થાય છે. માટે ભલે ગમે તેટલાં વિઘ્ન આવે, અમારા સર્વોપરી સ્વરૂપની ઉપાસના પ્રગલ્ભપણે સર્વત્ર પ્રવર્તાવો. આજે એમ નહિ કરો તો બીજાં હજાર વર્ષ સુધી તમારે જ તે કરવાનું રહેશે." સ્વામીશ્રીએ મહારાજનો એ મહા સંદેશ અંતરમાં ઝીલી લીધો અને સર્વોપરી ઉપાસનાના પ્રવર્તનની જેહાદ જગાવી. સ્વામીશ્રીએ આચાર્યો અને હરિભક્તોને બેધડક કહેવા માંડ્યું: "સચરાચર વિશ્વમાં એક માત્ર પરબ્રહ્મ પુરુષોત્તમની શક્તિ જ તારતમ્યતા પ્રમાણે સર્વમાં પ્રકાશે છે. સર્વે અવતારો પણ એ એક માત્ર સ્વરૂપમાંથી જ પ્રગટે છે, અને અંતે એમાં જ લીન થાય છે. એ પરબ્રહ્મ પુરુષોત્તમ આ યુગમાં મનુષ્ય સ્વરૂપે શ્રી સહજાનંદ સ્વામી રૂપે પ્રગટ થયા હતા અને એ જ આપણા ઈષ્ટદેવ છે."

સ્વામીશ્રી ઉમરેઠ ઘણું રહેતા હતા. મંદિરના દરવાજા પાસે ડાબા હાથે એમની ઓરડી હતી. ત્યાં રહીને સ્વામીશ્રી સમસ્ત સત્સંગને દોરવણી આપતા તથા સાહિત્ય સર્જન કરતા. ચૈત્રની ગરમીના દિવસો હતા. સ્વામીને કાન

પાછળ રતવાની ફોડલી નીકળી. સ્વામીશ્રી સમજી ગયા કે હવે મહારાજનું તેડું આવી ગયું છે. તત્કાળ અન્નનો ત્યાગ કરી સ્વામીશ્રીએ અનશન વ્રત લઈ લીધું અને પછી પોતે વડતાલ પધાર્યા. સં. ૧૯૦૮ના વૈશાખ સુદ પાંચમના દિવસે વડતાલમાં સ્વામીશ્રીએ દેહોત્સવ કર્યો. એ વખતે દિવ્ય દૃષ્ટિવાળા અનેક સંત મુક્તોએ જોયું કે ચારે બાજુ દિવ્ય તેજના અંબાર ઊભરાતા હતા, એમાં શ્રીજીમહારાજ અસંખ્ય મુક્તો સાથે દિવ્ય વિમાનમાં બેસી સ્વામીશ્રીને ધામમાં તેડી જવા સારુ પધાર્યા અને મહા ઐશ્વર્ય જણાવી સ્વામીશ્રી શ્રીહરિના દિવ્ય સાકાર સ્વરૂપમાં રસલીન થઈ ગયા. સ્વામીશ્રીના પાર્થિવ દેહનો અગ્નિસંસ્કાર જ્ઞાનબાગમાં કરવામાં આવેલો. એ સ્થળે તેમના સ્મરણાર્થે ઓટો કરી છત્રી બનાવેલી છે.

સ્વામીશ્રી સત્સંગમાં ૪૪ વર્ષ રહ્યા. ૨૨ વર્ષ એમણે શ્રીજીમહારાજના સાનિધ્યમાં ગાળ્યા અને ૨૨ વર્ષ મહારાજના અંતર્ધાન થયા પછી સત્સંગના ઉત્કર્ષ અને સર્વોપરી ઉપાસનાના પ્રવર્તનમાં ગાળ્યા. સ્વામીશ્રીનો સમાગમ કરીને સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી, સિદ્ધાનંદ સ્વામી, વિજ્ઞાનદાસજી તથા સદ્‌ગુરુ ચૈતન્યાનંદ સ્વામી આત્યંતિક મુક્ત સ્થિતિને પામ્યા હતા. એ સિવાય અન્ય અનેક સંત હરિભક્તો સ્વામીશ્રીની કૃપાદૃષ્ટિથી આત્યંતિક

કલ્યાણના અધિકારી બન્યા હતા.

સદ્‌ગુરુ નિર્ગુણદાસજી સ્વામીએ એમની વાતોના પુસ્તકમાં નોંધ્યું છે કે, 'ગોપાળાનંદ સ્વામી અષ્ટ આવરણથી પર અક્ષરધામમાં શ્રીજીમહારાજને, અનેક કોટિ અક્ષરમુક્તને ઐશ્વર્ય સહિત સર્વે ક્રિયાને વિષે સદા દેખતા હતા.'[1] સ્વામીશ્રી જન્મથી જ આવી સહજ સ્થિતિ અનુભવતા હતા. પૂર્ણ મુક્ત આત્માને જે આનંદની અનુભૂતિ પરમાત્માના સાક્ષાત્કારની સ્થિતિમાં થાય છે તે સ્વામીશ્રીનો અહર્નિશનો અનુભવ હતો. સ્વામિનારાયણીય નંદ-સંતોમાં ગોપાળાનંદ સ્વામીની દાસત્વ ભક્તિ સ્વેષ્ટ સ્વામીશ્રી સહજાનંદજીએ સ્વયં વખાણી છે.[2] મહારાજે તો સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીને સર્વથી પર જે દિવ્ય ધામ તેને વિષે ભગવાનના પાર્ષદ છે તે થકી પણ અધિક માન્યા હતા.[3] શ્રીજીમહારાજે જ 'ભક્તચિંતામણિ' ગ્રંથમાં નિષ્કુળાનંદ સ્વામી પાસે ગોપાળાનંદ સ્વામી વિષે એક સ્વતંત્ર પ્રકરણ (પ્ર. ૧૪૨) આગ્રહપૂર્વક ઉમેરાવ્યું હતું.

સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીના સમગ્ર જીવનના

---

૧ શ્રી નિર્ગુણદાસજી સ્વામીની વાતો (વાર્તા : ૪૬૦)

૨ વચનામૃત (ગઢડા મધ્ય પ્ર. ૬૨)

૩ વચનામૃત (ગઢડા અંત્ય. પ્ર. ૨૧)

પ્રત્યેક પ્રસંગનું વિશદ્ વિશ્લેષણ કરીને એમની વૈયક્તિક પ્રતિભાનું સમ્યક્ મૂલ્યાંકન કરવામાં આવે તો એક વાત સ્પષ્ટ તરી આવે છે કે સ્વામીશ્રીની સમગ્ર ચેતના ભગવાન શ્રી સ્વામિનારાયણની દિવ્ય ચેતના સાથે સતત ને સળંગ, પરમ સાધર્મ્યભાવે, અખંડ એકત્વ અનુભવતી હતી! સ્વામીશ્રીની વિરાટ પ્રતિભાને કવિશ્વર દલપતરામના શબ્દો દ્વારા વંદના કરી એ મહત્ પુરુષનું હૃદયની ઉચ્ચતમ ઊર્મિઓ દ્વારા અભિવાદન કરી આવો આપણે જીવનને સાર્થક કરીએ!

"સાધ્યો અષ્ટાંગ યોગ પ્રગટ હરિતણી પ્રીતિ માટે પ્રયત્ને,
શોધી વેદાંત તત્ત્વો સકળ ગ્રહિ લિધાં જેમ સિંધૂથી રત્ને.
આધિ વ્યાધિ ઉપાધિ પ્રણત જનતણી ટાળી કીધી સમાધિ,
ગોપાળાનંદ સ્વામી સકળ ગુણનિધિ વંદુ માયા અબાધી."

# પરમ સાધર્મ્યં

## તત્ત્વચર્ચા

निरंजनः परमं साम्यमुपैति ।। श्रुति ।।
અંજન જે માયા તે થકી જે રહિત થાય છે
તે ભગવાનના તુલ્યપણાને પામે છે.

## પરમ સાધર્મ્ય

ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રબોધિત 'વચનામૃત' એ સ્વામિનારાયણ સંપ્રદાયનું એક અજોડ અધ્યાત્મશાસ્ત્ર છે, કારણ કે એના શબ્દેશબ્દમાં એના ઉદ્‌ગાતા શ્રીજીમહારાજનું યથાર્થવાદી (વાસ્તવવાદી- Realistic) તત્ત્વદર્શન સોળે કળાએ ઝળકે છે. પોતાની પરાવાણીનું તાત્ત્વિક મૂલ્યાંકન શ્રીજી શ્રીમુખે આ પ્રમાણે કરે છે:

"આ વાર્તા જે અમે કરી છે તે વેદ, શાસ્ત્ર, પુરાણ આદિક જે જે કલ્યાણને અર્થે પૃથ્વીને વિષે શબ્દમાત્ર છે તે સર્વેનું અમે શ્રવણ કરીને તેનો સાર કાઢીને આ વાર્તા કરી છે તે પરમ રહસ્ય છે ને સારનું પણ સાર છે અને પૂર્વે જે જે મોક્ષને પામી ગયા છે ને હવે જે જે પામશે ને હમણાં જે જે મોક્ષને માર્ગે ચાલ્યા છે તે સર્વેને આ વાર્તા છે તે જીવનદોરીરૂપ છે." (વચ. મ. ૨૮)

વચનામૃતનું જ્ઞાન એ સકલ શાસ્ત્રોનો સાર (Essence) માત્ર જ નથી, પરંતુ એથી ય ઘણું ઘણું વિશેષ છે, કારણ કે એમાં શ્રીજીમહારાજે શબ્દપ્રમાણ અને સ્વાનુભવ એ બન્ને નક્કર પ્રમાણો પર આધારિત પોતાનું આગવું મૌલિક તત્ત્વદર્શન આપ્યું છે. "આ જે વાત છે તે મારી દીઠેલ છે ને મારા અનુભવે કરીને મેં સિદ્ધ કરી છે

અને સર્વ શાસ્ત્રમાં પણ મળતી આવે છે. આ જે મેં તમને વાત કરી છે તે સર્વ શાસ્ત્રનો સિદ્ધાંત છે ને અનુભવમાં પણ એમ જ દૃઢ છે અને અમે પ્રત્યક્ષ નજરે જોઈને તમને વાત કરી છે અને જો પ્રત્યક્ષ જોઈને ન કરી હોય તો અમને સર્વે પરમહંસના સમ છે." (વચ. મ. ૧૩)

પોતાના કથનની યથાર્થતા પુરવાર કરવા માટે મહારાજ જ્યારે પોતાના પ્રાણપ્યારા પરમહંસોના સમ ખાતા ત્યારે ગમે તેવા અશ્રદ્ધાળુ અને નાસ્તિક જેવા શ્રોતાઓના દિલમાં પણ આસ્થાનાં અમી ઊભરાતાં. આપણા માટે તો શ્રીજીમહારાજનાં વચનો એ જ સર્વશ્રેષ્ઠ 'શબ્દપ્રમાણ' છે અને શ્રીજીમહારાજનો સ્વાનુભવ એ જ સાચું 'સ્વતઃ પ્રામાણ્ય' છે.

પોતાનું મૌલિક તત્ત્વદર્શન સમ્યક્‌પણે સમજાવવા માટે મહારાજે વચનામૃતમાં પાંચ ભેદ અનાદિ કહ્યા છેઃ જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ. ".....અને એ પુરુષોત્તમ ભગવાન ને અક્ષરબ્રહ્મ ને માયા ને ઈશ્વર ને જીવ એ જે પાંચ ભેદ તે અનાદિ છે." (વચ. ગ. પ્ર. ૭) શ્રીજીમહારાજના મતે આ ભેદ વાસ્તવિક છે. 'भेदो हि वास्तवो नूनम् जीवेश्वरब्रह्मणां हरेः।" (સ. જી. ૪/૨૧/૫૪) આ વાસ્તવિક ભેદોને વધુ વિસ્તારથી શ્રીજીમહારાજ આ પ્રમાણે સમજાવે છેઃ "વેદ, પુરાણ, ઈતિહાસ ને સ્મૃતિઓ એ સર્વ શાસ્ત્રમાંથી અમે એ

સિદ્ધાંત કર્યો છે કે, જીવ, માયા, ઈશ્વર ને પરમેશ્વર એ સર્વે અનાદિ છે, અને માયા છે તે તો પૃથ્વીને ઠેકાણે છે, ને પૃથ્વીમાં રહ્યાં જે બીજ તેને ઠેકાણે જીવ છે, અને ઈશ્વર તો મેઘને ઠેકાણે છે તે પરમેશ્વરની ઇચ્છાએ કરીને પુરુષરૂપ જે ઈશ્વર તેનો માયા સંગાથે સંબંધ થાય છે, ત્યારે જેમ મેઘના જળના સંબંધે કરીને પૃથ્વીમાં હતાં જે બીજ તે સર્વે ઊગી આવે છે, તેમ માયામાંથી અનાદિ કાળના જીવ હતા તે ઉદય થઈ આવે છે, પણ નવા જીવ નથી થાતા માટે જેમ ઈશ્વર અનાદિ છે તેમ માયા પણ અનાદિ છે. ને તે માયાને વિષે રહ્યા જે જીવ તે પણ અનાદિ છે, પણ એ જીવ પરમેશ્વરના અંશ નથી; એ તો અનાદિ જીવ જ છે, તે જીવ જ્યારે પરમેશ્વરને શરણે જાય ત્યારે ભગવાનની માયાને તરે ને નારદ-સનકાદિકની પેઠે બ્રહ્મરૂપ થઈને ભગવાનના ધામમાં જાય છે, ને ભગવાનનો પાર્ષદ થાય છે, એવી રીતે અમારો સિદ્ધાંત છે." (વચ. છે. ૧૦)

શિક્ષાપત્રીના શ્લોકઃ ૧૨૧માં શ્રીજીમહારાજ લખે છેઃ 'मतं विशिष्टाद्वैतं मे ।' વિશિષ્ટાદ્વૈત મતમાં ક્ષર-અક્ષરથી પર પુરુષોત્તમ ભગવાનનું નિરૂપણ હોવાથી શ્રીજીમહારાજે એ મતને પ્રિય ગણ્યો છે. પરંતુ શ્રી રામાનુજાચાર્યના વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત અને સહજાનંદીય વિશિષ્ટાદ્વૈત મત વચ્ચે અતિ સૂક્ષ્મ ભેદરેખા છે.

પોતાના વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતમાં શ્રી રામાનુજાચાર્યે ત્રણ તત્ત્વો– જીવ, માયા અને પુરુષોત્તમનું જ નિરૂપણ કર્યું છે, તેથી તેમનો જ્ઞાનમત તત્ત્વત્રયીવાદ તરીકે પણ ઓળખાય છે. જ્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણે જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ એ પાંચ તત્ત્વોને અનાદિ (નિત્ય) માન્યાં છે. વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત પ્રમાણે પરબ્રહ્મ પરમાત્મા એ સર્વના શરીરી છે, જ્યારે બ્રહ્મ, માયા, ઈશ્વર અને જીવ- એ સર્વે પરબ્રહ્મનું શરીર છે. આ શરીર-શરીરભાવ એ વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતનું પ્રધાન લક્ષણ છે. શ્રી રામાનુજાચાર્ય તથા ભગવાન શ્રી સ્વામિનારાયણ બન્નેએ પોતાનો જ્ઞાનમત સમજાવવા માટે શરીર-શરીરી ભાવનું અવલંબન કરેલું છે, પરંતુ બન્નેની 'શરીર' શબ્દની વ્યાખ્યા ભિન્ન ભિન્ન છે.

શ્રી રામાનુજાચાર્ય બ્રહ્મસૂત્રના न तु द्रष्टांतभावात् । (૨/૧-૯) એ સૂત્રના ભાષ્યમાં 'શરીર' શબ્દની વ્યાખ્યા આ પ્રમાણે આપે છે: "જે પદાર્થને ચેતન આત્મા પોતાનો કોઈ હેતુ સિદ્ધ કરવા માટે સંપૂર્ણ કાબૂમાં રાખતો હોય, ધારણ કરતો હોય અને જે સંપૂર્ણ રીતે તેને આધીન સ્થિતિમાં વર્તતું હોય તે પદાર્થ, એ ચેતન આત્માનું 'શરીર' કહેવાય. આ અર્થમાં સર્વ ચિદચિદ્ પદાર્થો પરમાત્માનું 'શરીર' કહેવાય છે, કારણ કે પરમાત્મા પોતાનો કોઈ ખાસ

હેતુ સિદ્ધ કરવા માટે એ સર્વને અંકુશમાં રાખે છે, ધારણ કરે છે અને આધીન વર્તાવે છે." આ વ્યાખ્યા ગ્રહણ કરવામાં આવે તો પરમાત્મા ઉપર મિથ્યા હેત્વારોપણ જેવું થાય છે, તેથી ભારતના મહાન તત્ત્વચિંતક ડૉ. રાધાકૃષ્ણન તથા ડૉ. દાસગુપ્તા જેવા તટસ્થ વિદ્વાનોએ શ્રી રામાનુજાચાર્યની આ વ્યાખ્યાની ટીકા કરી છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે ઉપરોક્ત દોષ ન આવે એ રીતે વચનામૃત ગ. પ્ર. ૬૪માં 'શરીર' શબ્દની વ્યાખ્યા બહુ જ બુદ્ધિગમ્ય અને તર્કસંગત રીતે સમજાવી છે. "આત્મા અને અક્ષર એ બેને જે પુરુષોત્તમ ભગવાનનું શરીરપણું છે તે તો વ્યાપ્યપણું, આધીનપણું અને અસમર્થપણું તેણે કરીને છે. કેવી રીતે તો ભગવાન જે તે પોતાની અંતર્યામી શક્તિએ કરીને આત્મા ને અક્ષર તેને વિષે વ્યાપક છે; ને એ બે ય તો વ્યાપ્ય છે. અને ભગવાન જે તે સ્વતંત્ર છે ને આત્મા ને અક્ષર તે તો ભગવાનને આધીન છે- પરતંત્ર છે. અને ભગવાન જે તે અતિ સમર્થ છે ને આત્મા ને અક્ષર તે તો ભગવાનની આગળ અતિ અસમર્થ છે." અહીં 'શરીર' શબ્દ શ્રીજીમહારાજના મતે પરાવલંબન, પરમાત્માધીનપણું તથા વ્યાપ્યપણું સૂચવે છે, જેથી પરબ્રહ્મ પરમાત્માનું પરપણું, સ્વતંત્રપણું, સર્વાત્માપણું, વ્યાપકપણું, નિયામકપણું, સર્વાધારપણું અને સર્વાન્તર્યામીપણું વધુ બુદ્ધિગમ્ય, તર્કસંગત

અને ગ્રાહ્ય બને છે.

શ્રી રામાનુજાચાર્યના સિદ્ધાંત પ્રમાણે દેહ મૂકીને ભગવાનના ધામમાં ગયેલો જીવાત્મા મુક્તદશામાં ચૈતન્ય સત્તામાત્ર એટલે કે નિરાકાર રહે છે; પણ જ્યારે એને દેહ ધારણ કરવો હોય ત્યારે એ સ્વેચ્છાનુસાર દેહ ધારણ કરે છે. ભગવાન શ્રી સ્વામિનારાયણના મત મુજબ દેહ મૂકીને ભગવાનના ધામમાં ગયેલો મુક્તાત્મા ભગવાનની ઈચ્છાથી ભગવતી તનુ ધારણ કરીને ભગવાનની સેવામાં રહે છે, અર્થાત્ જીવાત્માને ભગવાનનું સાધર્મ્ય સિદ્ધ થતાં એ ભગવાનના જેવું જ દિવ્ય સાકાર સ્વરૂપ પ્રાપ્ત કરી ભગવાનની મૂર્તિમાં સ્વામી-સેવક ભાવે સંલગ્ન થઈને રહે છે.

મુક્તિની પ્રારંભિક વ્યાખ્યા શિક્ષાપત્રીના શ્લોક ૧૨૧માં શ્રીજીમહારાજે આ પ્રમાણે કરી છે: 'तत्र ब्रह्मात्मना कृष्णसेवा मुक्तिश्च गम्यताम् ।' અર્થાત્ 'તે ધામને વિષે બ્રહ્મરૂપે કરીને પરબ્રહ્મ શ્રીકૃષ્ણ ભગવાનની સેવા કરવી તે અમે મુક્તિ માની છે.' પોતાની આ વ્યાખ્યાને વધુ વિશદપણે ભગવાન શ્રી સ્વામિનારાયણ વચનામૃતમાં અનેક સ્થળે આ પ્રમાણે સ્પષ્ટ કરે છે: "બ્રહ્મ થકી પરબ્રહ્મ જે પુરુષોત્તમનારાયણ તે નોખા છે ને એ બ્રહ્મના પણ કારણ છે ને આધાર છે ને પ્રેરક છે એમ સમજીને પોતાના જીવાત્માને એ બ્રહ્મ સંગાથે એકતા કરીને પરબ્રહ્મની

સ્વામી-સેવક ભાવે ઉપાસના કરવી.' (ગ. મ. ૩) આ પ્રકારની ઉપાસના જ આત્યંતિક મુક્તિનું સાચું સ્વરૂપ છે અને જે આ પ્રકારે પુરુષોત્તમનારાયણની ઉપાસના કરે છે તેને શ્રીજીમહારાજ 'ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો' કહે છે. (વચ. લો. ૧૨) "અષ્ટાવરણે યુક્ત એવાં જે કોટિ કોટિ બ્રહ્માંડ તે જે અક્ષરને વિષે અણુની પેઠે જણાય છે એવું જે પુરુષોત્તમનારાયણનું ધામરૂપ અક્ષર તે રૂપે પોતે રહ્યો થકો પુરુષોત્તમની ઉપાસના કરે તેને ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો કહીએ." આવા ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળા ભક્તને મોક્ષધર્મમાં પરમ એકાંતિક મુક્ત કહેવામાં આવે છે. આવા મુક્ત જ શ્રીજીમહારાજની પરમ અહૈતુકી કૃપાનું ભાજન (=પાત્ર) બને છે.

જીવાત્માની આ મુક્તિરૂપ ઉત્ક્રાંતિને સ્પષ્ટતાથી સમજાવતાં અનાદિમુક્ત અબજીબાપાશ્રી કહે છે: "સાધનકાળમાં બ્રહ્મનું મનન કરતાં કરતાં જીવાત્મામાં બ્રહ્મના દિવ્ય ગુણો આવે છે. પછી ગુણાતીત થઈને એ ભક્ત ભગવાનના સાકાર સ્વરૂપમાં નિષ્કામભાવ પ્રીતિ કરે છે ત્યારે એ બ્રહ્મરૂપ થઈને પુરુષોત્તમનારાયણના તેજરૂપ જે અક્ષરબ્રહ્મ તેના સાધર્મ્યપણાને પામે છે. જીવાત્મા આ સ્થિતિમાં અક્ષરરૂપ થાય છે જેને આત્મસત્તા પણ કહે છે. આ સાધનકાળનું સાધર્મ્યપણું છે. આવી સ્થિતિવાળા ભક્તને

શ્રીજીમહારાજે 'ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો' કહ્યો છે. આવા નિશ્ચયવાળા પરમ એકાંતિક મુક્તો જ પુરુષોત્તમ નારાયણની પરમ કૃપાને પાત્ર ગણાય છે. આવા મુક્તો શ્રીજીમહારાજની કૃપા થતાં ભગવાનના પરમ સાધર્મ્યપણાને પામીને પુરુષોત્તમરૂપ થાય છે. આ સિદ્ધકાળનું સાધર્મ્યપણું છે. આ સ્થિતિમાં મુક્તો પુરુષોત્તમ નારાયણ જેવું જ સાકાર દિવ્ય સ્વરૂપ ધારણ કરીને પુરુષોત્તમ નારાયણના દિવ્ય સાકાર વ્યતિરેક સ્વરૂપમાં રસબસ ભાવે લીન થઇને રહે છે. પરમ સાધર્મ્યપણે રહેલા મુક્તોને અનાદિમુક્ત કે કૈવલ્ય મુક્ત કહે છે.

ઐશ્વર્યની ઇચ્છાવાળા સકામ ભક્ત ઉપર શ્રીજીમહારાજની આવી અહૈતુકી કૃપા ક્યારેય થતી નથી, તેથી તેઓ સાધનના બળે કરીને છેલ્લાં છેલ્લી મૂળ અક્ષરની પદવીને પામે છે. પરંતુ તેઓ શ્રીજીમહારાજનું સાધર્મ્યપણું ક્યારેય પામી શકતા નથી." (રહસ્યાર્થટીકા- ગ. મ. ૬૭/પ્ર. ૪)

અનાદિમુક્તની સ્થિતિ એ દાસભાવની આત્યંતિક સ્થિતિ છે. આ સ્થિતિમાં ભક્ત ભગવાનના પ્રગાઢ સાયુજ્યમાં પણ ભગવાનને અપાર અનુભવે છે. પુરુષોત્તમ નારાયણ જેવું દિવ્ય સાકાર સ્વરૂપ ધારણ કરીને પુરુષોત્તમ નારાયણનાં અંગોઅંગમાં રસબસ ભાવે રહેવા છતાં પણ

ભક્ત અને ભગવાન વચ્ચે ('સેવક-સ્વામી', 'ઉપાસક-ઉપાસ્ય' અને 'દાસ-પરમેશ્વર' સંબંધ નિત્ય નિરંતર રહે છે.) સ્વામી-સેવક ભાવની આ ભેદરેખાને સ્પષ્ટ સમજાવતાં શ્રીજીમહારાજ વચ. ગ. મ. ૬૭માં કહે છે: "ભગવાનનો ભક્ત હોય તેણે જેવા ભગવાનને જાણ્યા હોય જે ભગવાન આટલી સામર્થીએ યુક્ત છે અને આટલી શોભાએ યુક્ત છે અને આવા સુખસ્વરૂપ છે; એવી રીતે એ ભક્તે જેટલો ભગવાનનો મહિમા જાણ્યો છે અને જેવા પ્રતાપે યુક્ત ભગવાનને જાણ્યા છે તે ભક્ત જ્યારે દેહ મૂકીને ભગવાનના ધામમાં જાય છે, ત્યારે રૂપ તથા સામર્થી તે એ ભક્તની પણ તેવી જ થાય છે. તો પણ ભગવાનની સામર્થી અને ભગવાનનું સુંદરપણું ઇત્યાદિક જે પ્રતાપ તે એ ભક્તને ભગવાનને વિષે અતિશય જણાય છે. ત્યારે એ ભક્ત એમ જાણે છે જે, મેં જેટલો પ્રતાપ જાણ્યો હતો ને સુંદરપણું જાણ્યું હતું તેટલું ઐશ્વર્ય ને તેટલું સુંદરપણું તો મને પણ ભગવાને આપ્યું છે, તો પણ ભગવાનનું ઐશ્વર્ય ને ભગવાનનું સુંદરપણું તે તો અતિશય અપાર દેખાય છે. માટે મારા જેવા અનંત ભગવાનના સાધર્મ્યપણાને પામ્યા છે તો પણ ભગવાન જેવો કોઈ થવાને સમર્થ થાતો નથી. શા માટે, જે ભગવાનનો મહિમા, ગુણ, કર્મ, જન્મ ને સામર્થી તથા સુંદરતા, સુખદાયકપણું એ આદિક જે

અનંત કલ્યાણકારી ગુણ તેના પારને શેષ, શારદા, બ્રહ્માદિક દેવતા તથા ચાર વેદ એ પામતાં નથી, અને ભગવાન પોતે પણ પોતાના મહિમાના પારને પામતા નથી. માટે ભગવાન તો સર્વે સામર્થીએ કરીને અપાર છે, અને એ ભગવાનને ભજીને અનંત કોટી વૈષ્ણવ ભગવાન સરખા થયા છે, તોપણ ભગવાનમાંથી કોઈ જાતનો પ્રતાપ અણુ જેટલો પણ ન્યૂન થયો નથી. જેમ મીઠા જળનો સમુદ્ર ભર્યો હોય, તેમાંથી મનુષ્ય, પશુ, પંખી સર્વે જેટલું ભાવે તેટલું જળ પીએ તથા પાત્ર ભરી લે તોપણ ઓછું થતું નથી. શા માટે જે, તે સમુદ્ર તો અગાધ છે, તેમ જ ભગવાનનો મહિમા પણ અતિશય અપાર છે. માટે કોઈ રીતે કરીને વધે ઘટે તેવો નથી. તે સારુ જે જે ભગવાનના ભક્ત બ્રહ્મસ્વરૂપ થયા છે તોપણ ભગવાનના દૃઢ દાસ થઈને ભગવાનનું ભજન કરે છે. એવી રીતે ભગવાનના ભક્ત ભગવાનના સાધર્મ્યપણાને પામે છે તોપણ સ્વામી-સેવકપણું રહે છે."

ભગવાનનું સાધર્મ્ય અથવા તુલ્યપણું એટલે શું? એ પ્રશ્નનો ઉત્તર શ્રીજીમહારાજ વચ. સા. ૧૧માં આ પ્રમાણે આપે છે: 'निरंजनः परमं साम्यमुपैति' એ શ્રુતિનો એ અર્થ છે જે, અંજન જે માયા તે થકી જે રહિત થયો તે ભગવાનના તુલ્યપણાને પામે છે, કહેતાં જેમ ભગવાન શુભ-અશુભ કર્મે કરીને બંધાતા નથી તેમ તે મુક્ત પણ

શુભ-અશુભ કર્મે કરીને બંધાય નહિ અને જેમ લક્ષ્મીજી છે તે હેતે કરીને ક્યારેક તો ભગવાનના સ્વરૂપમાં લીન થઈ જાય છે ને ક્યારેક તો નોખાં રહ્યાં થકાં ભગવાનની સેવામાં રહે છે તેમ તે ભક્ત પણ અતિશય હેતે કરીને ભગવાનને વિષે ક્યારેક તો લીન થઈ જાય છે અને ક્યારેક તો મૂર્તિમાન થકો ભગવાનની સેવામાં રહે છે.... અને જેમ ભગવાન સ્વતંત્ર છે તેમ એ ભગવાનનો ભક્ત પણ સ્વતંત્ર થાય છે. આવી રીતની જે સામર્થી તે તો ભગવાનની કૃપા થકી આવે છે."

આત્મા સ્વરૂપ-સ્વભાવે નિરાકાર સચ્ચિદાનંદરૂપ છે, પરંતુ સદા દિવ્ય સાકાર મૂર્તિ પુરુષોત્તમ નારાયણની ઉપાસના અને કૃપાથી એ પણ દિવ્ય સાકાર સ્વરૂપ થાય છે. જેમ જળ નિરાકાર છે, પરંતુ હિમના સંબંધે કરીને નિરાકાર જળ સાકાર હિમરૂપ બની જાય છે તેમ શ્રીહરિની કૃપાથી આત્મા મુક્તાવસ્થા પ્રાપ્ત થતાં જ સાકાર પુરુષોત્તમરૂપ બને છે. ભગવાનના સાધર્મ્યપણાને પામ્યા પછી પણ મુક્ત ભગવાનના દાસ જ રહે છે અને ભગવન સર્વના સ્વામી! આ અંગે શ્રીજીમહારાજ (છે. ૩૭) વચનામૃતમાં કહે છેઃ "ભગવાન જેવા તો એક ભગવાન જ છે પણ બીજો કોઈ નથી, અને ભગવાનના સાધર્મ્યપણાને પામ્યા એવા જે ભગવાનના ધામમાં ભક્ત

છે તેનો આકાર પણ ભગવાન જેવો જ છે, તોપણ તે પુરુષ છે ને ભગવાન પુરુષોત્તમ છે ને તે સર્વેમાં શ્રેષ્ઠ છે ને એમને ઉપાસ્ય છે ને એ સર્વેના સ્વામી છે ને એ ભગવાનના મહિમાનો કોઈ પાર પામતા નથી."

અનાદિમુક્ત પુરુષોત્તમરૂપ છે પણ સ્વયં પુરુષોત્તમ નથી એ મુદ્દાને વધુ સ્પષ્ટ કરવા માટે શ્રીજીમહારાજ વચનામૃત ગ. પ્ર. ૨૧માં કહે છે: ".....અને એ અક્ષરધામને વિષે અક્ષરના સાધર્મ્યપણાને પામ્યા એવા અનંત કોટી મુક્ત રહ્યા છે તે સર્વે પુરુષોત્તમના દાસ ભાવે વર્તે છે ને પુરુષોત્તમ નારાયણ તે સર્વેના સ્વામી છે ને અનંત કોટી બ્રહ્માંડના રાજાધિરાજ છે." અનાદિમુક્ત અંગેની સમજણને વધુ સ્પષ્ટ કરતાં શ્રીજીમહારાજ વચનામૃત ગ. પ્ર. ૬૩માં કહે છે: "અક્ષરધામને વિષે પોતાના સાધર્મ્યપણાને પામ્યા એવા જે અનંત કોટી મુક્ત તે એ ભગવાનની સેવાને વિષે રહે છે."

અક્ષરધામમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની દિવ્ય તેજોમય વ્યતિરેક મૂર્તિમાં અનાદિમુક્તો જેમ વૃક્ષમાં રસ વ્યાપીને રહે છે તેમ રસબસ ભાવે રહે છે અને ભગવાનની મૂર્તિનું અપાર સુખ નિરંતર અનુભવે છે. સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીએ પોતાના કીર્તનમાં મુક્તની આ સ્થિતિનું વર્ણન ખૂબ જ માર્મિક રીતે આ પ્રમાણે કર્યું છે:

*"રસબસ હોઈ રહી રસિયા સંગ, જ્યું મીસરી પય માંહી ભળી."*

ભગવાન અને મુક્ત વચ્ચેનો આ 'રસબસ ભાવ' એ સુખના આદાનપ્રદાનનો દિવ્ય ભાવ છે. ભગવાનના દિવ્ય સાકાર સ્વરૂપનું સુખ અપાર છે, અનુપમ છે, નિત્ય નવીન છે. મૂર્તિના રોમેરોમમાંથી અક્ષરાતીત આનંદના ઓઘ ઊતરે છે. અનાદિમુક્તો એ અગમ્ય આનંદની રસધારા અવિતરપણે ઝીલતાં મૂર્તિમાં મગ્ન રહે છે. ભગવાનના દિવ્ય સાકાર સ્વરૂપમાં સંલગ્ન થઈને એ સ્વરૂપમાંથી આવિષ્કાર પામતા અગોચર આનંદને અખંડ અનુભવવો એ જ ભગવાનની મોટામાં મોટી સેવા છે, એ જ પ્રેમલક્ષણા ભક્તિની પરાકાષ્ઠા છે અને એ જ આત્યંતિક મુક્તિ છે!

સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી પરમાત્માના પરમ સાધર્મ્યે રહેલા મુક્તોની સ્થિતિ આ પ્રમાણે વર્ણવે છે: "જેમ પૃથ્વી જળમાં રહી છે ને બહાર જણાય છે તોપણ જળમાં જ છે તેમ કૈવલ્યમુક્ત (અનાદિમુક્ત) તો સદાય પરમેશ્વરમાં જ વર્તે છે.... ભગવાનને જેમ પોતાની મૂર્તિનું સુખ પોતાને આવે છે તેવું ભગવાનનું સુખ એ મુક્તને આવે છે." (વાર્તા ૭૩ અને ૭૦)

પરમાત્માના પરમ સાધર્મ્યને પામેલા અનાદિમુક્તોની ગૌરવગાથા ઘણી વાર ભરી સભામાં શ્રીજીમહારાજ પણ

ગાતા. આવા મુક્તો વિષે 'સત્સંગિજીવન' પ્ર. ૨. અ. ૨માં શ્રીજીમહારાજ કહે છે: "મારા પરમ સાધર્મ્યને પામેલા જે મોટા પુરુષો છે એ તો અખંડ પોતાની સ્થિતિમાં રહે છે. ભૂતલમાં એવા મુક્તનો જન્મ સર્વ જીવોના મોક્ષને અર્થે છે. એવા મુક્તો પોતાની ઈચ્છાથી જ આ લોકમાં પ્રગટ થાય છે અને પોતાની ઈચ્છાથી જ સ્વતંત્રપણે આ લોકમાંથી અંતર્ધાન થાય છે.

'હરિવાક્ય સુધાસિંધુ'ના તરંગ ૮૯માં લખ્યું છે: "શ્રીજીમહારાજ જે ભક્ત ઉપર કૃપા કરે છે તે ભક્ત શ્રીજીમહારાજના પરમ સાધર્મ્યપણાને પામે છે. એ સ્થિતિમાં ભગવાન એ મુક્તોના સ્વામી. સુખદાતા અને નિયંતા તો રહે જ છે. પરંતુ એ સિવાય રૂપ. ગુણ. લાવણ્યતા. સ્વતંત્રતા. ઐશ્વર્ય ઈત્યાદિક બાબતમાં એ મુક્તો ભગવાનના તુલ્યપણાને-સાધર્મ્યપણાને પામીને ભગવાન જેવા જ થાય છે." શ્રીજીમહારાજે (ગ. પ્ર. ૪૦) વચનામૃતમાં કેવળ ભગવાનની મૂર્તિમાં નિમગ્ન રહેતા મુક્તને નિર્વિકલ્પ સમાધિવાળો કહ્યો છે.

અનાદિમુક્ત અબજીબાપાશ્રી ઘણી વાર કહેતા: "જેમ શ્રીજીમહારાજ અનાદિ છે ને સ્વતંત્ર છે તેમ જ મુક્ત પણ અનાદિ અને સ્વતંત્ર છે અને જેટલું શ્રીજીમહારાજનું કર્યું થાય છે તેટલું જ તેમના મુક્તનું

કર્યું પણ થાય છે. એવા અનાદિમુક્ત સાથે આત્મબુદ્ધિ ને દૃઢ પ્રીતિ કરે અને મન, કર્મ, વચને બહારથી અને અંદરથી જીવ જોડે તો તેને કાંઈ કરવું બાકી રહે નહિ ને જેવા મુક્ત પોતે શ્રીજીમહારાજના સુખે સુખિયા છે એવો જ સુખિયો તે જીવને પણ કરે છે. (વાર્તા, ૧)

સદ્‌ગુરુ શ્રી બ્રહ્માનંદ સ્વામીએ ભગવાન અને એમના અનાદિમુક્ત વચ્ચેના ઐક્યને એમના એક કીર્તનમાં આ પ્રમાણે અભિવ્યક્ત કર્યું છે:

*"તેજ-અગ્નિ નહિ ભીન તદા,*
*જળ-તરંગ નહિ ભીન તદા,*
*તેમ હરિ-હરિજન એક સદા."*

પરમાત્માના પરમ સાધર્મ્યે રહેલા આવા અનાદિમુક્તોની પ્રત્યેક ચેષ્ટા દ્વારા સર્વદા સર્વથા પરમાત્મા જ પૂર્ણપણે અભિવ્યક્તિ પામે છે, કારણ કે આવા મુક્તોમાં શ્રીજીમહારાજ સાક્ષાત્ રહ્યા છે. ભગવાનનો યથાર્થ મહિંમા સ્વયં ભગવાન અથવા ભગવાનના મુક્તો દ્વારા જ જાણી શકાય છે. હીરાથી જ હીરો વીંધાય છે એ દૃષ્ટાંત દ્વારા શ્રીજીમહારાજ વચનામૃત ગ. પ્ર. ૫૧માં આત્યંતિક કલ્યાણના ગહન રહસ્યને બહુ જ સહજતાથી આ પ્રમાણે સમજાવે છે: "....એવા જે એ ભગવાન તે જ કૃપા કરીને જીવના કલ્યાણને અર્થે પૃથ્વીમાં સર્વે

મનુષ્યને પ્રત્યક્ષ દર્શન આપે છે, ત્યારે જે જીવ સંતનો સમાગમ કરીને આ પુરુષોત્તમ ભગવાનનો આવો મહિમા સમજે છે ત્યારે એની ઇંદ્રિયો-અંતઃકરણ સર્વે પુરુષોત્તમરૂપ થઈ જાય છે, ત્યારે તેમણે કરીને આ ભગવાનનો નિશ્ચય થાય છે. જેમ હીરે કરીને જ હીરો વેંધાય છે પણ બીજા વતે નથી વેંધાતો તેમ ભગવાનનો નિશ્ચય તે ભગવાન વતે જ થાય છે ને ભગવાનનું દર્શન પણ ભગવાન વતે જ થાય છે." આ જ વાતને શ્રીજીમહારાજ (કા. ૧) વચનામૃતમાં ઇયળ-ભમરીના દૃષ્ટાંતે સમજાવતાં કહે છે: "ભગવાનના ભક્ત હોય તેનાં જે દેહ, ઇંદ્રિયો, અંતઃકરણ ને પ્રાણ તે સર્વે ભગવાનને જ્ઞાને કરીને ભગવાનને આકારે થઈ જાય છે ને દિવ્ય થઈ જાય છે, કાં જે ભગવાન પોતે દિવ્યમૂર્તિ છે તેનાં ઇંદ્રિયો, અંતઃકરણ દેહ તેને આકારે એ ભક્તનાં દેહ, ઇંદ્રિયો, અંતઃકરણ થાય છે, માટે દિવ્ય થઈ જાય છે. ત્યાં દૃષ્ટાંત છે: જેમ ભમરી ઇયળને ઝાલી લાવે છે ને તેને ચટકો લઈને ઉપર ગુંજારવ કરે છે તેણે કરીને ઇયળ તેને તે દેહે કરીને તદાકાર થઈ જાય છે, પણ કોઈ અંગ ઇયળનું રહેતું નથી, ભમરી જેવી જ ભમરી થઈ જાય છે. તેમ ભગવાનનો ભક્ત પણ એને એ દેહે કરીને ભગવાનને આકારે થઈ જાય છે."

જેમ શ્રીફળને સમુદ્રમાં પધરાવવું હોય અને સમુદ્ર દૂર હોય ત્યારે એ સમુદ્રને મળતી કોઈ નદીમાં એ

શ્રીફળ પધરાવતાં તે સમુદ્રમાં જ પહોંચે છે તેમ શ્રીજીમહારાજની મૂર્તિમાં સંલગ્ન રહેલા મુક્ત સાથે આત્મબુદ્ધિ કરીને શ્રીજીમહારાજની મૂર્તિને વિષે એકતા કરે તો તે મુક્ત દ્વારે પણ શ્રીજીમહારાજની મૂર્તિમાં એકતા થાય છે. આ અંગે અનાદિ મુક્તરાજ શ્રીઅબજીબાપાશ્રી કહે છે: "શ્રીજી થકી અથવા એમના મુક્ત થકી શ્રીજીમહારાજનો યથાર્થ મહિમા સમજીને શ્રીજીમહારાજની મૂર્તિમાં સંલગ્ન થઈને શ્રીજીમહારાજના મુખમાં મુખ, હસ્તમાં હસ્ત, ચરણમાં ચરણ, નેત્રમાં નેત્ર, મસ્તકે મસ્તક એવી રીતે એકતા કરીને શ્રીજીમહારાજને નેત્રે કરીને શ્રીજીમહારાજને જુએ તે ભગવાન વતે જ ભગવાનનું દર્શન કહેવાય ને ભગવાન વતે જ ભગવાનનો નિશ્ચય કહેવાય. આ ધ્યાનની લટક શ્રીજીમહારાજ કાં એમના અનાદિમુક્ત થકી જ પમાય છે." (રહસ્યાર્થપ્રદીપિકા ગ. પ્ર. ૫૧/ પ્રશ્ન ૪)

અનાદિમુક્તમાં આત્મબુદ્ધિ કેવી રીતે કરવી તેની સુંદર વિક્તિ શ્રીજીમહારાજે (જે. ૧) વચનામૃતમાં આપી છે: ".....પ્રગટ ભગવાન જેને મળ્યા હોય એવા જે સંત તેને વિષે આત્મનિષ્ઠા રાખવી ને તે જ પોતાનું સ્વરૂપ માનવું, ત્યારે કોઈક આશંકા કરે જે ત્યારે સ્વામીસેવકપણું કેમ રહે? ત્યાં દૃષ્ટાંત છે જે ગાલવ રાજા હતો તેને યજ્ઞ કરવો હતો ત્યારે તેને શ્યામકરણ ઘોડા લાવવા હતા તે

શ્યામકરણ ઘોડા તો વરુણને ઘેર હતા, ત્યાં તો પોતાથી જવાય નહિ ત્યારે ગાલવ રાજાએ ગરુડજીને તેડાવ્યા, ત્યારે ગરુડજી આવ્યા; પછી તે ગરુડ ઉપર બેસીને ઘોડા ત્યાંથી લઈને આવ્યા ત્યારે શું ગરુડજીને વિષેથી ગાલવ રાજાને દાસપણું મટી ગયું? એ તો ન મટ્યું. તેમ બ્રહ્મવેત્તાને વિષે આપોપું માનવું, તે શા સારુ જે એને આવરણ ભેદ્યાની ગતિ છે. તે સારુ એને વિષે આત્મબુદ્ધિ રાખવી."

શ્રીજીમહારાજના મુક્તને વિષે પોતાના આત્માની એકતા કરી તે મુક્ત તે હું છું એમ પોતાને મુક્તરૂપ માનવું અને જેમ મુક્ત મૂર્તિમાં જોડાયા છે તેમ શ્રીજીમહારાજની મૂર્તિમાં જોડાવું એ જ આત્યંતિક કલ્યાણની ચાવી છે, કારણ કે અનાદિમુક્તમાં આત્મબુદ્ધિ થતાં મુમુક્ષુ સહજ સ્વભાવે પરમાત્માના પરમ સાધર્મ્યપણાને પામે છે! આત્યંતિક મુક્તિનું આથી સરળ અને સહજ સાધન બીજુ કયું હોઈ શકે?

## સંદર્ભ-ગ્રંથસૂચિ

(૧) અ.મુ. સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો
પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન, અમદાવાદ

(૨) અક્ષરાનંદ સ્વામીની વાતો
પ્રકાશક : બ્ર. કૃષ્ણાનંદજી, ગઢપુર

(૩) ઇડર રાજ્યનો ઈતિહાસ
લેખકઃ શ્રી જોગીદાસ જોષી

(૪) ઉપનિષદ ભાષ્યમ્
લે. : સ.ગુ. ગોપાળાનંદ સ્વામી

(૫) નંદમાલા
લે. : સ.ગુ. મંજુકેશાનંદ સ્વામી

(૬) ભક્ત ચિંતામણિ
લે. : સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી

(૬) વચનામૃતમ્
પ્ર. : શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન, અમદાવાદ

(૭) વડોદરાનું સત્સંગ દર્શન
લે. શ્રી રમેશચંદ્ર પંડ્યા

(૮) યોગેશ્વર ગોપાળાનંદ સ્વામી
લે. : ડૉ. ગોવિંદલાલ પટેલ

(૯) સદ્‌ગુરુ યોગેશ્વર શ્રી ગોપાળાનંદ સ્વામી
લે. : શ્રી ચુનીલાલ તુલસીદાસ જર્મન સીલ્વર મર્ચન્ટ, મુંબઈ

(૧૦) સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસ સ્વામીની વાતો
પ્ર. : પૂજારી સ્વામી કૃષ્ણવલ્લભદાસજી, અમદાવાદ

(૧૧) સ્વામીની વાતો
પ્ર. : શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ, રાજકોટ

(૧૨) સદ્‌ગુરુચરિત્ર
લે. : શ્રી ત્રિભુવન વ્યાસ,
પ્ર. : શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ, રાજકોટ

(૧૩) સત્સંગી જીવન (ભાગ ૧ થી ૫)
લે.: શતાનંદ સ્વામી,
પ્ર.: શ્રી સ્વામિનારાયણ મંદિર, વડતાલ

(૧૪) શ્રીમદ્‌ ભગવદ્‌ગીતા
પ્ર.: સસ્તુ પુસ્તક ભંડાર, અમદાવાદ

(૧૫) શ્રી સ્વામિનારાયણ ચરિત્ર ચિંતામણિ
લે. શ્રી મૂળજીભાઈ રામનાથ વૈદ્ય

(૧૬) શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનો સચિત્ર ઈતિહાસ
લે.: સ્વામી સ્વયંપ્રકાશદાસ, અમદાવાદ

(૧૭) શ્રીહરિ ચરિત્ર ચિંતામણિ
લે : સ્વામી રૂગનાથચરણદાસજી, જૂનાગઢ

(૧૮) શ્રી હરિચરિત્રામૃતમ્
લેઃ સ.ગુ. સ્વામી કૃષ્ણાનંદજી

(૧૯) ભક્ત ચિંતામણિ
લેઃ સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી

(૨૦) બાપાશ્રીની વાતો

(૨૧) અબજીબાપાનું જીવનચરિત્ર (ભાગ-૧)
લે. અ.મુ. સોમચંદભાઈ

# શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન શાને માટે?

શ્રી સ્વામિનારાયણ ભગવાનના સર્વજીવહિતાવહ સંદેશ અનુસાર માનવજાતના શ્રેય અને પ્રેય માટે–

(ક) સેવા-સદાવ્રતના આદર્શો અનુસાર ભેદભાવ વિના આર્થિક મૂંઝવણ અનુભવતાં ભાઈબહેનોને જરૂરી રાહત પહોંચાડવી;

(ખ) આરોગ્યપ્રસારની માર્ગદર્શક વ્યવસ્થા અને રોગોપચારનાં સારવાર કેન્દ્રો-ઔષધાલયો સ્થાપવાં-ચલાવવાં, અગર એવું કાર્ય કરતી સંસ્થાઓને સહાયરૂપ થવું;

(ગ) આત્મિક શાંતિ અને માનવતાની ભીનાશ રેલાવતાં મંદિરો, સત્પુરુષોનાં સ્મારકકેન્દ્રો, વગેરેનાં નિર્માણ-નિભાવ-વિકાસ કરવાં;

(ઘ) જીવનઘડતરમાં ઉપયોગી સાહિત્ય અને કલાના વિકાસકાર્યને ઉત્તેજન આપવું;

(ચ) સમ્યક્ અભ્યાસ માટે પુસ્તકાલય, સંગ્રહાલય, સંશોધનકેન્દ્ર સ્થાપવાં-ચલાવવાં અગર એવા

એકમોને મદદરૂપ થવું;

(છ) સર્વસમન્વય સધાય એવાં સાંસ્કારિક અને તત્ત્વજ્ઞાનવિષયક પ્રકાશનો પ્રસિદ્ધ કરવાં અને તે વડે જનસમુદાયનો ઊર્ધ્વગામી વિકાસ સાધવામાં મદદરૂપ થવું;

અને એ રીતે :

(૧) સમાજજીવનની આધારશિલાસમાં સદાચાર અને નીતિનાં ધોરણો બળવત્તર થાય એવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું;

(૨) સમાજમાં સંપ, એકતા અને પરસ્પર સુહૃદ્ભાવ વૃદ્ધિ પામે, વિશ્વબંધુત્વની ભાવના વિકસે અને વિસંવાદિતા દૂર થાય એવા કાર્યક્રમો આપવા;

(૩) વિશ્વના ધર્મો અને પક્ષો વચ્ચે સંવાદિતા જળવાઈ રહે એ માટે સર્વધર્મીય પરિષદોનું આયોજન કરતા રહી આધ્યાત્મિક અને સામાજિક ઉત્કર્ષને વેગ આપવો.

આવા સુઆયોજિત કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ દ્વારા પરિપૂર્ણ ભગવત્સ્વરૂપની પ્રાપ્તિ તરફ માનવસમુદાય સર્વાંગી વિકાસ પામી ગતિમાન થાય એવો મિશનનો શુભ આશય છે.